Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



કોરોનાની બીજી લહેર પૂરી, 38 જિલ્લામાં 100 કેસ

PAGE NO. 16

FRIDAY, 10 SEPTEMBER, 2021 Vol. 18, No. 37 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

## ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બ્રિક્સ દેશોનું 13મુ શિખર સંમેલન

# આતંકવાદ સામે એક થવા મોદીનું આહવાન

## આતંકવાદ વિરોધી યોજનાને સ્વીકારવા ઠરાવ પસાર : અફઘાનની સ્થિતિ માટે પુતીને ચિંતા વ્યક્ત કરી

**નવી દિલ્હી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરૂવારે બ્રિક્સના ૧૩માં શિખર સંમેલનની અધ્યક્ષતા કરતા કહ્યુ કે છેલ્લા દોઢ દાયકામાં બ્રિક્સે અનેક સિદ્ધિઓ હાસિલ કરી છે. આજે આપણે વિશ્વની ઉભરતી અર્થવ્યવસ્થાઓ માટે એક પ્રભાવકારી અવાજ છીએ. વિકાસશીલ દેશોની પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે આ મંચ ઉપયોગી રહ્યું છે. આ સાથે જ મોદીએ સંશાધનોના સહિયારા ઉપયોગ સાથે આતંકવાદ સામે બ્રિક્સ દેશોને લડવા આહવાન કર્યું હતું. જે બાદ બેઠકમાં આતંક વિરોધી યોજનાનો સ્વીકાર કરવા સ્વાનુમતે ઠરાવ થયો હતો.

બેઠક દરમિયાન મોદીએ કહ્યુ કે, આપણે તે નક્કી કરવાનું છે કે બ્રિક્સ આગામી ૧૫ વર્ષોમાં વધુ પરિણામદાયી થાય. ભારતે પોતાની અધ્યક્ષતા માટે જે થીમ પસંદ કરી છે, તે આ પ્રાથમિકતા દર્શાવે છે- બ્રિક્સ એટ ૧૫- ઈન્ટ્રા-બ્રિક્સ કોર્પોરેશન ફોર કન્ટીન્યૂટી, કોન્સોલિડેશન એન્ડ કોન્સેનસસ.




તેમણે કહ્યું કે, હાલમાં પહેલા ‘બ્રિક્સ ડિજિટલ હેલ્થ સંમેલન’નું આયોજન થયું હતું. ટેક્નોલોજીની મદદથી સ્વાસ્થ્ય સેવાઓ સુધી પહોંચવા માટે આ એક ઈનોવેટિવ પગલું છે. નવેમ્બરમાં આપણા જળ સંસાધન મંત્રી બ્રિક્સ ફોર્મેટમાં પ્રથમવાર મળશે.

આ બીજીવાર છે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રિક્સ શિખર સંમેલનની અધ્યક્ષતા કરી રહ્યા છે. આ પહેલા તેમણે ૨૦૧૬માં ગોવામાં શિખર સંમેલનની અધ્યક્ષતા કરી હતી. જ્યારે આ ત્રીજીવાર છે કે ભારત ૨૦૧૨ અને ૨૦૧૬ બાદ બ્રિક્સ શિખર સંમેલનની યજમાની કરી રહ્યું છે.

બ્રિક્સે છેલ્લા બે દાયકામાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. આજે આપણે વિશ્વના ઉભરતા અર્થતંત્રો માટે પ્રભાવશાળી અવાજ છીએ. ફોરમ વિકાસશીલ દેશોની પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે પણ ઉપયોગી રહ્યું છે. આપણે સુનિશ્ચિત કરવું પડશે કે આગામી ૧૫ વર્ષમાં બ્રિક્સ વધુ ઉત્પાદક બને. ભારતે પોતાની અધ્યક્ષતા માટે જે થીમ પસંદ કરી છે તે આ પ્રાથમિકતાને પ્રતિબિંબિત કરે છે.

## કાર કંપની ફોર્ડ સાણંદ-ચેન્નાઈ પ્લાન્ટ બંધ કરશે, 4000 નોકરી જોખમમાં

### સ્ટોક પૂરો થયા બાદ ગાડીઓનું વેચાણ પણ બંધ કરાશે

**નવી દિલ્હી/ચેન્નાઇ**

ફોર્ડ ઈન્ડિયાએ ભારતમાં પોતાનું મેન્યુફેક્ચરિંગ બંધ કરવાની આજે જાહેરાત કરતાં જ ઓટોમોબાઈલ ઉદ્યોગમાં ખળભળાટ મચી રહ્યો છે. ફોર્ડનું એક પ્રોડક્શન યુનિટ સાણંદમાં પણ આવેલું છે, જેને કંપનીએ તાળાં મારવાની તૈયારી કરી લીધી છે. કંપની દ્વારા જણાવાયું છે કે, સાણંદ પ્લાન્ટને ૨૦૨૧ના ચોથા ક્વાર્ટર સુધીમાં બંધ કરી દેવાશે, જ્યારે ચેન્નૈ પ્લાન્ટને ૨૦૨૨ ક્વાર્ટરના બીજા ક્વાર્ટર સુધીમાં બંધ કરી દેવાશે. સાણંદમાં ફોર્ડનો પ્લાન્ટ માર્ચ ૨૦૧૫માં શરુ થયો હતો. તે વખતે રાજ્યના સીએમ આનંદીબેન પટેલ પણ તેના ઉદ્ઘાટનમાં મોજૂદ રહ્યાં હતાં.

કંપનીના જણાવ્યા અનુસાર, તેણે આ બંને પ્લાન્ટમાં ગાડીઓનું ઉત્પાદન પણ અટકાવી દીધું છે. છેલ્લા ૧૦ વર્ષમાં ફોર્ડે ૨ અબજ ડોલરની ખોટ કરી છે, જ્યારે ૨૦૧૯માં તેણે ૦.૮ અબજ ડોલરની મિલકતોની માંડવાળ કરી હતી. ફોર્ડ પોતાની પોપ્યુલર કાર્સની આયાત કરીને તેનું વેચાણ ચાલુ રાખશે. ફોર્ડ હાલ ભારતમાં ફિગો, એસ્પાયર, ફ્રીસ્ટાઈલ, ઈકોસ્પોર્ટ અને એન્ડેવર જેવી કાર્સ વેચે છે. હાલ તેનો જેટલો પણ સ્ટોક છે તેનું વેચાણ પૂરું થયા બાદ તેનું વેચાણ અટકાવી દેવાશે. ફોર્ડ ઈન્ડિયાના એમડી અને પ્રેસિડેન્ટ અનુરાગ મલ્હોત્રાના જણાવ્યા અનુસાર, કંપની પોતાના હાલના કસ્ટમર્સની સંભાળ લેવાનું ચાલુ રાખશે. આ સિવાય ફોર્ડ ડીલર્સ સાથે પણ સંપર્કમાં છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા અમેરિકન કંપની જનરલ મોટર્સે પણ ભારતમાંથી પોતાના ઉચાળા ભર્યા હતા.

## અફઘાનિસ્તાન તેના પડોશી દેશો માટે ચિંતાનું કારણ ન બને: પુતીન

સંમેલનમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિને અફઘાનિસ્તાનનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યુ હતું કે અમેરિકા અને તેના સહયોગી દેશોએ અચાનક અફઘાનિસ્તાન છોડી દીધું તેના કારણે જ હાલ ઘણી મોટી સમસ્યા ઉભી થઇ છે. પુતિને કહ્યું હતું કે હાલ સમગ્ર વિશ્વ સમક્ષ સુરક્ષાનો એક મોટો પડકાર ઉભો થયો છે. તેથી ત્રાસવાદ અને નશીલા પદાર્થોની હેરાફેરી ઉપર અંકુશ મેળવવો ખુબ જ જરૂરી છે. અફઘાનિસ્તાને તેના પાડોશી રાષ્ટ્રો માટે ત્રાસવાદનો અડ્ડો અને માદક દ્રવ્યોનું કેન્દ્ર બનવું જોઇએ નહીં.

## વાહનોના વેચાણમાં ભારતીય માર્કેટ મહત્ત્વનું

ભારત ગાડીઓનાં સૌથી મોટા બજારમાંનું એક ગણાય છે, પરંતુ દેશના માર્કેટ પર મારુતિ, હ્યુન્ડાઇ, ટાટા જેવી કંપનીઓનો ભારે દબદબો છે. તેમાંય અડધાથી વધુ માર્કેટ તો માત્ર મારુતિ પાસે જ છે. જેની સસ્તી અને ભારતીયોને પરવડે તેવી કાર બનાવવાની મહારથને આજ સુધી બીજી કોઇ કંપની પહોંચી નથી શકી.

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

ABOWATH REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203 Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# સંપૂર્ણ વેકસિનેટેડ પ્રવાસીઓને જ કેનેડામાં પ્રવેશ મળશે

## પ્રવાસીઓએ એરાઈવ કેન મોબાઈલ એપ કે વેબ એપ ઉપર પોતાની તમામ માહિતી આપવી પડશે

**ઓન્ટેરિયો**

કેનેડાએ સાતમી સપ્ટેમ્બરથી પોતાની સરહદો તમામ એવા વિદેશી પ્રવાસીઓ માટે ખુલ્લી મુકી છે, જેમણે કોવિડ-૧૯ની કેનેડામાં માન્ય હોય તેવી વેકસીનના બંને ડોઝ લીધા હોય. એટલે કે પ્રવાસીએ ફાઈઝર, મોર્ડેના કે એસ્ટ્રાઝેન્કાના બંને ડોઝ લીધા હોય કે પછી જેસન વેકસિનનો એક ડોઝ લીધો હોય તેમને જ પ્રવેશ મળી શકશે. આ પ્રવાસીઓએ કેનેડા પ્રવાસના ૧૪ દિવસ પહેલા વેકસિનના ડોઝ લીધા હોવા જોઈએ. કેનેડાએ પહેલા વેકસિનેટેડ અમેરિકન નાગરિકો માટે નવમી ઓગસ્ટથી પ્રવેશ આપવાનું શરૂ કર્યું હતું. ત્યાંથી પૂર્ણ રીતે વેકસિનેટેડ વિદેશી પ્રવાસીઓને પ્રવેશ આપવાની દિશામાં કામ શરૂ થયું હતું. કેનેડા આવનારા પ્રવાસીઓએ એરાઈવ કેન મોબાઈલ એપ કે વેબ એપ રાખવું પડશે. જયાં તેમણે પોતાની અંગત જાણકારીઓ અને પ્રવાસની જાણકારી આપવાની રહેશે. તેમણે આગમન પહેલા કોવિડ-૧૯ મોલેકયુલર ટેસ્ટના રિપોર્ટ પણ રાખવો પડશે. વેકસિનેટેડ પ્રવાસીઓ માટે પણ એ ફરજિયાત છે. તેમણે વેકસિન સર્ટીફિકેટ પણ રજુ કરવું જોઈએ. આવા પ્રવાસીઓને કેનેડામાં કવોરન્ટાઈનમાંથી મુકિત આપવામાં આવશે. આમ છતાં તેમણે કવોરન્ટાઈન માટેની તૈયારી રાખવી પડશે. કેમ કે, જો સરહદના અધિકારીઓને પ્રવાસીઓના પુરાવાઓથી સંતોષ નહીં થાય તો કવોરન્ટાઈન પાળવું પડશે. ૧૨ વર્ષથી ઓછી વયના પ્રવાસીઓને પણ કેનેડામાં પ્રવેશ મળશે, જો તેમણે વેકસિન નહીં લીધી હોય, પરંતુ એમના માતા-પિતાએ વેકસિનના બંને ડોઝ લીધા હશે, તેમને પણ કવોરન્ટાઈનથી મુકિત અપાશે. વેકસિનેટેડ ન હોય એવા વિદેશી પ્રવાસીઓને કેનેડામાં પ્રવેશ નહીં મળે. માત્ર ટેમ્પરરી વર્કર્સ, ઈન્ટરનેશનલ સ્ટુડન્ટસ, રાજદ્વારીઓ અને આવશ્યક કામ માટે પ્રવાસ કરનારાઓને પ્રવેશ મળી શકશે. જો કે, તેમણે કેનેડા આવ્યા પછી ૧૪ દિવસનો કવોરન્ટાઈન પાળવો પડશે. આંતરરાષ્ટ્રીય ફલાઈટસ માટે કેનેડાના નવ એરપોર્ટ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ટોરોન્ટો પીયરસન, મોન્ટ્રીયલ ટ્રુડો ઈન્ટરનેશનલ, વાન્કુંવર, કાલગેરી, હેલીફેકસ સ્ટાનફિલ્ડ, કયુબેક સિટી જેન લેસાજે, ઓટાવા મેકડોનાલ્ડ -કાર્ટીયર, વિનિપેગ જેમ્સ આર્મસ્ટ્રોંગ રીચાર્ડસન અને એડમન્ટન ઈન્ટરનેશનલ એરપોર્ટનો સમાવેશ થાય છે. સપ્ટેમ્બરની ૨૧મી સુધી ભારતથી આવનારી ફલાઈટસ પરનો પ્રતિબંધ યથાવત રહેશે. એ રીતે જ મોરોક્કોથી આવનારી ફલાઈટસ પર પણ ૨૯મી સપ્ટેમ્બર સુધી પ્રતિબંધ રહેશે.

# વેક્સીનેશન મુદ્દે નિવેદન બાદ પીએમ ટ્રુડો ઉપર વિરોધીઓએ પત્થર ફેકયાં

## ચૂંટણીમાં પાર્ટી વિજયી થશે તો કામદારો તથા વેપારીઓને રાહત ચાલુ રાખવાનું વચન

**વેલાન્ડ, ઓન્ટેરિયો**

સોમવારે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો જયારે વેલાન્ડ ખાતેના સ્ટીલ પ્લાન્ટની મુલાકાતે ગયા હતા, ત્યારે તેમણે આ વાત ફરી દોહરાવતા વિરોધીઓએ તેમની ઉપર પત્થરો ફેંકયા હતા. તેમણે પોતાના વકતવ્યમાં એમ પણ કહ્યું હતું કે, જો ચૂટણીમાં તેમનો પક્ષ જીતશે તો કામદારો અને વ્યાપારીઓને મહામારી અંગેની રાહતો મળતી રહેશે.

આ દરમિયાન કેટલાક લિબરલ પાર્ટી વિરોધીઓએ તેમનો ગુસ્સો વ્યક્ત કરવા ઘોંઘાટ મચાવ્યો હતો અને કેટલાક તોફાની તત્વોએ તકનો લાભ લઈને વડાપ્રધાન ઉપર પત્થરો ફેંકયા હતા.


આ જુથે ટ્રુડોની બીજી ચૂંટણીસભામાં પણ ધાંધલ મચાવી હતી. જો કે, આમ છતાં પીએમ ટ્રુડો જરાય ગુસ્સે થયા ન હતા. તેમણે ઉપસ્થિત મેદની સમક્ષ જઈને લોકો સાથે હાથ હલાવીને અભિવાદન કર્યું હતું અને કહ્યું હતું કે, તેઓ વિરોધીઓ સામે ઝુકશે નહીં. મહામારી સામેની તેમની નીતિઓ ઉપર વિરોધીઓનું દબાણ નહીં ચાલે. તેમણે કહ્યું હતું કે, દેશમાં ઘણા ઓછા લોકોને સરકાર પર વિશ્વાસ નથી. પરંતુ મોટાભાગના કેનેડીયનો મહામારી સામેની લડાઈમાં સરકારની સાથે છે.

વેકસીનનો વિરોધ કરનારાઓને તો અમે વિરોધી પણ માનવા તૈયાર નથી. કેમ કે, મહામારીના નિષ્ણાંતો પણ મહામારી સામેની લડાઈમાં વેકસીનેશનને જ મહત્વની બાબત ગણાવી રહ્યા છે.

ટ્રુડો જયારે વેકસીન નહીં લેનારાઓની ટીકા કરે છે ત્યારે લોકો એમનો ગુસ્સો ઠાલવે છે. લોકો હવે વડાપ્રધાન પર પત્થરો ફેંકતા પણ ડરતા નથી.

# ઉત્તર પશ્ચિમ ટોરોન્ટોમાં ગોળીબાર થતાં ઘવાયેલા એકનું સ્થળ પર મોત

**ટોરોન્ટો**




મંગળવારની રાત્રે ઉત્તર પશ્ચિમ ટોરોન્ટોમાં થયેલા ગોળીબારમાં એક વ્યકિતનું મૃત્યુ નિપજયું હતું. આ ઘટના ડ્રિફટવુડ એવેન્યુ અને ગ્રાન્ડ્રાવિને ડ્રાઈવમાં જેન સ્ટ્રીટ અને ફિન્ચ એવેન્યુ નજીક બની હતી, જયાં ઘટના બાદ તરત જ રાત્રે ૯.૦૦ વાગ્યે પોલીસ પહોંચી હતી. પોલીસના જણાવ્યા મુજબ ગોળીબારનો અવાજ સંભળાયો હતો. અધિકારીઓ પહોંચ્યા ત્યારે એક વ્યકિત ઘવાયેલી હાલતમાં મળ્યો હતો અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હતો. મૃતકની લાશનો કબજો લઈને તેને પીએમ માટે મોકલી અપાઈ હતી. આ ઘટનાની વધુ તપાસ પોલીસના હોમિસાઈડ યુનિટને સોંપવામાં આવી હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.



Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
- Residential
- New Construction
- Investment
- Commercial

MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
#1 RE/MAX
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract.

HOUSE UPPER FLOOR FOR RENT



Main Floor 3-bedroom house, living room, open concept kitchen with island, Appliances include Fridge, Stove/ Oven, dishwasher and private Washer/ Dryer, one car parking,
conveniently located on Markham Road, walking distance to Cedarbrae Mall, bus stops, supermarket/ pharmacy/ banks and more. Available for rent from September 1, 2021.
Contact: 416-996-7755

# કેનેડિયનોના માથે સૌથી વધુ ૨.૧૫ ટ્રીલિયન ડોલરનું દેવું

## આખા દેશમાં મકાનોના રિસેલ માર્કેટમાં ઉછાળો, બીજા ત્રિમાસિક ગાળામાં અંદાજે ૪૧૦૦૦૦ કેનેડિયનોએ હોમ લોન લીધી

### ટોરોન્ટો પંથકમાં મકાનોની માંગ સામે પુરવઠામાં ઘટને કારણે ભાવ વધવા માંડ્યા

ટોરોન્ટો : ટોરોન્ટો રીજિયોનલ રીયલ એસ્ટેટ બોર્ડના જણાવ્યા મુજબ ઓગસ્ટ માસમાં મકાનોના વેચાણમાં ઘટાડો જોવા મળ્યો હતો. જે આ વર્ષના આરંભે તેજી દર્શાવતો હતો. માંગ સામે પુરવઠામાં ૪૩ ટકાનો ઘટાડો હોવાથી બજારમાં તંગી વર્તાઈ રહી છે. ઓન્ટેરિયોના બોર્ડે પણ શુક્રવારે જણાવ્યું હતું કે, ઓગસ્ટમાં ૮૫૯૬ મકાનોનું વેચાણ થયું હતું. જે ગયા વર્ષના આ સમયગાળામાં થયેલા ૧૦૭૩૮ના વેચાણની સરખામણીમાં ૧૯.૯ ટકા ઓછું છે. જે ગયા વર્ષે જુલાઈના ૯૩૬૮ની સરખામણીમાં ૮ ટકા ઓછા હતા. નવા લિસ્ટીંગનો આંક ૧૦૬૦૯ છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૪૩ ટકા ઓછો હતો. જે ગયા ઓગસ્ટમાં ૧૮૫૯૯ હતો અને જુલાઈમાં ૧૨૫૫૧થી ૧૫ ટકા ઓછો હતો. ટોરોન્ટોના રી-મેક્સ હોલમ રીચાર્ડસ ગૃપના રીયલ્ટી એજન્ટ જેની સાઈમને કહ્યું હતું કે, મોટાભાગના ખરીદનારાઓ અને વેચનારાઓ આરામ કરવાના મુડમાં હતા અને ઓગસ્ટમાં તેજી આવે પછી જ બજારમાં પાછા ફરવાની તૈયારી રાખતા હતા. માંગની સામે પુરવઠો ઓછો હોવાનું એક કારણ વેચાણમાં ગયા વર્ષે આવેલો ઘટાડો પણ હતું. આ કારણોસર નવા વર્ષે મકાનોની માંગ ઘણી વધવાની છે. વ્યાજદરમાં ઘટાડાને કારણે પણ ખરીદનારાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સાઈમને એમ પણ કહ્યું હતું કે તમામ પ્રકારના મકાનોની માંગ વધી રહી છે. એમના ભાવો પણ વધી રહ્યા છે.

ઓન્ટેરિયો : ઈકિવફેકસ તરફથી પ્રાપ્ત થતાં આ અઠવાડિયાના આંકડાઓ મુજબ હાઉસિંગ માર્કેટમાં સરેરાશ કેનેડિયનના માથે વધુ ગીરો દેવું હોવાનું બહાર આવ્યું છે. વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં અંદાજે ૪૧૦૦૦૦ કેનેડિયનોએ હોમ લોન લીધી હતી. જે અગાઉના વર્ષના આ સમયગાળાની સરખામણીમાં ૬૦ ટકા વધુ છે. કોવિડ-૧૯ની મહામારી હોવા છતાં કેનેડાના હાઉસિંગ માર્કેટમાં તેજી જોવા મળી હતી. જો કે, એનું એક કારણ ઓછા વ્યાજદરો પણ છે. જે સરકારે હાઉસિંગ માર્કેટના પ્રોત્સાહન અને પોતાનું ઘર લેનારને રાહત માટે જાહેર કર્યા હતા. જેને કારણે ઘર ખરીદનારા કેનેડીયનો વધુ મોકળાશવાળા ઘર ખરીદી શકયા હતા.

કેનેડામાં સરેરાશ રીસેલ હોમની કિંમતમાં પણ માર્ચ માસ દરમિયાન ઉછાળો જોવા મળ્યો હતો. જે ૭૧૬૦૦૦ યુએસ ડોલર જેટલો હતો. જો કે, ત્યારબાદ કિંમતોમાં થોડો ઘટાડો પણ જોવા મળ્યો હતો. આમ છતાં એ વધારો મહામારી પહેલા કરતા વધુ હતો. ભાવવધારા છતાં ઘણા મકાન લેનારાઓ વિશાળ બેડરૂમમાં સુવાનો લાભ લઈ રહ્યા હતા. જે સરવાળે તો દેવામાં વધારો કરનારૂં જ હતું. ઈકિવફેકસના જણાવ્યા મુજબ નવી હોમલોનની સરેરાશ ૩૫૫,૦૦૦ યુએસ ડોલર જેટલી રહી હતી. જે વિક્રમ જનક સપાટીની ગણાય છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૨૦ ટકા વધુ હતી. આમ કેનેડિયનોએ ૨.૧૫ ટ્રીલિયન યુએસ ડોલરનું દેવું કર્યું છે. જે કેનેડાના અર્થતંત્ર કરતા પણ વધુ છે. ઈકિવફેકસના રેબેકા ઓકેસે મીડિયાને જણાવ્યું હતું કે, નવી હોમલોનમાં મુશ્કેલી ત્યારે સર્જાશે જયારે વ્યાજના દર વધશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, વ્યાજદરોમાં થોડો પણ વધારો થશે તો લોકોની ચુકવવાની ક્ષમતા પર અસર પડશે. જે ખરેખર ચિંતાનો વિષય છે. ઘણા લોકોએ ઓછા વ્યાજદરોને કારણે ઘણા મકાનો ખરીદી લીધા છે અને ભવિષ્યમાં એને વેચીને ફાયદો મેળવવાની ગણતરી રાખી છે. એડમ એલ્જેબ્રેરીએ છેલ્લા એક વર્ષમાં લોન લઈને ઘણા મકાનો ખરીદ્યા છે. એકલા એને માથે જ ૨ મિલીયન યુએસ ડોલરનું દેવું છે. છતાં એને વ્યાજદર વધવાની કોઈ ચિંતા નથી. કેમકે તે માને છે કે, મકાનની કિંમત તો વધવાની જ છે. એ પોતાના મકાનો વિશ્વાસપાત્ર લોકોને ભાડે આપીને પણ કમાણી કરી લેશે. એ પોતે ઓન્ટેરિયોમાં પોતાની પૈતૃક સંપત્તિના ઘરમાં રહે છે.

## વેકસીન ન લેનારા શિક્ષકોએ બે વખત કોવિડ ટેસ્ટ કરાવવા પડશે

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો પબ્લિક સ્કૂલના જે શિક્ષકોએ કોઈ પણ કારણસર કોવિડ-૧૯ની વેકસીન ન લીધી હોય તો તેમણે ફરજિયાતપણે અઠવાડિયામાં બે વાર રેપિડ ટેસ્ટ કરાવીને રિપોર્ટ રજુ કરવો પડશે. આમ તેમણે શાળા શરૂ થયાના પહેલા બે અઠવાડિયા સુધી નજીકના કેન્દ્રમાં જઈને રિપોર્ટ કરાવવો પડશે. દર અઠવાડિયે બે વાર નેગેટીવ રિપોર્ટ હશે તો જ શાળામાં આવી શકશે. શાળાઓને કોવિડ-૧૯ના જોખમથી બચાવવા આ પગલું જરૂરી હોવાનું ડેપ્યુટી એજયુકેશન મિનીસ્ટર નેન્સી નેયલરે જણાવ્યું હતું. મીડિયાને તેમણે પાઠવેલી યાદીની નકલ પણ મળી છે. જે ટોરોન્ટો સ્ટારમાં પ્રગટ થઈ હતી. ૨૦મી સપ્ટેમ્બરથી શાળાઓ શરૂ થાય એ પહેલા દરેક શાળામાં રેપિડ એન્ટીજન ટેસ્ટની કીટ પહોંચાડવાનું શકય ન હોવાથી નજીકના કેન્દ્રો પર ટેસ્ટ કરાવવા પડશે. જો કે, સાતમી સપ્ટેમ્બરથી સરકારે અધિકૃત ફાર્મસીઓને ટેસ્ટીંગ કરવાની સુચના આપી હતી. જે વિનામુલ્યે કરવાના રહેશે. આમ જે શિક્ષકો પૂર્ણતયા વેકસિનેટેડ નથી, તેમણે આ ટેસ્ટ ફરજિયાત કરાવવાના રહેશે. ટેસ્ટના રિપોર્ટ રજુ કરવા માટે સ્માર્ટફોન એપ તૈયાર થઈ રહ્યું છે. વેકસિન ડિસ્કલોઝર પોલીસીનો અમલ ૧૭મી ઓગસ્ટથી થઈ ચુકયો છે. શિક્ષણક્ષેત્ર અને હેલ્થકેર સાથે સંકળાયેલાઓને વેકસિન ન મળી હોય તો ટેસ્ટ કરાવવા પડશે. સ્ટાફ માટે વેકસિનેશન પોલીસી પણ બની રહી છે.

### પ્રાંતમાં કોવિડ-19ના સંકમણને રોકવા અને એનું વ્યવસ્થાપન કરવા નવી ગાઈડલાઈન તૈયાર

## અર્થતંત્રને સુધારવા વ્યાજદરો યથાવત

### સેન્ટ્રલ બેંક ખુદ દર અઠવાડિયે બે બિલીયન યુએસ ડોલરના બોન્ડ ખરીદશે



**બ્રામ્પટન**

ધ બેંક ઓફ કેનેડાએ બુધવારે જાહેર કરેલા વ્યાજદરોમાં કોઈ વધારો નથી કર્યો. જેનું કારણ કોરોનાની ચોથી લહેરની સંભાવના અને દેશના અર્થતંત્રમાં સુધારાની દિશામાં પહેલ ગણાઈ રહ્યું છે. સેન્ટ્રલ બેંકે જુનો રેટ ૦.૨૫ ટકાનો યથાવત રાખ્યો છે અને મુખ્યધારાને જાળવી રાખવા દર અઠવાડિયે ૨ બિલીયન યુએસ ડોલરના બોન્ડ ખરીદવાનું લક્ષયાંક રાખ્યું છે.

ગવર્નિંગ કાઉન્સીલના નિષ્ણાંતો માને છે કે, કેનેડાના અર્થતંત્રને વધુ મજબૂત બનાવવાની જરૂર છે અને એને ધ્યાનમાં રાખીને નાણાંનીતિ બનાવવી પડશે. ગયા અઠવાડિયે સ્ટેસ્ટીક કેનેડાના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, બીજા કવાર્ટરમાં દેશના જીડીપીમાં ઘટાડો જોવા મળ્યો છે. એને ધ્યાનમાં રાખીને બેંક ઓફ કેનેડાએ વ્યાજદરોમાં વધારો નહીં કરવાનું નક્કી કર્યું હતુ. બેંકને આશા છે કે, દેશના અર્થતંત્રમાં ઝડપથી સુધારો થઈ શકશે અને વર્ષના બીજા ભાગમાં જો ચોથા વેવથી બચી શકાય તો વાંધો નહીં આવે. સીઆઈરીસી ઈકોનોમિકસના વરીષ્ઠ અર્થશાસ્ત્રી એન્ડ્રુ ગ્રાન્ટહામે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સપ્લાયચેનને સરળ બનાવવામાં નડતી અડચણોને ઓળખી એને દૂર કરવાના પ્રયાસો કરશે અને ડેલ્ટા વેરીયન્ટના સંક્રમણને ખાળવાનો પડકાર પણ સામે છે અને એ દરમિયાન જ કેનેડામાં ચૂંટણીઓ પણ યોજાઈ રહી હોવાથી બીજા ત્રિમાસિક ગાળાના રિપોર્ટ નિરાશાજનક છે. એ ધ્યાને રાખીને ઓકટોબરની નાણાનીતિ બનાવવી પડશે. ધ બેંક ઓફ કેનેડાએ આજે પણ જાહેર કર્યું છે કે, દેશના અર્થતંત્રને મજબૂત બનાવવા એ મક્કમ છે અને એટલે જ વ્યાજદરો સ્થિર રાખવામાં આવ્યા છે. વ્યાજદરોમાં વધારાની સંભાવનાને તેમણે ૨૦૨૨ના બીજા અર્ધ વાર્ષિક સમયગાળા સુધી નકારી કાઢી હતી. બેંકે એમ પણ કહ્યું હતું કે, ફુગાવાનો દર ત્રણ ટકાની આસપાસ રહેવાની સંભાવના છે. કેમ કે, મહામારીને કારણે ગેસોલીનના ભાવોમાં વધારો થયો છે. જો કે, ફુગાવાને અન્ય પરીબળો પણ વધારી રહ્યાં છે એના પર પણ ધ્યાન રાખવું પડશે. પગાર વધારાનો બોજો પણ અર્થતંત્ર પર આવશે, પણ એની જોગવાઈ કરવામાં આવશે.

## ગુજરાતી સમાજ દ્વારા 12મી સપ્ટેમ્બરે મિસિસાગા ખાતે વોલ્કેથોનનું આયોજન

**મીસીસાગા**

જીએસએસએમ-ગુજરાતી સમાજ દ્વારા ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ફાઉન્ડેશનના ઉદઘાટન નિમિતે વોલ્કઅથોન કાર્યક્રમનું આયોજન સપ્ટેમ્બર ૧૨મીએ કરાયું છે. આ કાર્યક્રમ મિસિસાગાવેલી પાર્ક, ૧૨૭૫ મિસિસાગાવેલી બુલેવર્ડ, મિસિસાગા ખાતે યોજાશે. જે લોકોને એમાં ભાગ લેવો હોય તેમણે ઓનલાઈન નોંધણી https://www.trilliumgiving/gssmwalk ઉપર કરવા જણાવાયું છે.

સંગઠનનું ધ્યેય, ૧૫૦૦૦ ડોલરનું ભંડોળ એકઠું કરીને ટ્રિલિમ હેલ્થ પાર્ટનર્સની ત્રણ સંસ્થા ક્રેડિટ વેલી હોસ્પિટલ, મિસિસાગા હોસ્પિટલ અને ક્વીન્સ વેહેલ્થ સેન્ટરની વધારે જરૂરિયાતને મદદ કરવાનો છે. આ દાન સમાજના સભ્યો તથા મિસિસાગાના અન્ય સભ્યોના જટિલ અને ખાસ જરૂરિયાતમાં મદદરૂપ થાય તેનું ધ્યાન રાખવામાં આવશે. નોંધણી ફી માટે જીએસએસએમએ અપીલ કરી છે કે, $ ૨૫ અથવા તેનાથી વધુ કિંમત ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ફાઉન્ડેશનને દાન આપીને તમે નોંધણી કરાવો. બધા સહભાગીઓને “ગુડીબેગ” પણ પ્રાપ્ત થશે.

### એકત્ર થનારી રકમમાંથી ત્રણ હોસ્પિટલને સુવિધ વધારવા માટે દાન આપવામાં આવશે

સપ્ટેમ્બર ૧૨, ૨૦૨૧ના સવારે ૮.૩૦ વાગ્યે નોંધણી શરૂ થશે અને વોલ્કથોન સવારે ૯.૩૦ વાગ્યે, સાઈટ B, મિસિસાગાવેલી પાર્કથી શરૂ થશે. વોલ્કથોનમાં ભાગ લેનારાઓને, વોલ્કની પહેલા પાણી, ચા, કોફી કે જૂયસ અને વોલ્ક પછી નાસ્તો આપવામાં આવશે.

જીએસએસએમનું આ પ્રથમ વૉલકથોન છે અને તેને વાર્ષિક પ્રસંગ બનાવાની યોજના કરે છે. જીએસએસએમએ 2019થી અત્યાર સુધીમાં ૪૦૦,૦૦૦થી વધુ દાન ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સને (ટીએચપી) આપ્યું છે.

સંસ્થાના કાર્યક્રમો કે પ્રવૃત્તિ વિશે વધુ વિગતો મેળવવા માટે દિલીપભાઈ એન પટેલ (સેલ: ૬૪૭૯૯૦૩૧૭૮, ઘર: ૯૦૫૨૮૬૧૯૭૭, ઈમેઈલ: d.patel49@gmail.com) અથવા કલાબેન પટેલ (પ્રમુખ, જીએસએસએમ, સેલ :૬૪૭૪૦૨૬૧૫૦, ઘર: ૯૦૫૮૪૯૬૭૫૯; ઈમેઈલ: kalakpatel27@gmail.com) નો સંપર્ક કરવો આવશ્યક છે.

## ઓન્ટેરિયોમાં ડીજિટલ આઈડી પ્રોગ્રામ લોન્ચ કરવાની તૈયારી

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોએ ડીજિટલ આઈડેન્ટીફિકેશન પ્રોગ્રામ રજુ કરવાની તૈયારીઓ કરી લીધી છે. આવનારા સમયમાં લોકોએ પોતાના ડ્રાઈવિંગ લાયસન્સ કે હેલ્થકાર્ડ સાથે નહીં રાખવા પડે, એવો ડીજિટલ આઈડી પ્રોગ્રામ તૈયાર થઈ રહ્યો છે. જે આ વર્ષના અંત સુધીમાં રજુ થશે. બુધવારે પ્રાંતની સરકારે આ યોજના વિશે જાહેરાત કરી હતી કે, ઓન્ટેરિયો ટૂંક સમયમાં લોકોની ઓળખ સરળ બનાવશે. ઓન્ટેરિયોવાસીઓએ સરકાર તરફથી આપવામાં આવેલા ઓળખપત્રની ઈલેકટ્રોનિક નકલ જ સાથે રાખવી પડશે. એ તમામ ઓળખપત્રોની વિગત એટલે કે ડ્રાઈવિંગ લાયસન્સ કે હેલ્થકાર્ડના રૂપમાં સરકારી ડીજિટલ વોલેટમાં સંગ્રહ કરવામાં આવશે. જે કોઈપણ લેપટોપ કે સ્માર્ટફોનમાં ડાઉનલોડ કરી શકાશે. આ ડીજિટલ આઈડી લોકોને મોકળાશ આપશે કે, તેમણે પોતાના ઓળખપત્રો સાથે નહીં રાખવા પડે. જયારે એ બતાવવાની જરૂર પડશે ત્યારે એ પોતાના સ્માર્ટફોન કે લેપટોપમાં દર્શાવી શકશે. સરકારે એ વાતની પણ ખાતરી આપી છે કે, લોકોની માહિતીની ગોપનિયતા જાળવવામાં આવશે. આ ઓળખપત્રો તમારી ઉમરના પુરાવા તરીકે પણ કામ આવશે. તમારી આઈડી કોઈ સરકારી ડેટાબેઝમાં રાખવામાં નહીં આવે પણ તમારા ઉપકરણોમાં જ રહેશે. જે ચોરાઈ જાય તો આપોઆપ લોક થઈ જશે.

### સરકાર તરફથી અપાયેલા ઈલેકટ્રોનિક્સ આઈકાર્ડને ડિજીટલ વોલેટમાં રાખી શકાશે

તંત્રી સ્થાનેથી

# અફઘાનમાં હવે તાલિબાની રાજ, સરકારમાં વિવાદીત ચહેરા સામેલ

અફઘાનિસ્તાનમાં અપેક્ષા મુજબ તાલિબાનનું શાસન સ્થપાઈ ગયું છે. અફઘાનિસ્તાનના પ્રમુખ અશરફ ગની તો 25 દિવસ પહેલાં જ દેશ છોડીને ભાગી ગયા. જે બાદ તાલિબાને મોટા ભાગના અફઘાનિસ્તાન પર કબજો કર્યા પછી સરકાર રચી નાંખી છે.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

બુધવારે આ અંગે તાલિબાને પોતાની નવી સરકારની જાહેરાત કરતા મુલ્લા મોહમ્મદ હસન અખૂંદને અફઘાનિસ્તાનના નવા પ્રધાનમંત્રી બનાવ્યા હતા. આ સાથે આખી કેબિનેટની પણ જાહેરાત કરાઈ, જેમાં અનેક વિવાદીત ચહેરાઓને સ્થાન મળ્યું છે. જે લોકોને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ગ્લોબલ આતંકી ઘોષિત કરાયા છે અથવા તો અમેરિકાએ ઈનામની ઘોષણા કરી છે તેવા નામો પણ અફઘાનમાં રચાયેલી આ નવી સરકારની કેબિનેટમાં છે. આવી સ્થિતિમાં હવે આ તમામ આતંકવાદીઓ એક દેશની સરકાર ચલાવશે અને આખા અફઘાનિસ્તાનનું ભાગ્ય તે બધાના હાથમાં રહેશે. પ્રધાનમંત્રી મુલ્લા મોહમ્મદ હસન અખૂંદની વાત કરીએ તો વર્ષ 1990ના દાયકાથી તેઓ તાલિબાનના ટોચના નેતાઓમાંના એક રહ્યા છે. બામિયાનમાં ભગવાન બુદ્ધને લગતી યાદોનો નાશ કરનાર મુલ્લા મોહમ્મદ હસન સંયુક્ત રાષ્ટ્રના વૈશ્વિક આતંકવાદીઓમાં સામેલ છે.

આ ઉપરાંત ઉપ-પ્રધાનમંત્રી બનેલા મુલ્લા અબ્દુલ ગની ઉર્ફે મુલ્લા બરાદર તાલિબાનનો મોટો નેતા છે. ગત 2 દાયકાઓથી મુલ્લા બરાદરે તાલિબાનને એક સાથે રાખવાનું કામ કર્યું છે. તે લાંબા સમયથી પાકિસ્તાનની જેલમાં બંધ હતો. જ્યારે તે બહાર આવ્યો તો અમેરિકા સાથે વાતચીત કરી. સંયુક્ત રાષ્ટ્ર પરિષદ દ્વારા જાહેર કરાયેલા લિસ્ટમાં મુલ્લા બરાદરનું નામ પણ સામેલ છે. અફઘાનિસ્તાનના નવા ઉપ-પ્રધાનમંત્રી અબ્દુલ સલામ હનફી પણ સંયુક્ત રાષ્ટ્રની આતંકી લિસ્ટમાં સામેલ છે. જયારે તાલિબાન સરકારમાં આંતરિક મામલાના મંત્રી સિરાઝુદ્દીન હક્કાની ગ્લોબલ આતંકીઓની લિસ્ટમાં સામેલ છે. સિરાઝુદ્દીન હક્કાની નેટવર્કની શરૂઆત કરનાર જલાલુદ્દીનનો પુત્ર છે. વર્ષ 2016થી જ સિરાઝુદ્દીન તાલિબાનના પ્રમુખ નેતાઓમાં સામેલ છે. અમેરિકાએ પણ સિરાઝુદ્દીન હક્કાની પર 10 મિલિયન ડૉલર (73 કરોડ રૂપિયા) નું ઈનામ રાખ્યું છે. અફઘાનની સરકારમાં તેને ગૃહમંત્રી બનાવાયો છે. આ ઉપરાંત તાલિબાનના સંસ્થાપક મુલ્લા ઉમરનો પુત્ર મુલ્લા યાકૂબ અફઘાનિસ્તાનનો નવો રક્ષા મંત્રી છે. મુલ્લા ઉમર તાલિબાનનો પ્રમુખ કમાન્ડર છે જે યુદ્ધની આગેવાની કરે છે. કંધારમાં તેણે લાંબા સમય સુધી મોર્ચો સંભાળ્યો હતો, મુલ્લા યાકૂબ પણ UNSCની લિસ્ટમાં સામેલ છે.


તાલીબાન સરકારમાં સિરાજુદ્દીન હક્કાનીની એન્ટ્રી બાદ અમેરિકાનુ કહેવુ છે કે, જે લોકોને સરકારમાં સામેલ કરાયા છે તેમનો ટ્રેક રેકોર્ડ ભરોસો કરવા જેવો નથી. જોકે અમેરિકાના નિવેદન પર તાલિબાન ભડકયુ છે. તાલિબાને કહ્યુ છે કે, આ પ્રકારનુ નિવેદન સ્વીકારી નહીં લેવાય અને કોઈ જાતના પ્રતિબંધ પણ ચલાવી નહીં લેવાય. વાસ્તવમાં અફઘાનિસ્તાનમાં તાલિબાનનો ઉદય અમેરિકાને આભારી છે, પણ વચ્ચે દલાલીની ભૂમિકા પાકિસ્તાને ભજવી છે. અફઘાનિસ્તાન વરસોથી આતંકવાદનો અડ્ડો છે અને અફઘાનિસ્તાનને આતંકવાદનો અડ્ડો બનાવવામાં અમેરિકા જેટલું જ યોગદાન પાકિસ્તાને પણ આપ્યું છે. ૧૯૭૮માં સોવિયેત રશિયાના પીઠ્ઠુ જેવા સામ્યવાદીઓએ અફઘાનિસ્તાનમાં સત્તા કબજે કરી, ત્યારથી ત્યાં કમઠાણ શરૂ થયું. એ વખતે અમેરિકા અને રશિયાને બાપે માર્યા વેર હતા. અમેરિકા આખી દુનિયામાંથી સામ્યવાદનો કાંટો કાઢવા મચેલું હતું. અફઘાનિસ્તાનમાં રશિયાનો દબદબો અને રાજ થઈ જાય તો અમેરિકાની આધિપત્ય ઓછુ થાય. તેથી અમેરિકાએ અફઘાનિસ્તાનમાંથી સામ્યવાદને ખતમ કરવાને નામે ખેલ શરુ કર્યો હતો.

આ સમયે રશિયા કૂદી પડ્યું અને જંગ શરૂ થયો. રશિયાએ સામ્યવાદી શાસનને બચાવવા પોતાનું લશ્કર ઉતાર્યું, તેમાં જંગનાં મંડાણ થયાં. અમેરિકા આ જંગમાં સીધું સામેલ નહોતું થયું, પણ તેણે આખી દુનિયાના કટ્ટરવાદી મુસ્લિમોને અફઘાનિસ્તાનમાં ઠાલવવા માંડ્યા. પાકિસ્તાન તો વરસોથી અમેરિકાના ઈશારે જ ખેલ કરતુ હતુ. તેથી પાકિસ્તાન વચ્ચે દલાલ હતું. પાકિસ્તાનને અમેરિકાનાં નાણાંમાં રસ હતો. તેથી તેણે આતંકવાદીઓને લાવી લાવીને અમેરિકા સાથે ઘરોબો કરાવવા માંડ્યો. પાકિસ્તાનમાંથી આ આતંકવાદીઓ ઘૂસતા અને પછી અફઘાનિસ્તાનમાં રશિયન લશ્કરને કનડતા.

ઓસામા બિન લાદેનથી માંડીને હફીઝ સઈદ સુધીના બધા આતંકવાદીઓ એ રીતે પાકિસ્તાનના માધ્યમથી જ અફઘાનિસ્તાન સુધી પહોંચ્યા હતા. આ આતંકવાદીઓને અમેરિકાએ પોતાના સ્વાર્થ માટે પોષ્યા. એ લોકોને હથિયારોથી માંડીને જે જોઈએ તે મદદ કરી. આ સંજોગોમાં આતંકવાદીઓના પાકિસ્તાન સાથેના સંબંધો ગાઢ બન્યા. અફઘાનિસ્તાનમાં લડતા મુઝાહિદ્દીનો સીધા પાકિસ્તાનના લશ્કર અને આઈએસઆઈના તાબેદાર તરીકે જ કામ કરતા હતા, તેથી તેમને પાકિસ્તાન પર ભરોસો વધારે હતો. પાકિસ્તાને આ પૈકી કેટલાક આતંકવાદીઓનો ઉપયોગ ભારત સામે પણ કર્યો અને કાશ્મીરને નર્ક બનાવી દીધું. અમેરિકાના ઈશારે આતંકવાદીઓએ રશિયાના લશ્કરની એ હાલત કરી નાખી કે રશિયાના લશ્કરે ઊભી પૂંછડીએ અફઘાનિસ્તાનમાંથી ભાગવું પડ્યું. પાકિસ્તાને તે વખતે કરેલું એ રોકાણ આજે તેને ફળ્યું અને તાલિબાને અફઘાનિસ્તાનમાં સત્તા કબજે કરી ત્યાં સુધીમાં પાક.નો દબદબો રહ્યો.

ઓસામા બિન લાદેને પોતાના અહમ ખાતર નાઈન ઈલેવનનો હુમલો કરાવીને અમેરિકાને ધોળે દાડે તારા ના બતાવ્યા હોત તો પાકિસ્તાન અત્યારે અફઘાનિસ્તાનમાં સરકાર ચલાવતું હોત. નાઈન ઈલેવનના હુમલા પછી અમેરિકાએ ઓસામાને પાઠ ભણાવવા માટે અફઘાનિસ્તાનને ધમરોળી નાંખ્યું અને ઓસામાને સાથ આપનારા તાલિબાનોના ભુક્કા બોલાવી દીધા. ત્યારે પણ પાકિસ્તાને તાલિબાનનો સાથ નહોતો છોડ્યો. અમેરિકાને બહુ મોડેથી ભાન થયું કે, પાકિસ્તાન તેને આતંકવાદની લડાઈના નામે બેવકૂફ બનાવી રહ્યું છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકાર રચવા સુધીની પ્રક્રિયામાં પાકિસ્તાનેનો મોટો હાથ છે. તેથી ભારતને હવે કાશ્મીરમાં આતંકવાદ વધે તેનો ખતરો મોટો છે.

બીજી તરફ છેલ્લાં 30 દિવસમાં અફઘાનિસ્તાનમાં આઈએસઆઈએસ-કે વર્સીસ તાલિબાનનો જંગ પણ દેખાયો છે. આ ઘટનાક્રમ ચિંતાજનક છે કેમ કે એવા આક્ષેપો થઈ રહ્યા છે કે, ચીને તાલિબાનને પોતાના પડખામાં લીધું છે, તેથી આઈએસઆઈએસ-કેને અમેરિકા મદદ કરી રહ્યું છે. અફઘાનિસ્તાનમાં એક મોટો વર્ગ એવો આક્ષેપ કરે છે કે, અમેરિકાએ અફઘાનિસ્તાન તો છોડી દીધું પણ તાલિબાનને મર્યાદામાં રાખવા માટે અમેરિકા જ ઈસ્લામિક સ્ટેટને મદદ કરે છે. લોઢું લોઢાને કાપે એ હિસાબે આતંકવાદીઓનો ઉપયોગ કરીને અમેરિકા આતંકવાદીઓને નાથવા મથે છે.



manoj1968@yahoo. ca






# વડોદરામાં ખ્રિસ્તી યુવકના ત્રાસથી હિન્દુ યુવતીએ પોતાને જ બ્લેડના 45 ઘા માર્યા

**વડોદરા**

શહેરના છાણી વિસ્તારમાં રહેતી એક હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ ખ્રિસ્તી યુવકે વીડિયો અને ફોટા વાયરલ કરવાની ધમકી આપી તેના પર અમાનુષી અત્યાચાર ગુજારી લગ્ન કરી લીધા હોવાના બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાતા છાણી પોલીસે સેલ્વિનની અટકાયત કરી છે.

હિન્દુ યુવતી પર ગુજારવામાં આવેલા અત્યાચારની વિગતોથી રૂંવાડા ઉભા થઈ જાય તેમ છે. યુવતીના પિતા ચન્દ્રકાન્તભાઈએ પોલીસને કહ્યું છે કે, વર્ષ-૨૦૧૯માં મારી પુત્રી એલએલબીનો અભ્યાસ કરતી હતી ત્યારે સેલ્વિન પરમાર નામના યુવકે તેની બહેન શ્વેતા પરમાર મારફતે મારી પુત્રીનો સોશ્યલ મીડિયા પર સંપર્ક કરી તેને ફસાવી હતી. હિન્દુ યુવતી એપ્રિલ-૨૦૧૯માં ડિપ્રેશનમાં જતી રહેતાં તેની મનોચિકિત્સક પાસે સારવાર કરાવી હતી. ત્યારબાદ તે સપ્ટેમ્બર-૨૦૧૯માં સેલ્વિન સાથે ચાલી ગઈ હતી.મારા ઘરમાં પ્રસંગ હોવાને કારણે જે તે વખતે ફરિયાદ કરી નહતી. પરંતુ છાણી પોલીસને અરજી આપી હતી. ત્યારબાદ સેલ્વિને મારી પુત્રી સાથે ખ્રિસ્તી એક્ટ મુજબ લગ્ન કરી લીધા હતા. ચંદ્રકાન્તભાઈએ કહ્યું છે કે,બે વર્ષ પહેલાં મારી બીજી દીકરી અને જમાઈએ મારી પુત્રીનો મોબાઈલ ચેક કરતાં તેમણે સેલ્વિન પરમાર સાથેનું ચેટિંગ જોઈ તેઓ ચોંકી ઉઠયા હતા. સેલ્વિન મારી પુત્રીને રીતસરનો બ્લેકમેલ કરતો હતો અને તેના કહેવાથી એક મિનિટમાં મારી પુત્રીએ પોતાના હાથે, છાતીએ તેમજ અન્ય ભાગે બ્લેડના ૪૦ થી ૪૫ ઘા માર્યા હતા.તે ઘા મારવાનું બંધ કરે એટલે સેમ્યુલ તેને ધમકાવતો હતો. સેલ્વિને તેના વીડિયો અને ફોટા વાયરલ કરવાની પણ ધમકીઓ આપી હતી.

# વડોદરાની ઐતિહાસિક ઇમારતો 184 દિવસ સુધી રોશની ઝળહળશે

**વડોદરા**

અત્યાધુનિક લાઈટિંગથી શણગારતા વર્ષના 184 દિવસ વડોદરાના માંડવી, ચાર દરવાજા અને ઐતિહાસિક ત્રણ ટાવરો રોશનીથી ઝળહળતા રહેશે.

વિવિધ પ્રસંગો દરમ્યાન વડોદરા મહાનગર પાલિકાની ઈમારતો, મુખ્ય રસ્તા તથા બ્રિજને આધુનિક લાઈટિંગ વડે શણગારવા 15 લાખની મર્યાદામાં વાર્ષિક ઈજારા સામે 01 ટકા ઓછા ભાવના ઈજારદાર મેં. ન્યુ.પટેલ. ડેકોરેટર્સના ભાવ પત્રને મંજૂરી માટેનું કામ મંજૂરી અર્થે સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ થયું છે. રાષ્ટ્રીય તથા ધાર્મિક તહેવારો દરમિયાન માંડવી, ચાર દરવાજા અને ત્રણ ટાવરને રોશનીથી ઝળહળતા કરવા તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા તહેવારોમાં વધારાના લાઈટિંગ માટે સ્ટ્રીટ લાઈટ શાખા દ્વારા વાર્ષિક ઈજારો કરવામાં આવે છે. પરંતુ સ્માર્ટ સીટી અંતર્ગત પ્રોજેક્ટ પેટે માંડવી અને ચાર દરવાજા ઉપર કાયમી ધોરણે લાઈટિંગ કરવામાં આવી છે. અગાઉ પરંપરાગત સીરીઝ લાઈટિંગ બંધ કરી વર્ષ દરમિયાનની 23 જાહેર રજાઓ અને 37 મરજીયાત રજાઓ, શ્રીજીના દસ દિવસ નવરાત્રિના દસ દિવસ તથા દરેક શનિવારે અને રવિવારે મળી કુલ 184 દિવસ ઈમારતો રોશનીથી ઝળહળતી રહેશે.

# પ્રાચીન ગળતેશ્વર મહાદેવ મંદિર શિખરે સદીઓમાં પહેલીવાર ધજા લહેરાઈ

**નડિયાદ**

નડિયાદ : ખેડા જિલ્લાના પ્રસિદ્ધ ગળતેશ્વર મહાદેવમાં શ્રાવણના અંતિમ દિને શિવભક્તો દ્વારા બાવન ગજની ધજા ચડાવવામાં આવી હતી. મંદિરના ઈતિહાસમાં પહેલીવાર શિખર પર ધજા લહેરાઈ હતી. મંદિરના શિખરનું કામકાજ તાજેતરમાં જ પૂરું કરવામાં આવ્યું હતું. સ્થાનિકો પાસેથી મળતી માહિતી પ્રમાણે ગળતેશ્વર મહાદેવ મંદિર પ્રાચીનકાળથી શિખરવિહોણું હતું. વરસોથી આ અદભુત મંદિરનું જતન થયું છે, તાજેતરમાં શિખરને પુરાતત્વ વિભાગ દ્વારા પૂર્ણ કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. વિભાગ દ્વારા આજે શ્રાવણ મહિનાના અંતિમ સોમવારના શુભ દિવસે શિખરને સંપૂર્ણ જાહેર કરાયું છે.

# ગુજરાત દેશભરનું ઓટોમોબાઈલ, ફાર્મા, ડાયમંડ, ટેકસટાઈલનું હબ બન્યું: CM

**વડોદરા**

મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી જણાવ્યું છે કે ગુજરાત દેશનું મેન્યુફેકચરીંગ, ઓટોમોબાઈલ અને ફાર્માસ્યુટિકલી,ડાયમંડ અને ટેકસટાઈલ હબ - કેપિટલ બન્યુ છે. ગુજરાત પોલિસી ડ્રીવન સ્ટેટ છે અને વિકાસના દરેક ક્ષેત્રમાં નીતિ આધારિત સાતત્ય પૂર્ણ વિકાસ આયોજન કરવામાં આવે છે જેથી ગુજરાત તકોની ભૂમિ બની છે.પર્યાવરણ સાનુકૂળ વિકાસ એ ગુજરાતની ખાસિયત છે તેમ તેમણે ઉમેર્યું હતું. ઈન્ડીયન ફાર્માસ્યુટિકલ માર્કેટ વર્લ્ડમાં વોલ્યુમની દૃષ્ટિએ ત્રીજા નંબરે અને કોસ્ટ મૂલ્યની દૃષ્ટિએ 13માં ક્રમે મોટું માર્કેટ છે. આપણા ફાર્માસ્યુટિકલ ઊદ્યોગે સસ્તી અને ગુણવત્તાયુકત દવાઓ પ્રદાન કરવાની વૈશ્વિક પ્રતિષ્ઠા મેળવી છે.

મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના કરખડી ખાતે ખાનગીના ઔષધ સંશોધન અને વિકાસ કેન્દ્રનો શુભારંભ કરાવ્યો હતો. વડોદરા ઔષધ ઉદ્યોગનું હબ છે ત્યારે આ અતિ અધતન સુવિધાથી ઔષધ ઉદ્યોગના વિકાસને વધુ વેગ મળશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હરેક ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાનું ‘ મેઈક ઈન ઈન્ડીયા’ને પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવી છે,ત્યારે અમી લાઈફ સાયન્સીસ આ નેમને સાકાર કરતાં 40થી વધુ એકટીવ ફાર્માસ્યુટિકલ ઈંગ્રેડિયન્ટ તૈયાર કરે છે.

# ગાયત્રી આશ્રમમાં ભક્તોએ માટીના સવા લાખથી વધુ શિવલિંગ બનાવ્યા

**વડોદરા**

વડોદરા: દાયકાઓ બાદ પવિત્ર શ્રાવણ માસમાં સોમવતી અમાસનો સુયોગ હતો. શ્રી બ્રહ્મર્ષી સંસ્કાર તીર્થ-ગાયત્રી આશ્રમ (શેરખી) માં પ્રખર ગાયત્રી ઉપાસક પ.પૂ.હર્ષદ બાપાના આશીર્વાદ સાથે ગાયત્રી પરિવારના સભ્યો ઉપરાંત શેરખી, ભીમપુરા, દાજીપુરા વિગેરેના ૪૫૦ ભાવિક શિવ ભક્તોએ ૧,૩૧,૦૦૦ માટીના શિવલિંગ બનાવ્યા હતા. ભાવિકજનોએ સવારે ૮થી બપોરે ૧૨.૩૦ સુધીમાં પાર્થિવેશ્વર બનાવી ભાવપૂર્વક પૂજન-અર્ચન કર્યું હતું. નવગ્રહ સહિત અન્ય આકારમાં પાર્થિવની નયનરમ્ય ગોઠવણી કરી ભાવિકોએ ભક્તિભાવથી ભોળાનાથની આરાધના કરી હતી.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax
CATERING SPECIAL
$ 7.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# અંબાજીમાં મેળા અંગે અસમંજસ વચ્ચે ધસારો, 1 કિ.મી લાંબી ધજા ચડાવાઈ

**અંબાજી**

યાત્રાધામ અંબાજીમાં ભરાતા ભાદરવી પૂનમના મેળાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ગત વર્ષે કોરોનાની મહામારીના કારણે અંબાજી ભાદરવી પૂનમનો મેળો મુલતવી રખાયો હતો. જોકે ચાલુ વર્ષે પણ મેળો યોજાશે કે કેમ તેની અસમંજસ વચ્ચે યાત્રીકોએ વહેલી પદયાત્રા શરૂ કરી છે. તેના મેળા શરૂ થવાના પહેલા જ માતાજીના દર્શને પહોંચી નવરાત્રી માટેનું નિમંત્રણ આપવાનું આયોજન કરાયું હોય તેમ અંબાજીમાં યાત્રિકોનો ઘસારો દિનપ્રતિદિન વધતો જઈ રહ્યો છે. દાહોદ જિલ્લાના લીમખેડાથી દિપોરામ ગ્રુપ દ્વારા સૌથી લાંબી 1111 ગજની ધજા સાથે નીકળેલો પગપાળા સંઘ અંબાજી આવી પહોચ્યો હતો. જેમાં 151 જેટલા પદયાત્રીઓ આ એક કિલોમીટર જેટલી લાંબી ધજાને માતાજીના મંદિરે



ચઢાવામા આવી હતી. જોકે આટલી લાંબી ધજા કોઈ હરીફાઈ કે હુંસા તુંસી નથી પણ સમગ્ર લીમખેડા વિસ્તારની આસ્થાનું પ્રતીક માનવામાં આવી રહ્યું છે. માં અંબાનું તેડુ આપવા અંબાજી પહોંચી ગયા છે.

# વડોદરામાં સીટી હેરિટેજ મ્યુઝિયમ બનાવવા બે કરોડનો ખર્ચ કરાશે

**વડોદરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સમગ્ર સભામાં તાજેતરમાં સરકાર દ્વારા વ્યવસાય વેરાની વર્ષ 2020- 21 ની ફાળવેલી રૂપિયા 21.79 કરોડની ગ્રાન્ટમાંથી આંતરમાળખાકીય 80 કામો કે જે રૂપિયા 29.36 કરોડના થાય છે તે મંજૂર કરાયા છે. હવે આ મંજૂર કામો અંગેની દરખાસ્ત રાજ્ય સરકારમાં અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે. મંજૂર કરાયેલા 80 કામોમાંથી એક કામ ન્યાય મંદિર માં સીટી મ્યુઝિયમ વિકસાવવાનું છે .જે માટે હાલ રૂપિયા 2 કરોડના ખર્ચનો અંદાજ મુકાયો છે. આમ, સમગ્ર સભાએ મ્યુઝિયમ વિકસાવવા કામ મંજૂર કર્યું છે પરંતુ કોર્પોરેશનને મ્યુઝિયમ બનાવવા ન્યાયમંદિર હજી ફાળવાયું નથી. ચાર દરવાજા વિસ્તારના સામાજિક કાર્યકરે આ અગાઉ કોર્પોરેશનના લેન્ડ એસ્ટેટ વિભાગને પત્ર લખ્યો હતો. જેનો આ વિભાગે આપેલા જવાબમાં જણાવ્યું હતું કે ન્યાયમંદિર બિલ્ડિંગમાં સીટી મ્યુઝિયમ બનાવવા તેમજ તેના વહીવટ અને મેઈન્ટેનન્સ માટે વડોદરા કોર્પોરેશનને આપવા 2017માં કલેકટરને તથા 2019માં મહેસુલ વિભાગ ગાંધીનગરને દરખાસ્ત કરી હતી.

# સયાજીબાગમાં રાવણતાડના રોપ ઉછેરવાના પ્રયાસને પ્રાથમિક સ્તરે સફળતા મળી

**વડોદરા**

વડોદરા: શહેરમાં રાવણતાડના વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે ત્યારે તેને વધારવા માટે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા સયાજીબાગ નર્સરીમાં તેના રોપા ઉછેરવાનો પ્રયાસ ધર્યો હતો, જેને પ્રાથમિક સ્તરે સફળતા મળી છે. સીધી સોટી જેવા ઊંચા ઉગતા રાવણતાડ સયાજીબાગ, નવલખી મેદાન, રાજમહેલની પાછળ તેમજ વિશ્વામિત્રીના કાંઠા ઉપરાંત હાલોલ, છોટાઉદેપુર અને જાંબુઘોડાના જંગલોમાં જોવા મળે છે. એક સમયે આ વૃક્ષો મોટી સંખ્યામાં જોવા મળતા હતા, હવે તો આ વૃક્ષનો સમાવેશ જોખમ હેઠળના વૃક્ષોની યાદીમાં થાય છે.

# કેશોદમાં ઘોડિયામાં સૂતી પુત્રની હત્યા કરી માતાએ જીવતર ટૂંકાવ્યું

**જુનાગઢ**

જૂનાગઢના કેશોદ તાલુકાના સાંગરસોલા ગામે રહેતી મહિલાએ ઘોડિયામાં સૂઈ રહેલા માસુમ દીકરાને મોતને ઘાટ ઉતાર્યા બાદ પોતે પણ આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ માનસિક બીમારીથી પીડિતા માતા પતિ બહારગામ ગયા બાદ પાછળથી ઘરમાં એકલી હતી તે સમયે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પગલે આખા ગામમાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, કેશોદના સાંગરસોલામાં સોનારા પરિવાર રહે છે. પરિવારના મોભી જગદીશ સોનારા ખાનગી કામથી બહારગામ ગયા હતા. જેથી તેમની પત્ની રેખાબેન (૩૦ વર્ષ) આ પગલું ભર્યું હતું. રેખાબેને પહેલા તો એક વર્ષના દીકરા ભવ્યને ઊંઘમાં જ મોત આપ્યું હતું અને ત્યારબાદ પોતે પણ આપઘાત કરી લીધો હતો. બહારગામથી પરત આવતા પતિએ ઘરનો દરવાજો ખોલ્યો પત્ની અને દીકરાની લાશ જોતા જ પગ નીચેથી જમીન ખસી ગઈ હતી.

ત્યારબાદ બંનેના મૃતદેહ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં પોલીસ અને મામલતદાર સહિતનો કાફલો હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. ઘટના અંગે જગદીશભાઈના જણાવ્યા અનુસાર તેમની પત્નીને માનસિક બીમારી હતી.

# નડિયાદ શહેરમાં હવે 150થી વધુ કેમેરાથી 24 કલાક રખાશે બાજનજર

**નડિયાદ**

ખેડા જિલ્લા પોલીસ વિશ્વાસ પ્રોજેક્ટ કમાન્ડ કંન્ટ્રોલથી સજ્જ બની છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વડામથક નડિયાદમાં ૧૫૦થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે, જેની ચાંપતી નજર હેઠળ શહેરભરમાં ટ્રાફિકવ્યવસ્થાને બહેતર કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સ્થાનિક નાગરિકોમાં ટ્રાફીક નિયમોના પાલન માટે અને ગુનેગારોને ઝડપી પાડવા માટે વિશ્વાસ પ્રોજેક્ટ તારણહાર બનશે. ખેડા જિલ્લામાં વડા મથક નડિયાદમાં દોઢ વર્ષથી સી.સી.ટી.વી કેમેરાઓનુ સઘન મોનીટરીંગ કરવા માટે અત્યાધુનિક સાધનોથી સજ્જ નેત્રમ (કમાન્ડ કંન્ટ્રોલ સેન્ટર) સ્થાપિત કરવામાં આવ્યો છે.




# ઊંઝા પાસે રિવોલ્વર બતાવીને 20 લાખની લૂંટ કરી લૂંટારુઓ ફરાર

## અડાલજથી લીફ્ટ લઈને લૂંટારૂઓએ ઊંઝા નજીક પોત પ્રકાશ્યું

**ઊંઝા**

બનાસકાંઠાના ઢીમા એપીએમસીના વેપારીની કારમાં ત્રણ ઈસમો મુસાફરના સ્વાંગમાં પાલનપુર જવા માટે અડાલજથી લીફ્ટ લીધા બાદ મહેસાણા છોડયા બાદ રિવોલ્વરની અણીએ વેપારીને બંધક બનાવી ઉનાવા નજીક ઐઠોર જીઆઈડીસીમાં અવાવરૂ જગ્યાએ લઈ જઈ ગાડીમાં રહેલ વીસ લાખ રૂપિયાનો થેલો તેમજ કાર ઉઠાવી ફરાર થઈ ગયા છે. પોલીસે તાત્કાલિક નાકાબંધી કરી હતી અને ઘટનાસ્થળે એફએસએલ, ડોગ સ્કવોર્ડ સહિતનો કાફલો ઉતરી પડયો હતો. લૂંટારુઓની કોઈ ભાળ મળેલ નથી.

પાટણ જિલ્લાના સમી તાલુકાના શેરપુરાના વતની રમેશભાઈ નારસંગભાઈ ચૌધરી (ઉ.વ.૪૨) બનાસકાંઠાના ઢીમા એપીએમસીમાં જીરૂ, એરંડા, રાયડાનો કમીશન એજન્ટનો ધંધો કરે છે. આ વેપારીનો પરિવાર ગાંધીનગર રહે છે. વેપારી સોમથી શુક્ર ઢીમા ધંધા માટે રહે છે અને શનિ, રવિ ગાંધીનગર આવે છે. ગઈકાલે ગાંધીનગરથી વેપારીએ પોતાની ગાડીમાં વીસ લાખની રકમ ઉપરાંત ચેકબુકો તથા વેપારીઓ ચોપડાઓ સહિતનું સાહિત્ય લઈને ઢીમા જવા નીકળ્યા હતા. અડાલજ આવતા ત્રણ અજાણ્યા ઈસમોએ પાલનપુર જવાનું કહીને લીફ્ટ માગી હતી. વેપારીએ માનવતા દાખવીને લીફ્ટ આપી હતી. મહેસાણા, ઊંઝા વચ્ચે ફતેપુરા ક્રોસ કર્યા બાદ અજાણ્યા ઈસમોએ અચાનક પોત પ્રકાશી રિવોલ્વરની અણીએ વેપારીને બંધક બનાવી ગાડીનો કબજો લઈ ગાડીને ઉનાવાથી ઐઠોર જીઆઈડીસીની અંદર પાણીની ટાંકી નજીક અવાવરૂ જગ્યાએ લઈ ગયા બાદ ઈસમોએ વેપારીને તેમજ વેપારને લગતું સાહિત્ય રોડ ઉપર ઉતારીને વીસ લાખ રૂપિયા ભરેલો થેલો તથા ગાડી લઈને ફરાર થઈ ગયા હતા. ૨૦ લાખની લૂંટ થયાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

# ઉ.ગુજરાતમાં 12 તા. પંચાયત, 4 પાલિકાની પેટા ચૂંટણી યોજાશે

**મહેસાણા**

મહેસાણા, પાટણ અને બનાસકાંઠામાં ખાલી પડેલી જુદી જુદી તાલુકા પંચાયતની ૧૨ અને નગરપાલિકાની ૪ બેઠકો પર પેટા ચૂંટણી તેમજ થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગેનું જાહેરનામું ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. તે અન્વયે આગામી ૩ ઓક્ટોબરે મતદાન થશે. ચૂંટણી જાહેર થતાં સંબંધિત વિસ્તારમાં આચારસંહિતા લાગુ કરવામાં આવી છે.

કોરોના કાળમાં પંચાયત અને નગરપાલિકામાં ખાલી પડેલ વિવિધ બેઠકોની પેટા ચૂંટણી યોજવામાં વિલંબ થયો હતો. હવે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સોમવારે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવતા ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ખાલી પડેલી બેઠકો ઉપર પેટા ચૂંટણી યોજાશે. જેમાં નગરપાલિકાની ૪ બેઠકો અને તાલુકા પંચાયતની ૧૨ બેઠકોનો સમાવેશ થાય છે.

# ડીસા મુડેઠાના સરપંચને ટ્રેક્ટરથી ટક્કર મારીને મોતને ઘાટ ઉતારાયા

## પોલીસે આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લીધો

**ભીલડી**



ડીસા તાલુકાના મુડેઠા ગામમાં જુની અદાવતના મામલે યુવાન સરપંચને એક શખસે ટ્રેક્ટર વડે ટક્કર મારીને મોતને ઘાટ ઉતારતા ઉશ્કેરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો ગામમાં દોડી આવ્યો હતો. અને ચાંપતો બદોબસ્ત ગોઠવી આરોપીને પકડવા ચક્રો ગતી માન કર્યા હતા.

ડીસા તાલુકાના મુડેઠા ગામના સરપંચ રાઠોડ કાન્તિજી તલજી ઉ.વ. ૪૭ જેઓએ અગાઉ ડ્રાઇવરમાથી છુટો કરેલ રાઠોડ ઈશ્વરજી શાંતિજી રહે. મુડેઠા (દુદાણી પાર્ટી) વાળાએ જુની અદાવતમાં મન દુઃખ રાખીને શનિવારના સાજના સુમારે રતનપુરાના ક્રોસિંગ આગળ ચરખીવાળા ટ્રેક્ટરથી જાનથી મારી નાખવાના ઈરાદે કાર ગાડીને આગળના ભાગે ટક્કર મારી રાઠોડ કાંન્તિજી તલજી પર ટ્રેક્ટર નાખી કચડી નાખી મોત નિપજાવી અને ભાગી ગયેલ. આ અંગે સાહેદ દિનેશજી બાબુજી રાઠોડએ ભીલડી પોલીસ મથકે આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવેલ છે. મૃતક સરપંચ કાંન્તિજીના મૃતદેહનું ડીસા સીવિલ હોસ્પિટલમા પેનલ તબીબો પોસ્ટમોટમ કરાવી પરિવારને મૃતદેહ સોપવામા આવ્યો હતો. જ્યારે સરપંચના મોતથી ગામમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો હતો. તેમની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અને ગામમાં અનિશ્ચિત બનાવ ન બને તે માટે ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવામાં આવ્યો હતો અને ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું હતું.


**લગ્નવિષયક**

કેનેડા PR ચરોતર લેઉઆ પટેલ ઉ.વ ૨૮, ઉંચાઈ ૫'.૧૦''
અભ્યાસ BE (Indian) & P. G. in IT (Canada)
હાલ એજન્સી મારફતે ટી.ડી., બેંકમાં સોફ્ટવેર ડેવલોપરની
જોબ ટોરન્ટોમાં or working as Software
Developers in Canada માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતી
સ્ટુડન્ટ વિઝા / Work Permit / PR / Canada &
US Citizen. ફક્ત કુંવારી, વેજીટેરિયન, સંસ્કારી યુવતીના
વાલીઓ તરફથી જન્માક્ષર સહીત બાયોડેટા,
ફોટોગ્રાફ સાથે આવકાર્ય છે.
Email : patelmarriage365@gmail.com

**MOTEL HELP WANTED**

Motel help wanted for a motel located in Ontario around 1.5-2.0 hr drive from GTA. Accommodation will be provided. This position is suitable for either single person or Couple.

The job duties include Desk, Cleaning of rooms, Laundry, basic repair-maintenance related to work.

Management will support LMIA if required after 1 year working with company.

Interested person please send resume at
motelhelp@yahoo.com OR
Contact at 705-706-8183

**Imperial PEST CONTROL**

Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services

All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control

Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# 300 કરોડના જમીન કૌભાંડમાં નોટિસ 17 પૈકી માત્ર 6 ખરીદારો મુદ્દતે ફરકયાં

## 730 એકરથી વધુ જમીન એગ્રિકલ્ચર લેન્ડ સીલિંગ એક્ટ હેઠળ લઈ લેવાઈ હતી

**રાજકોટ**

બામણબોરમાં રૂ ૩૦૦ કરોડ જેવા મૂલ્યની સરકારી જમીન ઓચિંતી જ એક મહિલાનાં નામે કરી દેતો ચોટીલાના તત્કાલીન મામલતદારનો હુકમ ફેર વિચારણામાં લઈને આ ખેત જમીન ખરીદનાર ૧૭ આસામીને પણ કારણદર્શક નોટિસ મોકલવામાં આવી છે. પરંતુ આ કેસની પ્રથમ મુદ્દતે બુધવારે ૧૭માંથી માત્ર ૬ જ ખરીદારો રાજકોટ જિલ્લા કલેકટર સમક્ષ હાજર થયા હતાં, બાકીના ૧૧ ફરક્યા જ ન્હોતા! રાજકોટ - અમદાવાદ હાઈ-વે પર બામણબોરના સર્વે નં. ૪૭ની બે ખેડૂતોની ૭૩૦ એકરથી વધુ જમીન એગ્રિકલ્ચર લેન્ડ સીલિંગ એક્ટ હેઠળ વર્ષ ૧૯૮૧માં જ ફાજલ જાહેર કરીને સરકારી માલિકીની ગણી લેવામાં આવી હતી તેમ છતાં ૨૦૧૭માં ચોટીલાના ઈન્ચાર્જ મામલતદાર ધાડવીએ આ મહામૂલી સરકારી જમીન ખાનગી ઠરાવી દીધી હતી.

કેસ ચાલ્યા તે દરમિયાન દાયકાઓ સુધી કયાંય ચિત્રમાં જ ન્હોતા એવા સંતોકબેન ગજેરા નામના મહિલાએ પોતે ૧૯૫૮માં જમીન ખરીદી લીધાના દાવા સાથે પોતાને પક્ષકાર ગણવા અપીલ કરી હતી, જેને પગલે વિવાદાસ્પદ મામલતદારે હાઈકોર્ટના ઓરલ ઓર્ડરનું ખોટું અર્થઘટન કરી તેના નામે જમીન ચડાવી દીધી હતી. આ હુકમને તાજેતરમાં રાજકોટ જિલ્લા કલેકટરે રિવિઝનમાં લીધો છે તથા કુલમુખત્યાર હસ્તક જમીનના શંકાસ્પદ સોદા પણ થઈ ચુક્યા હોવાથી તમામને નોટિસ મોકલી હાજર રહેવા જણાવ્યું હતું.

# પાલિતાણામાં પાણીના વહેણમાં તણાઇ જતા ભાઇ-બહેનના મોત

**ભાવનગર**

પાલિતાણાના મોટી રાજસ્થળી રોડ પર રહેતા મહિલા વહેલી સવારે તેના બે સંતાનોને એક્ટીવા પર બેસાડી સ્કૂલે મુકવા જઈ રહ્યા હતા તે વેળાએ બેઠલા નાળા ઉપરથી પસાર થતા પાણીના પ્રવાહ સાથે માતા અને સંતાનો તણાઈ જતા ભારે અરેરાટી છવાઈ જવા પામી હતી. દરમિયાન ન.પા.ના ફાયર સ્ટાફ અને તરવૈયાઓએ પાણીમાં ઝંપલાવી માતાને બહાર કાઢ્યા હતાં જ્યારે ભારે શોધખોળ બાદ ભાઈ અને બહેનના મૃતદેહ મળી આવ્યા હતાં.

બનાવની જાણવા મળતી વિગતો અનુસાર પાલિતાણાના મોટી રાજસ્થળીથી આવતી વહેણમાં લક્ષ્મનગરમાં રહેતા મીનાબેન રાજુભાઈ જેઠવા આજે વહેલી સવારે ૬.૪૫ કલાકના અરસા દરમિયાન તેની દિકરી જાનકીબેન રાજુભાઈ જેઠવા (ઉ.વ.૧૮) અને પુત્ર વૃષભ રાજુભાઈ જેઠવા (ઉ.વ.૦૮)ને લઈ સતુઆબાબા સ્કૂલ મુકવા જઈ રહ્યા હતા તે વેળાએ મોટી રાજસ્થળી ગામથી આગળ આવેલ બેઠલા નાળા કોઝવે ઉપર મોડી રાત્રિના વરસેલા ભારે વરસાદના કારણે પાણીનો પ્રવાહ વહેતો હોય તેમાંથી એક્ટીવા પસાર કરવા જતા માતા અને બંને સંતાનો પાણીના પ્રવાહ સાથે તણાયા હતાં.

# રાજકોટ જિ. પંચાયતની બે બેઠકોની પેટાચૂંટણી, પાર્ટીઓમાં સળવળાટ

**રાજકોટ**

રાજકોટ જિ. પંચાયતની ખાલી પડેલી શિવરાજપુર અને સાણથલીની બે બેઠકોની પેટા ચૂંટણીની આજે રાજય ચૂંટણી પંચે જાહેરાત કરતાની સાથે જ ભાજપ - કોંગ્રેસ સહિતનાં રાજકોય આગેવાનોમાં બેઠકોનો દોર શરૂ થયો છે. કુલ ૩૬ બેઠકોની ગત ફેબુરઆરીમાં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. ભાજપે ૨૫ અને કોંગ્રેસે ૧૧ બેઠકો મેળવી હતી. સાણથલી બેઠક પર ભાજપનાં મહિલા ઉમેદવાર નિર્મળાબહેન ભુવા વિજેતા થયા હતા અને શિવરાજપુ બેઠક પર કોંગ્રેસનાં ઉમેદવાર રણજીત મેણીયા જીત્યા હતા. કોરોનાની બીજી લહેરમાં આ બંને ઉમેદવારોનાં અવસાન થતા ટુંકા ગાળામાં જ આ બંને બેઠકો ખાલી પડી હતી.

# ભાજપ સરકાર સામે 'સંઘ' મેદાને, રાજકોટ કચેરી પાસે રોષભેર ધરણાં

**રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ખેડૂતોના અનેક પ્રશ્નો આ અંગે ભારતીય કિસાન સંઘ દ્વારા અસંખ્યવાર સરકારને મુખ્યમંત્રીને જિલ્લા વહીવટી તંત્રોને રજૂઆતો કરવા છતાં પણ નિકાલ નહી આવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા સહિતના પ્રશ્ને કિસાન સંઘ દ્વારા આંદોલન શરૂ કરાયું હતું. ભાજપ અને સંઘ પરિવારની ભગીની સંસ્થા એવા ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ ખેડૂતો મોટીસંખ્યામાં રાજકોટ કલેકટર કચેરીએ ધસી ગયા હતા અને ત્યાં ધરણા પર બેસી ગયા હતા. ખેડૂતોએ વંદે માતરમ અને જય જવાન જય કિસાન ના નારા લગાવ્યા



હતા. ખેડૂતોના પ્રશ્ને રજૂઆત માટે આવેલા 125થી વધુ આગેવાનો ખેડૂતોની પોલીસે બળ વાપરીને અટકાયત કરી હતી. કિસાન સંઘે જણાવ્યું કે વારંવાર ચેકડેમ રિપેર કરવા રોજ ભૂંડનો ત્રાસ દૂર કરવા દિવસે વીજળી આપવા સિંચાઈનું પાણી આપવા પોષણક્ષમ ભાવ આપવા રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી.

# જૂનાગઢમાં પોલીસે આર્મી જવાનને માર માર્યો, 2 કોન્સ્ટેબલ સસ્પેન્ડ કરાયા

**જૂનાગઢ**

પાદરડી ગામે પ્રેમલગ્નની ઘટના અને એટ્રોસીટીની ફરીયાદની તપાસ કરવા ગયેલ પોલીસ ઉપર હુમલા અને ફરજ રૂકાવટની ઘટના સામે આવી હતી. પોલીસની ગાડીને નુકશાન કરીને પીએસઆઈ સહીત બે કોન્સ્ટેબલ પર હુમલો અને રોકડાની લૂંટની ઘટના બની હતી. આ સમયે અન્ય આગેવાન પણ આવી જતા તેની ઉપર પણ હુમલો થયો હતો, ત્યાર બાદ માણાવદર પોલીસ સ્ટાફ સ્થળે પહોંચતાં આર્મી જવાન કાના અને તેના સાથી મીત્રોએ પોલીસને સહયોગ નહિ આપતા અને ફરીથી પોલીસ ઉપર હુમલો કર્યો હતો. આ મામલે આર્મી જવાનને માર મારવાના વીડિયો સામે આવ્યા બાદ બે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવાયા છે.

# અમદાવાદની કંપનીને હીરાસર એરપોર્ટ ટર્મિનલનો 280 કરોડનો ઈજારો અપાયો

## રન-વેનાં બોકસ કલવર્ટ માટે સરકાર 104 કરોડ, AAI 26 કરોડ ખર્ચશે

**રાજકોટ**

રાજકોટ - અમદાવાદ હાઈ-વે પર રાજકોટથી 25 કિલોમીટર દૂર હીરાસર ખાતે આકાર લઈ રહેલા ગ્રીનફિલ્ડ એરપોર્ટમાં રન-વે સહિતનું કામ હાલ આગળ વધી રહ્યું છે, જયારે ટર્મિનલ બિલ્ડિંગ માટેનો કોન્ટ્રાક્ટ અમદાવાદ સ્થિત એક કંપનીને રૂ 280 કરોડમાં ફાળવવામાં આવતાં ટૂંક સમયમાં ટર્મિનલ બિલ્ડિંગનું બાંધકામ પણ સમાંતરે આગળ વધશે. ટર્મિનલ બિલ્ડિંગનો અંદાજિત ખર્ચ રૂ ૩૨૦ કરોડ છે, જે સામે અમદાવાદની કંપનીને કોન્ટ્રાક્ટ રૂ ૨૮૦ કરોડમાં અપાઈ જતાં કંપનીના સ્ટાફે સ્થળ પર પહોંચીને જમીનનો કબ્જો સંભાળી લીધો છે તથા સાઈટ ઓફિસ બનતાં પહેલાં ટેન્ટ લગાવવા તજવીજ ચાલી રહી છે. ૧૦ ચોરસ કિલોમીટરથી વધુ




વિસ્તારમાં નિર્માણાધિક આ એરપોર્ટ રેઈન વોટર હાર્વેસ્ટિંગ સીસ્ટમ, ગ્રીન બેલ્ટ તથા સોલાર પાવર સીસ્ટમ પણ હશે. તેનાં પ્રથમ તબક્કાનું કામ ઓગષ્ટ - ૨૦૨૨ સુધીમાં, ટર્મિનલ બિલ્ડિંગનું કામ ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં અને એકંદર આખો પ્રોજેકટ ફેબ્રુઆરી-૨૦૨૨ સુધીમાં પૂર્ણ થઈ જવાનો એરપોર્ટ ઓથોરિટીનો અંદાજ છે.

# પ્રાચી તીર્થ તથા મોરબીના રફાળેશ્વર મંદિરે પિતૃ તર્પણ માટે લોકો ઉમટયાં

**રાજકોટ**

આજે સોમવતી અમાસ અને શ્રાવણ માસના સોમવારના અનોખા સંયોગ નિમિતે મોરબીના પૌરાણિક રફાળેશ્વર મહાદેવ મંદિરે પિતૃતર્પણ માટે શ્રદ્ધાળુઓ ઉમટી પડયા હતા અને શ્રદ્ધાપૂર્વક પિતૃતર્પણ કર્યું હતું. જયારે ગીર સોમનાથ જિલ્લામાં આવેલા પ્રાતી તીર્થધામમાં પણ પિતૃતર્પણ માટે ભાવિકો ઉમટયા હતા. આ વર્ષે પણ ભાદરવી અમાસ નિમિત્તે પિતૃતર્પણ માટે પ્રતિબંધ મુકવામાં આવતા આજે દામોદરકુંડ સતત બીજા વર્ષે પણ અમાસ પર સુમસામ રહ્યો હતો. પિતૃતર્પણ માટે કોઈ દામોદરકુંડ ન જાય તે માટે વહેલી સવારથી જ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. માત્ર એક બે વ્યક્તિને અસ્થિ વિસર્જન માટે પ્રવેશ આપવામાં આવ્યો હતો. મોરબી નજીક આવેલા રફાળેશ્વર મહાદેવ મંદિરે આજે લોકો ઉમટી પડયા હતા મંદિરના ટ્રસ્ટી પરેશભાઈ પંડયાએ જણાવ્યું હતું કે દર વર્ષે અમાસ નિમિતે અહી મેળો યોજાય છે. જોકે કોરોના મહામારીને પગલે મેળો રદ કરાયો છે. રફાળેશ્વર મહાદેવ મંદિર પૌરાણિક મંદિર છે. જ્યાં પાંડવોએ મહાભારત કાળમાં અહી પિતૃતર્પણ કર્યું હતું.



## હવે પ્રથમવાર જેમ્સ બોન્ડ ગુજરાતી બોલશે

ડેનિયલ ક્રેગે નવી જેમ્સ બોન્ડ ફિલ્મ 'નો ટાઇમ ટુ ડાઇ' માં 007 તરીકે છેલ્લી ભૂમિકા ભજવી રહ્યાં છે. આ ફિલ્મ 30 સપ્ટેમ્બરે ભારતના પસંદગીના શહેરોમાં રિલીઝ થવાની છે. 'નો ટાઇમ ટુ ડાઇ' અંગ્રેજી, હિન્દી, કન્નડ, તમિલ ઉપરાંત ગુજરાતીમાં રિલીઝ થશે. જેમ્સ બોન્ડ સિરીઝની આ પ્રથમ ફિલ્મ હશે જે ગુજરાતીમાં પણ રિલીઝ થશે. ફિલ્મનું સત્તાવાર ટ્રેલર રિલિઝ થઈ ચુક્યું છે. 007 ટ્વિટર એકાઉન્ટથી ફિલ્મનું અંતિમ આંતરરાષ્ટ્રીય ટ્રેલર પોસ્ટ કર્યું અને રિલીઝની તારીખ જાહેર કરી છે.



# જીવનમાં બધું જ કામચલાઉ હોય છે



મુંબઇ : શિલ્પા શેટ્ટી પતિ રાજ કુન્દ્રાની ધરપકડ પછી થોડા દિવસો જાહેરમાં આવતી નહોતી તેમજ પોતાના કમિટમેન્ટોથી પણ દૂર રહી હતી. પરંતુ પછીથી તે સામાન્ય જીવન જીવવાના પ્રયાસો કરી રહી છે. તે ફરી ટેલિવિઝનના શો સુપરડાન્સર ચારમાં નિર્ણાયક તરીકે જોવા મળી રહી છે. શિલ્પા ફક્ત પોતાની કારકિર્દીમાં જ નહીં પરંતુ સોશિયલ મીડિયા પર પણ સક્રિય છે. વારંવાર તે સકારાત્મક પોસ્ટ કર્યા કરે છે. પોતાનો તેમજ પોતાના પ્રશંસકો અને યુઝર્સોનો ઉત્સાહ વધારતી રહે છે. શિલ્પા મોટા ભાગે ઈન્સ્ટાગ્રામ પર મોટિવેશનલ ક્વોટસ, સંદેશાઓ, યોગને લગતા વીડિયોઝ અને નોટ્સ શેર કરે છે.હાલમાં તેણે પોતાની એક તસવીર શેર કરીને પોસ્ટ લખી છે. શિલ્પાએ સોશિયલ મીડિયા પરથી યોગ કરતી હોય તેવી તસવીર શેર કરી છે. જેની સાથે લખ્યું છે કે, આપણા વિચારો જ આપણા જીવન પ્રત્યેના અપ્રોચને શીખવાડે છે. આપણે કઇ રીતે આપણને મળેલી સફળતાનો આનંદ લઈએ છીએ અને કઈરીતે હારનો અફસોસ કરીએ છીએ. શું જીવનમાં સફળ થઈજવાથી કે પછી કોઈ મનગમતી વસ્તુ મળી જવાથી તમારા વિચારો બદલાઈ જતા હોય છે અથવા તો તમે અન્ય લોકોથી વાતચીત કરવાનું ઓછું કરી નાખો છો ?કે પછી હાર અથવા તો નિષ્ફળ થવાથી જીવન જીવવા જેવું નથી રહ્યું તેમ લાગે છે ?

## તારક મહેતાની... બબીતા કરી રહી છે પોતાનાથી 9 વર્ષ નાના અભિનેતાને ડેટ!!!



તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા દરેક ઘરમાં પ્રિય શો છે. આ શો 13 વર્ષથી લોકોનું મનોરંજન કરી રહ્યો છે. આ શોના તમામ કલાકારોએ લોકોના દિલમાં પોતાની ખાસ જગ્યા બનાવી છે. હાલ એક એવા સમાચાર સામે આવ્યા છે જ જાણીને તમે પણ ચોંકી જશો. એક અખબારમાં પ્રકાશિત સમાચાર અનુસાર, મુનમુન દત્તા એટલે કે બબીતા જી એક વ્યક્તિને ડેટ કરી રહ્યા છે. આ વ્યક્તિ બીજું કોઈ નહીં પરંતુ શોના ટપુ એટલે કે રાજ અંદકટ છે. બંને આજકાલ એકબીજાના પ્રેમમાં ડૂબી ગયા છે. લાંબા સમયથી, રાજ અને મુનમુન દત્તાની ઇન્સ્ટાગ્રામ પોસ્ટ્સ અને કોમેન્ટ એ તરફ ઇશારો કરે છે. સોશિયલ મીડિયા યુઝર્સ મુનમુનની તસવીરો પર રાજની કોમેન્ટ જોઇને ખાસ પૂછ્યા કરતા હતા કે બન્નેની વચ્ચે કંઇક ચાલી રહ્યું છે.

## બોલીવુડ સ્ટાર અક્ષય કુમારના માતા અરૂણા ભાટિયાનું અવસાન



નવી દિલ્હીઃ બોલિવુડ અભિનેતા અક્ષય કુમારની માતા અરૂણા ભાટિયાનું અવસાન થયું છે. તેમની માતા ઘણાં લાંબા સમયથી બીમાર હતા. અક્ષય કુમારે સોશિયલ મીડિયા દ્વારા પોતાની માતાના અવસાનની જાણકારી આપી છે. આ સાથે જ અભિનેતાએ માતાના નામે એક ઈમોશનલ પોસ્ટ પણ શેર કરી છે. અક્ષય કુમારે પોસ્ટમાં લખ્યું હતું કે, તે મારો મહત્વનો હિસ્સો હતી. આજે મને અસહનીય પીડા અનુભવાઈ રહી છે. મારી માતા શ્રીમતી અરૂણા ભાટિયાએ આજે સવારે આ દુનિયાને અલવિદા કહી દીધું છે. તે બીજી દુનિયામાં મારા પિતા સાથે ફરી મળી ગઈ છે. હું તમારી દુઆઓનું સન્માન કરૂ છું કારણ કે, હું અને મારો પરિવાર મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. ઓમ શાંતિ. ચાહકો અને બોલિવુડના કલાકારોએ કોમેન્ટ કરીને અક્ષય કુમારને સાંત્વના પાઠવી હતી. અક્ષયની માતાના અંતિમસંસ્કાર વિધિમાં બોલીવુડ સ્ટાર્સે હાજર રહી અક્ષયને સાંત્વના પાઠવી હતી.











હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## ટીમને અનેકવાર પછડાટ પછી રવિ શાસ્ત્રી અને કોહલીને મર્યાદામાં રાખવા કવાયત

# ધોની બન્યો મેન્ટર, લક્ષ્ય ટી-20 વર્લ્ડ કપ

યુએઈ અને ઓમાનમાં ૧૭ ઓક્ટોબરથી ટી-૨૦ વર્લ્ડ કપ સ્પર્ધા યોજવાની તૈયારી શરુ કરી દેવાઈ છે. બુધવારે આ વર્લ્ડ કપ માટેની ભારતની ટીમ જાહેર થવાની ગણતરી હતી. આ સમયે જ ક્રિકેટ બોર્ડે મોડી સાંજે ક્રિકેટ ચાહકોને સુખદ આંચકો આપ્યો. બોર્ડે ભારતને ૨૦૧૧માં વર્લ્ડ કપ અને ૨૦૧૩માં ટી-૨૦ વર્લ્ડ કપ જીતાડનારા કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને ભારતીય ક્રિકેટ ટીમનો 'મેન્ટર' બનાવવાનું એલાન કરી નાખ્યું. 'મેન્ટર' તરીકે ધોનીની ભૂમિકા શું હશે એ વિશે બોર્ડે કોઈ ફોડ પાડ્યો નથી. પરંતુ ભારતમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં સચિન તેંડુલકર, અનિલ કુંબલે સહિતના ધુરંધર ખેલાડી મેન્ટર' રહી ચૂક્યા છે. ટીમની પસંદગીથી માંડીને બેટિંગ ઓર્ડર સુધીની બાબતોમાં 'મેન્ટર'નો પડ્યો બોલ ઝિલાય છે. એ જોતાં ધોની પણ એ જ ભૂમિકા ભજવશે એ નિશ્ચિત છે.

એક રીતે કહીએ તો બોર્ડે કોચ રવિ શાસ્ત્રી અને કેપ્ટન વિરાટ કોહલી બંનેની ઉપર ધોનીને મૂકી દીધો છે. જો કે, ધોનીને મેન્ટોર બનાવવા સમયે રવિ શાસ્ત્રી અને કોહલીને વિશ્વાસમાં લેવાયા હોવાનો પણ દાવો થઈ રહ્યો છે. આવું કઈ રીતે થયું કે, પાછલા વર્ષે ટીમને અલવિદા કહેનારા મહેન્દ્ર સિંહ ધોનીને ફરી એકવાર ટીમ સાથે જોડાવાની તક મળી ? તે અંગે અટકળોના દોર વચ્ચે બીસીસીઆઈના સચિવ જય શાહે જણાવ્યું કે, આ ટુર્નામેન્ટમાં ધોની કોચ રવિ શાસ્ત્રી અને બાકી સપોર્ટીંગ સ્ટાફ માટે સાથે મળીને કામ કરશે. જોકે જય શાહ ગમે તે કહે પણ સિલેક્ટર્સ પાછલા કેટલાક સમયથી ટી-૨૦ વર્લ્ડકપ માટે ટીમ પસંદ કરવાની પ્રક્રિયામાં હતા ત્યારે બીસીસીઆઈ સચિવ જય શાહે કેપ્ટન વિરાટ કોહલી અને કોચ રવિ શાસ્ત્રીને ધોનીને મેન્ટોર તરીકે ટીમ સાથે જોડવાનો આઈડિયા આપ્યો હતો. આ વાત ધોનીને ઓફર કરતા પહેલા કરવામાં આવી હતી.

ધોનીને જ્યારે આ અંગે વાત કરવામાં આવી તો તેણે ઓફર સ્વીકારી લીધી હતી. ધોનીને આ તક આપવા પાછળનું કારણ એ હતું કે, ધોનીનો આ ટી-૨૦ ફોર્મેટમાં બહોળો અનુભવ છે, જે ટીમને ઉપયોગી બનશે. ધોની અસલમાં ટી-૨૦ વર્લ્ડકપ જીતાડનાર કેપ્ટન છે. ૨૦૦૭માં સાઉથ આફ્રિકામાં ભારતને ધોનીની કેપ્ટનશીપમાં જ ટી-૨૦ વલ્ડકપ જીતવાની તક મળી હતી. આ જ કારણે ધોનીનો સાથ ટીમને ઘણો જ ઉપયોગી સાબિત થશે. હકીકતમાં પણ 'મેન્ટર' તરીકે ટીમની સફળતામાં ધોનીની યોગદાન આપવાની ક્ષમતા શંકાથી પર છે. ધોની નિ:શંકપણે ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં પેદા થયેલા મહાનતમ કેપ્ટન્સમાંથી એક છે. ધોનીએ ભારતને જેટલી મોટી ટૂર્નામેન્ટ્સમાં વિજય અપાવ્યો એ કોઈ બીજો કેપ્ટન અપાવી શક્યો નથી. કેપ્ટન તરીકે તો ધોનીનો રેકોર્ડ એટલો જબરદસ્ત છે કે, તેને વિશ્વના શ્રેષ્ઠ કેપ્ટન્સમાં પણ ગણતરીમાં લેવો પડે. ધોની વિશ્વનો એક માત્ર એવો કેપ્ટન છે કે જેણે પોતાના દેશને મર્યાદિત ઓવર્સની ત્રણેય મોટી સ્પર્ધામાં જીતાડ્યું હોય. ધોનીએ ભારતને ૨૦૧૧માં વન ડે વર્લ્ડકપ જીતાડ્યો એ પહેલાં ૨૦૦૭માં ટી -૨૦ વર્લ્ડકપ જીતાડ્યો હતો. મિનિ વર્લ્ડકપ ગણાતી ચેમ્પિયન્સ ટ્રોફી પણ ભારત ધોનીના નેતૃત્વમાં ૨૦૧૩માં જીત્યું હતુ. ભારતનો કોઈ કેપ્ટન આ રેકોર્ડની બરાબરી કરી શકશે કે કેમ તેમાં શંકા છે. પણ અત્યાર સુધી તો વિશ્વમાં પણ કોઈ કેપ્ટન ધોનીના આ રેકોર્ડને આંબી શક્યો નથી. ધોનીએ ભારતને ટેસ્ટ ચેમ્પિયનશિપ પણ અપાવી છે.



**પ્રાસંગિક**
ધવલ શુક્લ

એ શોટ ધોનીનો ટ્રેડમાર્ક શોટ બની ગયો છે. ૨૦૧૧ની ફાઈનલ લોકોના માનસમાં જડાઈ ગઈ. આ ઉપરાંત અનેક ઈનિંગ્સમાં ધોની લીડર તરીકે રમ્યો છે. આ બધી ઈનિંગ્સ ધોનીને ક્યા સંજોગોમાં કેવી બેટિંગ કરવી તેની ખબર છે તેના પુરાવારૂપ છે. ભારતીય ક્રિકેટ ટીમમાં ક્રિકેટરોનો જે નવો ફાલ આવ્યો છે એ હીરોગીરી કરીને છવાઈ જવા મથ્યા કરે છે. રવિ શાસ્ત્રી અને વિરાટ કોહલીમાં તેમના પર અંકુશ મૂકવાની તાકાત છે કે કેમ તેવો સવાલ ઉઠવા માંડ્યો છે. ૨૦૧૫ના વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતની ટીમનો ભૂંડો પરાજય થયો હતો. જયારે ૨૦૧૭માં પાકિસ્તાન સામે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ઈજ્જતનો કચરો થયો હતો. ૨૦૧૯ના વલ્ડ્કપની સેમી ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડ સામે ૨૩૧ રન જેવો મામૂલી સ્કોર પણ ભારતની ટીમ પાર કરી શકી ન હતી.

## ભારતીય ટીમના એક સમયના શ્રેષ્ઠ બેસ્ટમેન અને સફળ સુકાની રહેલા ધોની પાસે ટી-20નો પણ બહોળો અનુભવ હોવાથી ક્રિકેટ બોર્ડ તેને તક આપવા માંગે છે

તેની કારકિર્દીનો પીક પોઈન્ટ એટલે કે સર્વોચ્ચ શિખર ૨૦૧૧ના વર્લ્ડકપની ફાઈનલ છે. આ ફાઈનલમાં ધોનીએ એક બેટ્સમેન તરીકે જે ઈનિંગ્સ રમી એવી ઈનિંગ્સ ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં બહુ ઓછી જોવા મળી છે.

કુલસેકરાની ઓવરમાં સિક્સર ફટકારીને ધોનીએ સ્ટાઈલમાં ભારતને ચેમ્પિયન બનાવ્યું

જે પછી ગયા વરસે ઓસ્ટ્રેલિયા સામે ૩૬ રનમાં ઓલઆઉટ થતા આખી દુનિયામાં નાલેશીભરી હાર માટે ભારતીય ટીમનું નામ લેવાતુ થઈ ગયુ હતુ. છેલ્લે ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પણ બેજવાબદારીભરી બેટિંગ કરીને કોહલીની ટીમ હારી ગઈ હતી. કોહલી આ બધી મેચોમાં જવાબદારીભરી બેટિંગ કરીને ટીમના યુવા ખેલાડીઓમાં આદર્શ બનવામાં ઉણો ઉતર્યો છે પરંતુ ટીમ જીતી શકી નથી.

તેથી હવે ધોની 'મેન્ટર' તરીકે ટીમના ખેલાડીઓમાં જવાબદારીથી રમવાની ભાવના તો પેદા કરશે જ તેમાં શંકા નથી. વિરાટ કોહલી અને રવિ શાસ્ત્રી ટીમ ઈન્ડિયાના કર્તાહર્તા બન્યા એ પછી બંને જે રીતે વર્તે છે તેના કારણે પણ ભારતને ધોની જેવા 'મેન્ટર'ની જરૂર છે. કોહલી અને શાસ્ત્રી મેરિટના આધારે નહીં પણ પોતાના માનીતા કોણ તેના આધારે ટીમ નક્કી કરે છે. તેના કારણે ટેલેન્ટેડ ખેલાડીઓને પણ તક મળતી નથી. સૂર્યકુમાર યાદવ જેવા સારા ખેલાડીને અત્યારે તક મળતી નથી એ તાજો પુરાવો છે.

ધોનીને ટીમનો 'મેન્ટર' બનાવાયો તેની સામે વાંધો પણ ઉઠાવાયો છે અને બોર્ડને ફરિયાદ પણ મળી છે. ધોની ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં ચેન્નાઈ સુપર કિંગ (સીએસકે) નો કેપ્ટન છે અને બીજી તરફ તેને ભારતીય ટીમનો 'મેન્ટર' બનાવાતાં હિતોનો ટકરાવ થાય છે એવી રાવ સંજીવ ગુપ્તા નામના સજ્જને નાખી છે.

સંજીવ ગુપ્તા મધ્ય પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સાથે સંકળાયેલા હતા. આ પહેલાં રાહુલ દ્રવિડ સહિતના ક્રિકેટરો સામે અરજી કરીને તેમને બે હોદ્દા પૈકી એક હોદ્દા પરથી રાજીનામું આપવાની ફરજ પાડવામાં ગુપ્તા સફળ રહ્યા છે. તેથી આ વખતે પણ તેમણે ધોની સામે અરજી કરી નાંખી છે. સુપ્રીમ કોર્ટે ભારતીય ક્રિકેટમાં સાફસૂફી કરવા માટે જસ્ટિસ લોઢા કમિટી બનાવી હતી. લોઢા કમિટીએ ઢગલો ભલામણ કરી, તેના આધારે બોર્ડના બંધારણમાં સંખ્યાબંધ સુધારા કરાયા છે.

જસ્ટિસ લોઢાએ કરેલી ભલામણોમાં એક ભલામણ એ પણ હતી કે, કોઈ પણ વ્યક્તિ બોર્ડમાં બે હોદ્દા ના ભોગવી શકે. બોર્ડે તેના બંધારણની કલમ ૩૮ (૪) હેઠળ આ ભલામણને નિયમ બનાવ્યો છે. ગુપ્તાએ આ નિયમ હેઠળ જ ધોનીને 'મેન્ટર' બનાવવા સામે વાંધો ઉઠાવ્યો છે. બોર્ડે પોતાની લીગલ ટીમ સાથે ચર્ચા કર્યા પછી આ મામલે નિર્ણય લેવાનું એલાન કર્યું છે. બોર્ડ શું નિર્ણય લેશે એ ખબર નથી. પરંતુ અત્યારે ભારતીય ક્રિકેટની જે હાલત છે એ જોતાં બોર્ડે આ વાંધાને કચરાટોપલીભેગો કરવાની જરૂર છે. રવિ શાસ્ત્રી કે વિરાટ કોહલીના ભરોસે ભારતીય ટીમ વર્લ્ડ કપ જેવી મોટી સ્પર્ધા જીતી શકે તેમ નથી એ વાત વારંવાર સાબિત થઈ ચૂકી છે. આ સંજોગોમાં ધોનીને મેન્ટર' બનાવવાનો સારો નિર્ણય કાનૂની આંટીઘૂટીમાં અટવાઈ ન જાય તો સારુ.

# પાવર પ્લાન્ટ માટે આયાતી કોલસાની ખરીદીમાં રૂપિયા 1000 કરોડનું કૌભાંડ

## ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસિટી કોર્પોરેશનના અધિકારીઓની સંડોવણીની ચર્ચા

અમદાવાદ : ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશનની વડોદરા ઑફિસના અધિકારીઓ દ્વારા જામનગર સરકારી વીજ ઉત્પાદન મથક માટે આયાતી કોલસાની ખરીદીનું 1000 કરોડની ખરીદીનું કૌભાંડ આચરવામાં આવ્યું છે.



આયાતી કોલસા ખરીદવા માટે સરકારે બહાર પાડેલા ટેન્ડરમાં એલ-1 (ઓછામાં ઓછા ભાવ ઑફર કરનાર) કંપનીને લેટર ઑફ ઈન્ટેન્ડ-ઈરાદા પત્ર આપવાને બદલે ગુજરાત સરકારની કંપનીએ ટેન્ડર જ કેન્સલ કરી દીધું હતું. આ ટેન્ડર કેન્સલ કરવા માટે કોઈ જ નક્કર કારણ આપવામાં આવ્યું નહોતું. ત્યારબાદ પીટી બારા ડાયા એનર્જીને આ ટેન્ડર મળી જ જાય તે માટે ટેન્ડરની શરતો એકદમ હળવી કરી દેવામાં આવી હતી. જીયુવીએનએલના મૅનેજિંગ ડિરેક્ટરે ઈન્ડોનેશિયાની પેઢીને જ ટેન્ડર મળે તે માટે ફેબ્રુઆરી 2021માં આયાતી કોલસાની ખરીદી માટે નવેસરથી ટેન્ડર બહાર પાડયું હતું. અગાઉના સપ્લાયરે એપ્રિલ 2021 સુધી સપ્લાય આપવાની કરાર હેઠળની શરત મુજબ સપ્લાય આપ્યો હતો. એપ્રિલ પછી પીટી બારા ડાયા એનર્જીને આ સપ્લાયનો ઓર્ડર આપી દેવામાં આવ્યો હતો.

આશ્ચર્યજનક બાબત તો એ છે કે ટેન્ડર ભરનારી કંપની પીટી બારા ડાયા એનર્જીનો ટ્રેક રૅકોર્ડ અત્યંત નબળો હોવા છતાં અને બજારમાં તેનીકોડીની જ કિંમત હોવા છતાં તેને ટેન્ડરમાં ભાગ લેવાની અનુમતી આપી હતી.

# ગુજરાતના ઉચ્ચ અધિકારીઓએ કોર્પોરેટ સેક્ટર ભણી દોટ મુકી

ગાંધીનગર : સચિવ કક્ષાએ પહોંચેલા પ્રમોટેડ આઈ.એ.એસ. અધિકારી એચ.કે. પટેલે ગત શુક્રવારે નોકરીમાંથી સ્વેચ્છિક નિવૃત્તિ લીધી છે. છે. તેઓ હવે ગુજરાતના એક મોટા કોર્પોરેટ ગુરપમાં જોડાવાના છે. આ કોર્પોરેટ ગૃપ અત્યારે તેનું કાર્યક્ષેત્ર વિસ્તારી રહ્યું છે અને નવાં પ્લાન્ટ સ્થાપવાનું પણ આયોજન છે, તેથી અત્યારે આ ગ્રુપ ઉચ્ચ અધિકારીઓની ભરતી ચાલી રહી છે. અધિકારીઓની આવી દોટ પાછળ સરકારી તંત્રમાં રાજકીય નેતાઓના ગમા-અણગમા, અનિશ્ચિતતા, ગમે ત્યારે બદલી અને કામનું ભારણ કારણભૂત મનાય છે. પ્રમોટેડ આઈ.એસ.એસ. અધિકારી જે.ડી. દેસાઈ પણ થોડાં દિવસો પહેલાં આવી રીતે જ વી.આર.એસ. લઈ આ જ કોર્પોરેટ ગૃપની કોર્પોરેટ અફેર્સ વિંગમાં જોડાયા છે. પૂર્વ અધિક મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થનારા અધિકારી સુજીત ગુલાટી પણ ગ્રુપના ગુજરાતમાં આકાર લઈ રહેલા રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટમાં જોડાયા છે.

# ગુજરાતમાં 5 કરોડથી વધુનું વેક્સિનેશન

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૫.૦૨ લાખને કોરોના વેક્સિન આપવામાં આવી છે. આ સાથે જ રાજ્યમાં કુલ વેક્સિનેશન ડોઝનો આંક હવે ૫ કરોડને પાર થઈ ગયો છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર બાદ ગુજરાત ત્રીજું એવું રાજ્ય છે જ્યાં વેક્સિનેશનના પાંચ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગુજરાતમાં અત્યારસુધી ૩.૭૦ કરોડ દ્વારા પ્રથમ ડોઝ જ્યારે ૧.૩૨ કરોડ દ્વારા વેક્સિનના બંને ડોઝ લેવાઈ ચૂક્યા છે.સમગ્ર દેશમાંથી કુલ ૭૦.૬૧ કરોડ દ્વારા કોરોના વેક્સિન લેવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ડીઝલમાં એક વર્ષમાં ભાવ વધારાથી ગુજરાત રાજ્યના માછીમારો ઉપર 2000 કરોડનો બોજો

**ભુજઃ** ભાજપ સરકારે ડીઝલના ભાવમાં વાધારો કરી તેમજ માછીમાર ભાઈઓ માટેની તમામ સહાય યોજનાઓ બંધ કરીને ગુજરાતના માછીમાર ઉદ્યોગને મરણતોલ ફટકો માર્યો છે. છેલ્લા ૧ વર્ષમાં ડીઝલના ભાવમાં ૩૫/લિટર નો અસહ્ય વાધારો ઝીંકવામાં આવ્યો છે. ૧ નાની ફીશીંગ બોટને ૧ સિઝનમાં ઓછામાં ઓછુ ૩,૫૦૦ લિટર પેટ્રોલ/કેરોસીન અને મોટી બોટને ૩૬,૦૦૦ લિટર ડીઝલ જોઈએ. ગુજરાતમાં અત્યારે ૨૫,૦૦૦ થી વાધુ નાની, મોટી ફીશીંગ બોટ કાર્યરત છે, એટલે ગુજરાતમાં એક માછીમાર સિઝનમાં ૫૪ કરોડ લિટર ડીઝલ વપરાય છે. એટલે ગુજરાતના માછીમાર ભાઈઓ પર એક સિઝનમાં ડીઝલના ભાવ વાધારા રૂપી ૨૦૦૦ કરોડનો બોજો પડયો છે.

### અમદાવાદ: પુત્રના આપઘાત બાદ આઘાતમાં પિતાએ પણ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અમદાવાદ :** મૂળ સાવરકુંડલાના અને હાલ બોપલ વિસ્તારમાં રહેતા અલ્પેશ પલાણ નામના યુવકે ગત 5 સપ્ટેમ્બરે સરખેજ ખાતે આવેલી પોતાની ઓફિસમાં ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. અલ્પેશે ક્યાં કારણોસર અંતિમ પગલું ભર્યું? તે હજુ સુધી જાણી શકાયું નથી. અલ્પેશે પોતાની સ્યૂસાઈડ નોટમાં પણ કોઈ કારણ જણાવ્યું નહતું. જે બાદ સરખેજ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. બીજી તરફ પુત્ર અલ્પેશના આઘાતમાં પિતા બળવંતભાઈએ પણ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું છે. આમ એક પછી એક પિતા અને પુત્રએ આપઘાત કરી લેતા પરિવારના માથે આભ તૂટી પડ્યું છે. પિતા-પુત્રએ દેવું વધી જવાના કારણે અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક અનુમાન છે.

### અમદાવાદમાં જીવતા વ્યક્તિનો 32 લાખનો ડેથ ક્લેમ પાસ, જીવતો વ્યક્તિ ઓફીસે પહોંચ્યો

**અમદાવાદ :** ઘાટલોડિયા સીપી કોલોની વિભાગ 2માં રહેતા અને બરફનો વેપાર કરતા નીશીત પટેલે આદિત્ય બીરલા સન લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં તેમના પિતા સુમનભાઈના નામે ડ્રીમ પ્લાન હેઠળ બે પોલિસી લીધી હતી. બાદમાં નિશિતભાઈએ બીજી બે પોલિસી ફોરેસાઈટ પ્લાન હેઠળ તેમના પોતાના નામે લીધી હતી. 21 જાન્યુઆરીએ મેનેજર પ્રતિકભાઈને મળ્યા હતા ત્યારે તેમને જાણવા મળ્યું હતું કે, તેમની બંન્ને પોલિસીમાં ડેથ ક્લેમ પાસ કરી દેવામાં આવે છે. જો કે નીશીતભાઈએ કહ્યું કે હું જીવિત હોવા છતાં તમે કંઈ રીતે ડેથ કલેમ પાસ કર્યો છે. જો કે મેનેજરે આ અંગે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે, કોઈ શખ્સ દ્વારા ખોટું ડેથ સર્ટિફિકેટ રજૂ કરી 32.50 લાખનો ડેથ કલેમ પાસ કરાવી લીધો હતો.



# કોલેજ હોય કે પાર્ટી, દરેક જગ્યાએ ફૂલ લુક આપશે સ્ટાઈલિશ સ્કર્ટ્સ


સ્કર્ટ એક એવું આઉટફિટ છે, જે સ્ટાઈલિશ અને ડિફરન્ટ લુક આપે છે. યુવતીઓ પોતાના લુકને ચેન્જ કરવા પણ સ્કર્ટનો ઉપયોગ કરી શકે છે. અમુક સ્કર્ટ્સ એવાં હોય છે જેનો ઉપયોગ તમે ગમે ત્યાં કરી શકો છો. એટલે કે કોલેજ હોય ઓફિસ હોય કે પાર્ટી સ્કર્ટ તમને સ્ટાઈલિશ બનાવી દેશે. એક સ્કર્ટ તમને સિમ્પલ, સ્વીટ, સોફિસ્ટિકેટેડ, સીરિયસ, બોલ્ડ કે શો-સ્ટોપર લુક આપી શકે છે. આજે આપણે લોંગ સ્કર્ટ્સ વિશે વાત કરીશું.



લોંગ એન્કલ લેન્થ સ્કર્ટ્સ આજે દરેક ઉમરની પહેલી પસંદ બની ચૂકી છે. તેની ખાસિયત એ છે કે તેને કેઝ્યુઅલ અને ફોર્મલ અવસરો પર પહેરી શકાય છે. લોંગ સ્કર્ટને હોલ્ટર નેક ટી-શર્ટ, ગંજી ટોપ્સ કે શોર્ટ શર્ટની સાથે તમે પહેરી શકો છો. સ્કર્ટ કમ્ફર્ટેબલ આઉટફિટ હોવાની સાથે પર્સનાલિટીને સ્માર્ટ બનાવતો ડ્રેસ પણ છે. તેને દુનિયાભરની યુવતીઓ દ્વારા પસંદ કરવામાં આવે છે અને વિવિધ રીતે પહેરવામાં આવે છે.

લોંગ સ્કર્ટ સ્ટ્રેટ ફોર્મમાં જ બનાવવામાં આવે છે, પરંતુ આ ઉપરાંત એ લાઈન ઘેરદાર અને ફ્રિલવાળાં સ્કર્ટ પણ પસંદ કરવામાં આવે છે. સાદા સી પ્લેટવાળાં લોંગ સ્કર્ટ તમને તમારા સ્કૂલના દિવસોની યાદ અપાવશે. તેની સાથે પ્રિન્ટેડ ટોપ વધારે આકર્ષક લાગશે. શોર્ટ કુરતાંની સાથે પણ લોંગ સ્કર્ટ પહેરી શકાય છે. સ્લીવલેસ ટોપની સાથે અથવા એક ટ્રેન્ડી ટોપની સાથે પણ સ્કર્ટ પહેરી શકાય છે. લોંગ સ્કર્ટની સાથે જો શોર્ટ ટોપ પસંદ કરી રહ્યાં હોવ તો એક શાનદાર બેલ્ટનો પણ ઉપયોગ કરી શકો છો. જેનાથી સ્કર્ટને નવો લુક મળશે. લોંગ સ્કર્ટ કોલેજ ગોઈંગ યુવતીઓની પ્રથમ પસંદ બની ગઈ છે. સૌથી સારી વાત એ છે કે તેને દરેક ઉમરની વ્યક્તિ પહેરી શકે છે. આ ઉપરાંત સેલિબ્રિટીઝ પણ કમ્ફર્ટેબલ અને સ્ટાઈલ માટે લોંગ સ્કર્ટ પહેરે છે. તેની ખાસિયત એ છે કે તેને વિવિધ પ્રકારથી સ્ટાઈલિંગ કરી શકાય છે. એની સાથે ડેનિમ જેકેટ પણ બહુ અપીલિંગ લાગે છે.

શિફોન, જોર્જટ, સિન્થેટિક અને મલમલ, શિમર જેવાં અનેક મટીરિયલમાં લોંગ સ્કર્ટ બજારમાં જોવા મળે છે. સમયની સાથે એની વેરાઈટીમાં વેરિયેશન આવતું રહે છે. તેમ છતાં બંધેજ, મિમરવર્ક, પ્લેન, પ્રિન્ટેડ અને પ્રકારની વેરાઈટી ઓલટાઈમ ડિમાન્ડમાં જોવા ઔમળે છે.




# વોટ્સએપ ઈમેજ ફિલ્ટર બગ

લોકોની મનપસંદ એવી ચેટીંગ એપ વોટ્સએપ પર આજે 2 બિલિયન થી પણ વધુ એક્ટીવ યુઝર્સ છે. જેના કારણે હેકર તેની પર નજર રાખે છે. વોટ્સએપની એક ખામી મુજબ **iOS** તથા **Android** બંને યુઝર્સને નુકસાન થઈ શકે છે.

એક સિક્યોરિટી ફર્મના જણાવ્યા અનુસાર વોટ્સએપ ઈમેજ ફિલ્ટર બગ દ્વારા યુઝર્સને નુકસાન થઈ શકે છે. આ બગ/ખામી અનુસાર એપ્લિકેશનની મેમરીમાંથી સંવેદનશીલ માહિતી વાંચવા માટે મેસેજિંગ એપ્લિકેશન પર મેલીસીયસ ઈમેજ મોકલવા માટે દુરુપયોગ થઈ શકે છે. હેકર ઈમેજ ફિલ્ટરની મદદથી કોઈ ચોક્કસ ઈમેજને ફિલ્ટર કરીને યુઝર્સ સુધી પહોચાડે છે જેથી યુઝર્સના મોબાઈલનો એક્સેસ મળી શકે.

આ ખામી **Android** ડિવાઈસમાં વોટ્સએપ V2.21.1.13 અને વોટ્સએપ બિઝનેસ V2.21.1.13 પહેલાના વર્ઝનમાં નોંધાય છે. સાયબર સિક્યુરીટી ફર્મ ચેક પોઈન્ટની રિસર્ચમાં 10 નવેમ્બર, 2020 ના રોજ ફેસબુકના તમામ પ્લેટફોર્મ પર આ મુદ્દો જાહેર કર્યો હતો અને જણાવ્યું હતું કે ઈમેજ ફિલ્ટરના ઉપયોગથી **GIF** ફાઈલને મેલીસીયસ ઈમેજ બનાવી વોટ્સએપ ક્રેશ કરી શકાય છે. હેકર ઈમેજ લઈને તેમાં બફર (**Buffer**) કોડ ઉમેરીને યુઝર્સને મોકલે છે જેથી યુઝર્સને આ ઈમેજ ઓપન કર્યા બાદ **'WhatsApp has stopped'** નો મેસેજ આવે છે અને એપ્લીકેશન બંધ થઈ જાય છે ત્યારબાદ 1-2 મિનીટ બાદ આ એપ્લીકેશન સ્ટાર્ટ થાય છે. જયારે વોટ્સએપ 1-2 મિનીટ માટે બંધ થાય છે ત્યારે મેલીસીયસ ઈમેજ મોબાઈલ પર હાવી થઈ ડિવાઈસનો એક્સેસ હેકરને આપે છે. **GIF** ઈમેજ ફાઈલની સાઈઝ 4 બાઈટ્સની હોય છે જેમાં 1 બાઈટ ધરાવતો બફર કોડ ઉમેરવામાં આવે છે. જેથી આ ફાઈલ મેમરીની મર્યાદા થી વધી જાય છે જેથી વોટ્સએપ કામ કરતું બંધ થઈ જાય છે.

વોટ્સએપના જણાવ્યા મુજબ તેની પાસે આ ખામી હતી એવું માનવાનું કોઈ કારણ નથી કે યુઝર્સ આ ખામીથી પ્રભાવિત થયા હોય. વોટ્સએપ V2.21.1.13 ના બાદના વર્ઝનમાં કંપની એ ઈમેજ અને ઈમેજ ફિલ્ટર પર 2 નવા ચેક પોઈન્ટ ઉમેર્યા છે જે વોટ્સએપની સિક્યુરીટીમાં વધારો કરે છે.


@beinghumanmj

## અનેક સમસ્યામાંથી છૂટકારો અપાવે હિંગ

રસોડામાં આગવું સ્થાન ધરાવતી અને વઘારમાં વપરાતી હિંગ પણ એક ઉત્તમ ઔષધ છે. વઘારમાં વપરાતી હોવાથી સૌરાષ્ટ્રમાં હિંગને વઘારણી પણ કહેવામાં આવે છે. સારી હિંગનો વઘાર કરવાથી પેટમાં વાયુ કે ગેસ થતો નથી. આફરો ચડયો હોય કે પેટમાં દુખાવો થતો હોય તો દિવેલમાં મેળવી સહેજ ગરમ કરેલી હિંગ નાભિની આજુબાજુ લગાવવી. આયુર્વેદના આચાર્યોએ હિંગને શૂળનું પ્રશમન દ્રવ્યોમાં શ્રેષ્ઠ ગણી છે. તે વાયુને નીચે તરફ ધકેલતી હોવાથી આંતરડામાં ગેસને એકઠો થવા દેતી નથી. હિંગ વગેરે આઠ દ્રવ્યોના સંયોજનથી આપણે ત્યાં હિંગાષ્ટક ચૂર્ણ બને છે અને તે ગેસ, પેટનો દુખાવો, ગોળો, આફરો અને કૃમિને દૂર કરે છે.

**કવયિત્રી : હિના મોદી**
**શીર્ષક : તડકાનો ટુકડો**

તરફડતાં તડકાનાં ટુકડાને જોઈ ચીસ નંખાય જાય છે
શું આ એ જ તડકાનો ટુકડો...!
જે સવારે પૂજાતો હતો, હસતો હતો, રમતો હતો.
શું આ એ જ તડકાનો ટુકડો...!
જેને જોઈ ડાળીઓ ઝૂલતી હતી, માળીઓ મ્હાલતા હતા.
શું આ એ જ તડકાનો ટુકડો...!
જેને જોઈ પંખીઓ આમથી તેમ ફરફર ઊડતાં હતાં, ચણતાં હતાં, ગીતો ગાતાં હતાં.
શું આ એ જ તડકાનો ટુકડો...!
જેને જોઈ આકાશ અંગો મરોડી જાગતું હતું, ચુંદડી પહેરી ઉડતું હતું
ધરતી અને ગગન આલિંગન કરતા હતાં.
તો પછી -
અત્યારે એવું તે શું થયું? કે...
આ તડકાનો ટુકડો હાંફી ગયો, ફાંફી ગયો,
તરફડતો થઈ ગયો.
સવારથી બપોર સુધી જીવતાં જીવતાં શું?
પોતે જ સર્જેલ આભાઓથી એ સળગી ગયો...!?



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Every Tuesday 5-6 PM
Adult Yoga Class
Every Saturday 9-10 AM
Gratitude Program
Every Thursday 9 PM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual
and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.



જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# સૌરાષ્ટ્રમાં વીજળી પડતા 5ના મોત, વાહનો તણાયા

રાજકોટ

હવામાન વિભાગની આગાહી અનુસાર મંગળવાર સવારથી જ રાજકોટ જિલ્લામાં મેઘમહેર જોવા મળી રહી છે. જો કે બપોર બાદથી જાણે મેઘ મહેર મેઘતાંડવ બની હોય તેવું લાગી રહ્યા છે. ગોંડલના વાસાવડ ગામે મેઘતાંડવ જોવા મળ્યો હતો. ધોધમાર 3 ઈંચ વરસાદ વરસતા નદીમાં ઘોડાપુર આવ્યું છે. વાસાવડ ગામ પાસેથી નદી ગાંડીતુર બની છે. ગોંડલમાં દોઢ કલાકમાં 4 ઈંચ વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા છે. રાજકોટના જસદણમાં વિજળી પડવાનાં કારણે 2 મોત, ગોંડલમાં 1, પંચમહાલ અને દાહોદમાં 1-1 વ્યક્તિનાં મોત નિપજ્યાં હતા.

ગોંડલમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેથી રસ્તાઓ પાણી પાણી થયા છે. ગોંડલ, કોટડાસાંગાણી, આટકોટ, જસદણ સહિતના પંથકમાં સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો હતો. ગોંડલ શહેરમાં પણ જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. ભારે વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. રસ્તાઓ પર જાણે નદીઓ વહેતી થઈ છે. રાજકોટમાં વરસાદ એટલો છે કે, તંત્રને એરપોર્ટ પણ બંધ કરવાની ફરજ પડી છે. રાજકોટની તમામ ફ્લાઇટો અમદાવાદ ખાતે ડાયવર્ટ કરવામાં આવી છે. ખરાબ હવામાનના કારણે વિઝિબિલિટી ઓછી થતા મુંબઈથી રાજકોટ આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ અમદાવાદ ખાતે ડાયવર્ટ કરવામાં આવી હતી. ભારે વરસાદના કારણે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ જામ્યો હતો.

## સૂત્રાપાડા, માણાવદરમાં આભ ફાટ્યું, 9 ઈંચ વરસાદ, રાજ્યમાં 8 મોત



જસદણ તાલુકાના પ્રતાપપુર નવાગામ વાડી વિસ્તાર નાના મોરલીયા વિસ્તારમાં વીજળી પડતા ૧૪ અને ૧૫ વર્ષના બે બાળકોના મોત થયા હતા. પંચમહાલના ગોધરાના વેગનપુર અને ફતેપુરા તાલુકાના માધવા ગામે ગાજવીજ સાથે વીજળી પડતાં બેનાં મોત થયા છે. ઉમરપાડા તાલુકાના માંડણપાડા ગામે ખેતરમાંથી ચારો કાપી આવી રહેલી મહિલા વીરા નદીના ઘોડાપૂરમાં ડૂબી જતા મોતને ભેટી છે. પાલિતાણા નજીકના કોઝ-વેના પ્રવાહમાં તણાવાથી આંકોલાળી ગામના ૩૮ વિધ્ય ભરતગીરી ગોસ્વામીનું મોત થયું પાલિતાણાના મોટી રાજસ્થળી રોડ પર આવેલ નાળામાં એક્ટિવા લઈને પસાર થતાં માતા અને તેના બે સંતાનો તણાયા હતા. જેમાં માતાનો આબાદ બચાવ થયો હતો અને ભાઈ-બહેનના મોત નિપજ્યા હતા.

## મોરબીમાં ગેંગવોરઃ કાર આંતરી ધાણીફૂટ ગોળીબાર, એકની હત્યા

રાજકોટ

મોરબીમાં હત્યા ના બદલે હત્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં આઠેક મહિના પહેલા યુવાનને મોતને ઘાટ ઉતારી નાંખનાર નામચીન શખ્સ ઉપર ધાણીફૂટ ફાયરિંગ કરીને તેની પણ હત્યા કરવામાં આવી છે. મોરબીના ભક્તિનગર સર્કલ નજીક બુધવારે મોડી રાત્રે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. જેમાં મિત્રો સાથે કારમાં જઈ રહેલા હનિફ કાસમાણી ઉર્ફે મમુ દાઢી નામના માથાભારે શખ્સ પર અંધાધૂંધ ફાયરિંગ કરીને હત્યા કરવામાં આવી છે. જ્યારે અન્ય બે શખ્સો ગંભીર રીતે ઘાયલ થતા તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ બનાવની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, મૃતકના પુત્રએ મોરબીના રફિક સહિત કુલ 13 શખ્સો વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. આજથી આઠેક મહિના પહેલા મૃતક મમુ દાઢીએ આરોપી રફીકના પુત્રની હત્યા કરી નાંખી હતી. જેને બદલો લેવા માટે હરિફ ગેંગે મૃતકની કારને રસ્તામાં આંતરી લઈને ફિલ્મી સ્ટાઈલમાં હત્યાને અંજામ આપ્યો હતો. હાલ મોરબી-એ ડિવિઝન પોલીસે ફરાર થઈ ગયેલા આરોપીઓની તપાસ માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

## રાજકોટના પીએચડીના છાત્રની આજી-2 ડેમમાં ઝંપલાવી આત્મહત્યા

રાજકોટ

જામનગર રોડ પરના ઈશ્વરીયા ગામ પાસે આવેલા આજી-૨ ડેમમાં સોમવારે સવારે ઝંપલાવી પીએચડીના છાત્ર આદિત્ય પ્રકાશ રાવલ (ઉ.વ.૨૪) એ આત્મહત્યા કરી લીધી હતી. એકમાત્ર પુત્રના મોતથી તેના માતા-પિતા હચમચી ગયા હતા. કુવાડવા રોડ પોલીસને આપઘાત પાછળનું કારણ જાણવા મળ્યું નથી. મંગળવારે સવારે નિત્યક્રમ મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી જાઉ છું તેમ કહી આદિત્ય ઘરેથી પોતાના બાઈક પર નિકળી ગયા બાદ સીધો આજી-૨ ડેમે પહોંચ્યો હતો. જયાં તેણે ઝંપલાવી દીધુ હતું.

## દેશના 8 મોટા શહેરમાં ગુજરાતની સંસ્થા ISR ભૂકંપ સંદર્ભે માઈક્રોઝોનિંગ કરશે

ગાંધીનગર

ગુજરાતમાં ભૂકંપની સંભાવના અને સિસ્મિક ઝોનનો અભ્યાસ કરતી ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ એ દેશના વિવિધ રાજ્યોમાં માઈક્રોઝોનિંગની કામગીરી કરવાની એક યોજના બનાવી છે. આ સંસ્થા હાલ નર્મદા અને કલ્પસર જળાશય સહિતના રાજ્યના તમામ નાના-મોટા જળાશય વિસ્તારમાં પણ કામ કરી રહી છે. આ સંસ્થાના ટોચના સાયન્ટીસ્ટે જણાવ્યું હતું કે અમારી સંસ્થાને ભારતના આઠ મોટા શહેરોમાં સિસ્મિક માઈક્રોઝોનિંગની કામગીરી સોંપવામાં આવી છે જેમાં પંજાબના અમૃતસર, ઉત્તરપ્રદેશના આગ્રા, મેરઠ, લખનૌ, કાનપુર, વારાણસી, બિહારના પટણા અને ઝારખંડના ધનબાદ શહેરનો સમાવેશ થાય છે. આ શહેરોમાં ગુજરાત સ્થિત આ સંસ્થાના વૈજ્ઞાનિકોએ માઈક્રોઝોનિંગનું કામ શરૂ કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં આ સંસ્થા દ્વારા નર્મદા અને કલ્પસર વિભાગ માટે ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામની નજીક બેરેક માટે સિસ્મિક જોખમની આકારણીના અભ્યાનું કામ તાજેતરમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. એ ઉપરાંત એશિયાના સૌથી મોટા સૌર અને વિન્ડ પાર્ક કે જે ગુજરાતના કચ્છ અને રાધાનેસડામાં આવેલો છે તેના સાઈટ સ્પેસિફિકેશનનો અભ્યાસ પૂર્ણ કરવામાં આવ્યો છે. રાજ્યની ડેમ સેફ્ટિ પેનલ હેઠળ રાજ્યના મોટા છ જળાશયોની પસંદગી કરવામાં આવી છે.

## રાજ્યમાં વિધાનસભા ચૂંટણી પહેલાં સહકારી ક્ષેત્ર ઉપર ભાજપનો ડોળો

અમદાવાદ

ગ્રામિણ વિસ્તારમાં કોંગ્રેસની વોટબેંક અંકે કરવાની ભાજપની ગણતરી છે. આ જોતા સહકાર ક્ષેત્ર પર હવે ભાજપનો ડોળો મંડરાયો છે. વિધાનસભાની ચૂંટણી જીતવા માટે ભાજપે સહકાર ક્ષેત્રનો રાજકીય લાભ ઉઠાવવા રણનીતિ ઘડી કાઢી છે. બુધવારે કમલમમાં સહકારી આગેવાનો સાથે બેઠક યોજશે અને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપશે.

વિધાનસભાની ચૂંટણીને હજુ એકાદ વર્ષથી વધુ સમય બાકી છે પણ હાલ મોંઘવારીથી આમ જનતા પિડાઈ રહી છે. આરોગ્ય સિસ્ટમથી ગ્રામિણ જનતા ભાજપથી ખફા છે. પોષણક્ષમ ભાવથી માંડીને સિંચાઈના પાણી સહિતના પ્રશ્નોને લીધે ખેડૂતો સરકારથી મોં ફેરવીને બેઠા છે. આ પરિસ્થિતીનો અંદાજ આવી જતાં ભાજપને ગ્રામિણ વિસ્તારમાં ઝાઝો પ્રતિસાદ મળે તેમ નથી. આમેય ભાજપની શહેરોમાં રાજકીય પ્રતિષ્ઠા બરકરાર છે પણ ગ્રામિણ વિસ્તારમાં હજુય કોંગ્રેસનો દબદબો રહ્યો છે જેની ગંધ આવી જતાં ભાજપે સહકાર ક્ષેત્રનો સહારો લઈને કોંગ્રેસની ગ્રામિણ વોટબેંક અંકે કરવા રણનીતિ ઘડી છે. વિધાનસભાની ચૂંટણીમાં પ્રદેશ પ્રમુખે 150 પ્લસનો ટાર્ગેટ રાખ્યો છે.

## બોર્ડ નિગમોમાં નિમણૂકનાં દ્વાર ખૂલ્યાં, ભાજપના નેતાઓમાં રાજકીય સંચાર

અમદાવાદ : વર્ષ 2022ની વિધાનસભાની ચૂંટણી જીતવા ભાજપ અત્યારથી કામે લાગ્યુ છે જેના ભાગરૂપે બોર્ડ નિગમોમાં નિમણૂકના દ્વાર ખોલાયા છે. ગુજરાત બિન અનામત શૈક્ષણિક-આર્થિક વિકાસ નિગમ અને ગુજરાત બિન અનામત આયોગમાં અધ્યક્ષ-ઉપાધ્યક્ષ નિમાયા બાદ ભાજપના ધારાસભ્યો,નેતાઓમાં રાજકીય સંચાર થયો છે. બોર્ડ નિગમમાં ચેરમેનપદ મેળવવા રાજકીય લોબીંગ પણ શરૂ થયુ છે. છેલ્લા કેટલાંય વખતથી બોર્ડ નિગમમાં નિયુક્તિ કરાઈ નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### ભાદરવી અમાસે ભાવનગર શહેરમાં રાજવી પરિવારે 126મી ધજાની પૂજા-વિધિ કરી

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના કોળિયાક ખાતે ભાદરવી અમાસના પર્વે પરંપરાગત રીતે સર્વપ્રથમ રાજવી પરિવારની ધજા ચડે છે. જે માટે રવિવારે શહેરના નિલમબાગ પેલેસ ખાતે રાજવી પરિવાર દ્વારા ધજાનું શાસ્ત્રોક્ત રીતે પૂજન અર્ચન કરવામાં આવ્યુ હતુ. ભાદરવી અમાસ અને ઋષિપાંચમના પર્વે કોળીયાકમાં સમુદ્ર સ્નાનનું મહત્વ હોય દરિયાની મધ્યમાં આવેલા નિષ્કલંક મહાદેવના મંદિરે દર વર્ષે આ પર્વે લોકમેળો ભરાય છે. જોકે છેલ્લા બે વર્ષથી કોરોનાના કારણે આ મેળો રદ કરાય છે. આ વર્ષે પણ કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડીને કોળીયાકનો મેળો બંધ રખાયો છે. વર્ષોની પરંપરા મુજબ મેળો ભલે બંધ હોય પરંતુ નીલમબાગ પેલેસમાં મહારાજા વિજયરાજસિંહજી અને યુવરાજ જયવીરરાજસિંહની હાજરીમાં ધજા પૂજન કરાયુ હતું.

### માંડવીમાં ભુંડોના ઝુંડે ગોસ્વામી સમાજની સ્મશાન ભૂમિમાં સમાધીને ખોદી નાખી

ભુજઃ માંડવી બંદરીય શહેરમાં રુકમાવતી નદીમાં ભૂંડોના ઝૂંડે તાજેતરમાં દશનામ ગોસ્વામી સમાજના સ્મશાનની પવિત્ર ભૂમિમાં (અખાડા)માં પ્રવેશ કરીને તાજી અપાયેલી સમાધિ ખોદી નાખવાની ઘટનાને અંજામ આપ્યો હતો. આ અંગે ગોસ્વામી સમાજમાં નારાજગી ફેલાતા શ્રી ગુંસાઇ પંચ ટ્રસ્ટના ચેરમેન કમલ ગર ગુસાઇ અને માંડવી નગરપાલિકાના પૂર્વ નગરપતિ રાજેશ ગીરી ગોસ્વામીએ માંડવી પાલિકાના સત્તાધીશો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમક્ષ વહેલી તકે માંડવી શહેરને ભૂંડ મુક્ત કરવા માંગ કરી રહ્યા છે. ૧૯૮૦ની સાલમાં માંડવી પાલિકાના પ્રમુખ સ્વ. રસિકલાલ અમૃતલાલ સંઘવીના સમયમાં શહેરમાં ભૂંડનો ત્રાસ વાધી જતાં લોક લાગણી અને માંગણી થતાં તેમના સમયમાં શહેરને ભૂંડ મુક્ત કર્યુ હતું. ૪૧ વર્ષ પછી શહેરમાં ભૂંડનો ત્રાસ વાધતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

### માંડવીના દરિયા કિનારે પ્રથમ વખત દુર્લભ સુંદર 'ગોકળ ગાય' મળી આવતા કૌતુક

ભુજઃ માંડવીના વિન્ડફાર્મ બીચ નજીકના દરિયા કાંઠે પ્રાથમ વખત દુર્લભ અને સુંદર દરિયાઇ ગોકળ ગાય મળી આવતા કૌતુક સર્જાયુ હતુ. અંદાજે ૨ સેન્ટીમીટરની સી સ્લગ નામની ગોકળ ગાય આકર્ષણનું કેન્દ્ર બની હતી. વિવિધ વિવિધતાથી ભરાયેલા ગુજરાતના દરિયા કિનારે સમયાંતરે અનેક દુર્લભ જીવ જોવા મળતા હોય છે. જામનગરના મરીન નેશનલ પાર્ક દરિયાઈ સૃષ્ટિથી ભરપુર છે ત્યારે કચ્છના અખાતમાં કદાચ પ્રાથમવાર આ પ્રકારનું દરિયાઇ જીવ જોવા મળ્યુ હતુ. જાણવા મળ્યા પ્રમાણે, ઓપસ ઓશિએનિક રીસર્ચ લેબોરેટરી નામક મરીન રીસર્ચ લેબોરેટરીના યશેશ શાહ અને નિકી રામી શાહ માંડવી બીચ ઉપર રિસર્ચ કરી રહ્યા હતા ત્યારે તેઓને આ દરિયાઇ જીવ મળી આવ્યો હતો. કચ્છમાં આ પ્રકારનું દરિયાઇ જીવ ક્યારેય પણ જોવા મળ્યુ નાથી. પહેલી વખત દરિયાઇ પાણીના ખાબોચીયામાં જોવા મળેલ આ જીવ આકર્ષણનું કેન્દ્ર બની રહેવાની સાથોસાથ લોકો તેને જોતા જ રહી ગયા હતા.

### ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર, ત્રીજી ઓક્ટોબરે મતદાન


**અમદાવાદ** : ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આગામી તા.3જી ઓક્ટોબરે ચૂંટણી યોજાશે. ગાંધીનગર પાલિકા ઉપરાંત ઓખા, થરા અને ભાણવડ નગરપાલિકા સહિત અન્ય પાલિકાની 39 બેઠકો અને તાલુકા પંચાયતની 47 ખાલી પડેલી બેઠકો માટે આ જ તારીખે પેટાચૂંટણી યોજાવા ચૂંટણી પંચે નક્કી કર્યુ છે. ગુજરાતમાં કોરોનાની બીજી લહેર વખતે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીની સત્તાવાર જાહેરાત થઇ ચૂકી હતી. ભાજપ-કોંગ્રેસ સહિત આપે ભરપૂર પ્રચાર પણ શરૂ કરી દીધો હતો પણ કોરોનાના કેસો વધતાં રાજ્ય સરકારની ચારેકોરથી ટીકા થવા માંડી હતી. આ ઉપરાંત રાજકીય પક્ષોને ય કોરોનાના ડરથી ઓછુ મતદાન થવાની ભીતિ સતાવી રહી હતી.

# અફઘાનમાં તાલીબાની શાસન : કાશ્મીર મુદ્દે શાહની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

**નવી દિલ્હી**

અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ પરિસ્થિતી બદલાઈ છે જેની અસર ભારત પર પણ પડી રહી છે. જેને લઈને જમ્મુ-કાશ્મીરમાં હાલની પરિસ્થિતીને લઈને ગૃહ મંત્રાલયમાં ગુરુવારે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં યોજાઈ હતી. નોધનિય છે કે આ ઉચ્ચસ્તરિય બેઠકમાં કેન્દ્ર અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઘણા ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલ, આર્મી ચીફ જનરલ એમએમ નરવાણે, કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લા, ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ના ડિરેક્ટર અરવિંદ કુમાર, RAW ચીફ સામંત ગોયલ, BSF DG પંકજ સિંહ અને CRPF ચીફ કુલદીપ સિંહે



ઉપસ્થિત રહ્યા હતા. નોંધનિય છે કે, આ બેઠક અંદાજે 2 કલાક સુધી ચાલી હતી.

અફઘાનિસ્તાન પર તાલિબાનોના કબજા બાદ ભારતના જમ્મુ-કાશ્મીરની સ્થિતિ કેવી રીતે બદલાઈ છે. ત્યાં પર સુરક્ષાની પરિસ્થિતિ કેવા પ્રકારની છે, આ અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ અને ત્યાં અમલીકરણ થઈ રહેલા વિકાસ પ્રોજેક્ટ્સની સમીક્ષા પણ કરી હતી.

# પશ્ચિમ બંગાળમાં ભાજપના 24 ધારાસભ્યો TMCના સંપર્કમાં

**કોલકાતા**

ભાજપના ધારાસભ્ય સૌમેન રૉયની TMCમાં વાપસીના થોડા દિવસો બાદ હવે તૃણમૂલ કોંગ્રેસના નેતા મુકુલ રૉયે દાવો કર્યો છે કે, આગામી સમયમાં ભાજપના અનેક ધારાસભ્યો TMCમાં સામેલ થઈ શકે છે. મુકુલ રૉયે જણાવ્યું કે, મમતા બેનરજી સાથે કામ કરવાની ઈચ્છા ધરાવતા 24 ધારાસભ્યો તેમના સંપર્કમાં છે. TMCમાં સામેલ થવા માંગતા ધારાસભ્યો અને નેતાઓનું લાંબુ લિસ્ટ છે.

આ વર્ષે જૂન મહિનામાં ખુદ મુકુલ રૉયે ભાજપ સાથે છેડો ફાડીને તૃણમૂલ કોંગ્રેસમાં વાપસી કરી હતી. તેઓ 4 વર્ષ પહેલા જ TMCમાંથી ભાજપમાં ગયા હતા. જો કે વિધાનસભા ચૂંટણીમાં ભાજપની હાર બાદ તેઓ ફરીથી એક વખત પક્ષ પલટો કરીને મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલમાં ભળી ગયા છે.

છેલ્લા 4 અઠવાડિયામાં સૌમેન રૉય, વિશ્વજીત દાસ અને તન્મય ઘોષ સહિત ભાજપના 4 ધારાસભ્યો તૃણમૂલ કોંગ્રેસમાં સામેલ થઈ ચૂક્યા છે. ખાસ વાત એ છે ક, આ તમામ ધારાસભ્યો મુકુલ રૉયની નિકટના માનવામાં આવે છે. આ તમામ 2021ની વિધાનસભા ચૂંટણી પહેલા મુકુલ રૉયના કારણે ભાજપમાં સામેલ થયા હતા.

# દેશમાં ગમે તે હાઈવે પર ઉતરશે ફાઈટર પ્લેન, તૈયારીઓ શરૂ થઈ

નવી દિલ્હી : ઈમરજન્સીની સ્થિતિમાં અથવા પછી રેસ્ક્યુ કે રાહત પહોંચાડવાના ઉદ્દેશ્યથી નેશનલ હાઈવેને લેન્ડિંગ એર સ્ટ્રિપમાં બદલવા માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આ તમામ એર સ્ટ્રિપ્સની લંબાઈ અને ડિઝાઈન એ હિસાબથી કરવામાં આવ્યા છે જેથી મોટા મોટા ફાઈટર એરક્રાફ્ટથી લઈને વિમાન પણ ઉતારી શકાય.

માર્ગ પરિવહન મંત્રાલય સાથે સંકળાયેલા સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે ફ્લાઈટ લેન્ડ કરતી વખતે હાઈવેને બંને બાજુથી બંધ કરવાથી લઈને જરૂરી સેફ્ટી પ્રોટોકોલનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે જેથી પરિવહનને અડચણ ન આવે. નેશનલ હાઈવે પર આવી 4 એર સ્ટ્રિપ્સ બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.

## ક્યાં બનશે એર સ્ટ્રિપ્સ

**જમ્મ કાશ્મીર:** બનિહાલ-શ્રીનગર માર્ગ પર અવંતિપુરા પાસે કામ ચાલી રહ્યું છે. જમ્મુ-ઉધમપુર માર્ગમાં સાઈટ વિઝિટ થશે.

**પંજાબ:** સંગરૂર જિલ્લામાં એનએચ 71 પર દોગલ દિરવા ગામ પાસે સાઈટ વિઝિટ થશે. હરિયાણામાં સિરસા માર્ગમાં ડબબલી પાસે એક મહિનાની અંદર ટેન્ડર થઈ જશે. હિસારમાં કલ્પના ચાવલા મેડિકલ કોલેજ પાસે એક મહિનામાં ટેન્ડર થઈ જશે.

**ઉત્તર પ્રદેશ:** મુરાદાબાદ પાસે NH 24માં સાઈટ વિઝિટ થશે. તે સિવાય લખનૌ-રાયબરેલી વચ્ચે અને અયોધ્યા પાસે એનએચ 27માં સાઈટ વિઝિટ થશે.

**રાજસ્થાન:** ફલૌદી-જેસલમેર, બાડમેર-જેસલમેર માર્ગમાં સ્પોટ ફાઈનલ થઈ ગયા છે. ટેન્ડર થવાનું છે. ગંધો-બકાસર માર્ગમાં નિર્માણ કાર્ય ચાલુ છે.

**ગુજરાત:** રાજકોટના દતરાના પાસે નિર્માણનું ટેન્ડર થઈ ગયું છે. દ્વારકા-માલ્યામાં વર્ક ઓર્ડર થઈ ગયો છે. ભુજ-અંજાર માર્ગમાં સાઈટ વિઝિટ થશે. સુરત-મુંબઈ માર્ગ પર સાઈટ વિઝિટ થશે.

**આંધ્ર પ્રદેશ:** નેલ્લોર પાસે નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. વિજયવાડા-અંગોરમાં નિર્માણ કાર્ય ચાલુ છે. રાજમૂંદરી-વિજયવાડા માર્ગમાં સાઈટ વિઝિટ થશે.

**મિલનાડુ:** પુડુચેરીમાં ટેન્ડર થઈ ગયું છે. જમીન અધિગ્રહણ ન કરવા દીધું. મદુરાઈ માર્ગમાં સાઈટ વિઝિટ થશે.

**પશ્ચિમ બંગાળ:** બાલાસૂર-ખડગપુરમાં કામ ચાલી રહ્યું છે. ડિગના પાસે સાઈટ વિઝિટ થશે.

**બિહાર:** ઈસ્લામપુર-કિશનગંજ પાસે સાઈટ વિઝિટ થશે.

**આસામ:** જોરહાટમાં શિવસાગર પાસે પસંદગી થઈ ગઈ છે. ટેન્ડર થશે. બરકાઘાટ પાસે લોકેશન ફાઈનલ છે, ટેન્ડર થશે. નૌગાંવ સેનભોગ માર્ગ એનએચ 27નું ટેન્ડર થશે.

# ભાજપે 5 રાજ્યના ચૂંટણી પ્રભારી જાહેર કર્યા, વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ

**નવી દિલ્હી**

ભારતીય જનતા પાર્ટીએ આગામી વર્ષે યોજાનારી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાર્ટીએ બુધવારે પાંચ ચૂંટણી રાજ્યો માટે પોતાના પ્રભારીઓની જાહેરાત કરી હતી. ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર શેખાવત પંજાબના પ્રભારી, ધર્મેન્દ્ર પ્રધાનને યુપીના પ્રભારી બનાવાયા. ભૂપેન્દ્ર યાદવને મણિપુરના પ્રભારી બનાવાયા. દેવેન્દ્ર ફડણવીસને ગોવાના પ્રભારી બનાવાયા છે. પ્રહલાદ જોશી ઉત્તરાખંડના ચૂંટણી પ્રભારી બનાવાયા છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, અર્જુન રામ મેઘવાલ, સરોજ પાંડે, શોભા કરંદલાજે, કેપ્ટન અભિમન્યુ, અન્નપૂર્ણા દેવી અને વિવેક ઠાકુરને યુપી ચૂંટણી માટે સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે.

ઉત્તરાખંડ માટે પાર્ટીએ કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીને જવાબદારી સોંપી છે, સાથે લોકેટ ચેટરજી અને સરદાર આરપી સિંહને પણ સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. હરદીપ પુરી, મીનાક્ષી લેખી, વિનોદ ચાવડાને કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતની સાથે પંજાબ ચૂંટણી માટે પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને ગોવાની ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી છે. આ સાથે જ મણિપુરની વિધાનસભા ચૂંટણી માટે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને પ્રભારી બનાવવામાં આવ્યા છે.

# અયોધ્યામાં દીપોત્સવમાં PM ઉપસ્થિત રહેશે, યોગી સરકાર પોતાનો રેકોર્ડ તોડશે

**લખનઉ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 2021ની દિપાવલી પર્વ પર અયોધ્યા આવી શકે છે. એવું માનવામાં આવે છે કે દર વર્ષે યોજાનારા દીપોત્સવના કાર્યક્રમમાં PM મોદી ભાગ લઈ શકે છે. આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને PMની મુલાકાત મહત્વનું માનવામાં આવે છે. PMની અયોધ્યા મુલાકાતમાં કેટલાક વધુ કાર્યક્રમો થશે. રાજ્યપાલ, મુખ્યમંત્રી, ઘણા કેન્દ્રીય મંત્રીઓ અને યુપી સરકારના કેબિનેટ મંત્રીઓ દીપોત્સવના કાર્યક્રમમાં સામેલ થશે.



જોકે, અયોધ્યામાં PMના આગમનની તારીખ શું છે તે હજુ સ્પષ્ટ થયું નથી. આ વખતે દીપાવલી 4 નવેમ્બરે છે અને દીપોત્સવનો કાર્યક્રમ ધનતેરસથી એટલે કે 2 નવેમ્બરથી શરૂ થશે. આવી સ્થિતિમાં માનવામાં આવે છે કે PM ધનતેરસના દિવસે અયોધ્યા આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર અયોધ્યા અંગે સમયાંતરે કાર્યક્રમો યોજતી રહે છે. ત્યારે વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને અયોધ્યા હાલમાં રાજકીય પક્ષોના એજન્ડામાં છે. એક બાજુ, જ્યારે બસપાએ ત્યાંથી સમ્મેલનની શરૂઆત કરી, ઓવૈસી પણ અયોધ્યા ગયા. રાજા ભૈયાએ અયોધ્યાથી પણ શરૂઆત કરી અને ભાજપ પણ એક મોટી યોજના બનાવી રહી છે. ગયા વર્ષે 5 ઓગસ્ટે PM મોદીએ રામ મંદિર નિર્માણ માટે શિલાન્યાસ કર્યો હતો.

# બ્રહ્મપુત્રા નદીમાં બે નૌકા ટકરાઈ: 1 મોત, 40 બચાવાયાં, 70 લાપતા

**જોરહાટ**

આસામના જોરહાટ જિલ્લામાં નિમાતિ ઘાટ નજીક બુધવારે બ્રહ્મપુત્રા નદીમાં બે નૌકા ટકરાઈ જતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. એનડીઆરએફ ૧૨મી બટાલિયનના સહાયક કમાન્ડરે જણાવ્યું હતું કે આ દુર્ઘટના બાદ ૧નું મોત થયું છે જ્યારે ૪૦ લોકોને તો બચાવી લેવામાં આવ્યા હતા, પરંતુ ૭૦ લોકો હજી લાપતા હતા. ઔવડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઘટના પરત્વે શોક જાહેર કરતાં જણાવ્યું હતું કે નૌકાના પ્રવાસીઓને બચાવવા તમામ પ્રયાસ થશે. મુખ્યપ્રધાન હિમન્તા બિસ્વાએ પણ ચિંતા જાહેર કરીને જિલ્લા વહીવટીતંત્રને એનડીઆરએફ અને એસડીઆરએફને બચાવ કાર્યમાં મદદ કરવા સુચના આપી હતી.

# યુપી, બિહાર બાદ રહસ્યમય તાવનો કેર હવે મધ્યમપ્રદેશમાં, હોસ્પિટલો ફૂલ

**પટણા**

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદથી શરૂ થયેલો રહસ્યમયી તાવનો કહેર હવે બિહાર અને મધ્ય પ્રદેશ સુધી પહોંચી ગયો છે. બિહારમાં કોરોનાની બીજી લહેરની માફક હોસ્પિટલો ફરીથી ફુલ થઈ ગઈ છે. એક બેડ પર ૨-૨ બાળકોની સારવાર થઈ રહી છે અને ગ્વાલિયરમાં પણ વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

ઉત્તર પ્રદેશની વાત કરીએ તો રાજ્યના અનેક જિલ્લાઓમાં રહસ્યમયી તાવનો કહેર વ્યાપ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યના ૯૦ કરતા પણ વધારે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. માત્ર ફિરોઝાબાદમાં જ અત્યાર સુધીમાં ૫૫ લોકોના મોત થયા છે અને તેમાંથી મોટા ભાગના બાળકો છે.

યુપીના ૮ જિલ્લાઓમાં વાયરલ જેવા લક્ષણોવાળા આ તાવને લઈ ડરનો માહોલ છે. કાસગંજના ગ્રામીણ વિસ્તારોની વાત કરીએ તો લોકો બોગસ ડોક્ટરો પાસે સારવાર મેળવવા મજબૂર બન્યા છે અને તાવ ઉતારવા લિક્વિડ ચઢાવવામાં આવી રહ્યું છે.

# ગીલાનીના મોતના બહાને હિંસાનું કાવતરૂ, મેહબૂબા ઘરમાં નજર કેદ કરાયા

**શ્રીનગર**

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મેહબૂબા મુફ્તીને તેમના ઘરે નજર કેદ કરવામાં આવ્યા છે. જેને પગલે આ કાર્યવાહીની ટીકા કરતા મેહબૂબા મુફ્તીએ કહ્યું હતું કે જમ્મુ કાશ્મીર પ્રશાસન દાવો કરી રહ્યું છે કે રાજ્યમાં બધુ જ શાંત છે પણ મારી વિરૂદ્ધની કાર્યવાહી આ દાવાને ઉઘાડા પાડી રહી છે. મેહબૂબાએ દાવો કર્યો હતો કે એક તરફ કેન્દ્ર સરકાર અફઘાનિસ્તાનના નાગરિકોની ચિંતા કરી રહી છે જ્યારે બીજી તરફ કાશ્મીરના નાગરિકોની ધરપકડ કરીને તેમને પરેશાન કરવામાં આવી રહ્યા છે. આ આરોપો મેહબૂબાએ ટ્વિટરના માધ્યમથી કર્યા હતા.

# તાલિબાને કંદહાર હાઈજેક કરનારાના દીકરાને અફઘાન.ના રક્ષા મંત્રી બનાવ્યા

**કાબુલ**

અફઘાનિસ્તાનમાં તાલિબાને પોતાની નવી સરકારની જાહેરાત કરી દીધી છે. તાલિબાનના સંસ્થાપક મુલ્લા ઉમરના દીકરા મુલ્લા યાકુબને અફઘાનિસ્તાનના નવા રક્ષા મંત્રી બનાવ્યા છે. મુલ્લા યાકુબ એ મુલ્લા ઉમરનો દીકરો છે જે 1999માં થયેલા કંદહાર હાઈજેકનો માસ્ટરમાઈન્ડ હતો.

24 ડિસેમ્બર 1999ના રોજ પાકિસ્તાની આતંકવાદીઓએ ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ IC-814ને જૈશ-એ-મોહમ્મદના ચીફ આતંકી મસૂદ અઝહર, અલ ઉમર મુઝાહિદીનના નેતા મુશ્તાક અહમદ જરગર અને અલકાયદાના નેતા અહમદ ઉમર સઈદ શેખને છોડવા માટે હાઈજેટ કરી લેવાયું હતું. નેપાળની રાજધાની કાઠમંડુથી ઉડેલા આ વિમાનને આતંકી અફઘાનિસ્તાનના કંદહારમાં લઈ ગયા હતા. ત્યારે કંદહારમાં તાલિબાનનું રાજ હતું. આ ત્રણેય આતંકી ભારતીય જેલમાં બંધ હતા. આ ફ્લાઈટમાં



176 પેસેન્જર સવાર હતા, જેમને હાઈજેકર્સે 7 દિવસ સુધી બંધક બનાવી રાખ્યા હતા. એવું કહેવાય છે કે હાઈજેકિંગ ઓપરેશનને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈની મદદથી અંજામ અપાયો હતો. મુલ્લા ઉમર આ ઓપરેશનનો માસ્ટરમાઈન્ડ હતો.

# કાબુલમાં 'પાકિસ્તાન મુર્દાબાદ'ના નારા વચ્ચે તાલિબાનનો ગોળીબાર

**કાબુલ**

તાલિબાનના સમર્થનમાં પંજશીર પર પાકિસ્તાન એરફોર્સના ડ્રોન હુમલાના વિરોધમાં મંગળવારે મહિલાઓ સહિત સેંકડો અફઘાન દેખાવકારો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તેમણે 'પાકિસ્તાન મુર્દાબાદ'ના સૂત્રોચ્ચાર કરવાની સાથે અફઘાનિસ્તાનમાં 'સ્વતંત્રતા', 'અલ્લાહ અકબર' અને 'મહિલા અધિકારો'ના પણ સૂત્રોચ્ચાર કર્યા હતા. જોકે, કાબુલના રસ્તાઓ પર પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચારથી ધૂંઆપૂંઆ થઈ ગયેલા તાલિબાનોએ રેલીને વેર-વીખેર કરવા માટે હવામાં ગોળીબાર કર્યો હતો. દરમિયાન આખરે નવી સરકાર રચવાના અવરોધો દૂર થયા છે અને મુલ્લા મોહમ્મદ હસન અખુંદને વડાપ્રધાન જાહેર કરાયા છે.

અમેરિકાની અફઘાનિસ્તાનમાંથી વિદાય પહેલાં જ આખા અફઘાનિસ્તાન પર વીજળીક ગતિએ કબજો કરનારા તાલિબાનો એક પખવાડિયા કરતાં વધુ સમયથી પંજશીર પર કબજો કરવામાં નિષ્ફળ ગયા હતા. પંજશીર પર કબજો કરવા માટે આખરે તાલિબાને તેના 'આકા' પાકિસ્તાનની મદદ લેવી પડી હતી. પાકિસ્તાની એરફોર્સે પંજશીર પર ડ્રોન હુમલો કરતાં તેમજ પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈના વડાની કાબુલ મુલાકાતથી અફઘાન નાગરિકોમાં ભારે આક્રોશ ફેલાયેલો છે.

# UKમાં PM આવાસમાં પ્રવેશ માટે ફરજિયાત કોવિડ ટેસ્ટથી વિવાદ

ન્યુ યોર્ક : યુકેમાં વડાપ્રધાન બોરીસ જ્હોન્સને કન્ઝર્વેટિવ પાર્ટીના સાસંદોને તેમના સત્તાવાર નિવાસસ્થાને ડ્રિન્ક્સ માટે આંમત્રણ આપ્યું ત્યારે કોવિડ પાસ લાવવાની તાકીદ કરતાં વિવાદ ઉભો થયો છે. ઘણા સાંસદો કોરોનાની બે રસીના પ્રમાણપત્ર ગણાતા આ કોવિડ પાસને લઈ જવાનું ઉચિત માનતા નથી. કન્ઝર્વેટિવ પાર્ટીના સાસંદ સર ડેસ્મન્ડ સ્વાયને જણાવ્યું હતું કે મારી પાસે વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને કોવિડ પાસપોર્ટ માગવામાં આવશે તો હું તેમને નમ્રતાપૂર્વક ના પાડી દઈશ. બીજી પણ ઘણી પાર્ટીઓ છે. નોંધપાત્ર મુદ્દો એ છે કે સંસદમાં વડાપ્રધાનને મળવા માટે આવી કોઈ શરત રખાઈ નથી પણ તેમના નિવાસસ્થાને આવી શરત રાખવામાં આવતાં સાંસદો રોષે ભરાયા છે. યુએસમાં કોરોનાના નવા સાડા ચાર હજાર કેસો નોંધાવાને પગલે કુલ કેસોની સંખ્યા 40,870,330 થઈ છે તો કુલ કોરોના મરણાંક 6,66,624 થયો છે તેમ વર્લ્ડોમીટર નામની વેબસાઈટ પર જણાવવામાં આવ્યું છે. જે દેશોમાં કોરોનાને કારણે મરણાંક દોઢ લાખ કરતાં વધારે છે તેવા દેશોમાં પ્રથમ ક્રમે યુએસએ, બીજા ક્રમે બ્રાઝિલ, ત્રીજાક્રમે ભારત છે.

# USમાં કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટનો પ્રકોપ 3 લાખ નવા કેસ, 2226 દર્દીઓના મોત

**વોશિંગ્ટન**

અમેરિકામાં કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટનો પ્રકોપ યથાવત છે, બુધવારે સાંજે સુધીના ૨૪ કલાક દરમિયાન કોરોનાના નવા કેસીસની સંખ્યા ૩૦,૧૧,૩૮ નોંધાઈ હતી અને આ ગાળા દરમિયાન ૨૨૨૬ કોરોના દર્દીઓએ જીવ ગુમાવ્યો હતો. આ સાથે અમેરિકામાં કોરોના દર્દીઓનો કુલ આંકડો ૪.૦૪ કરોડને પાર કરી ગયો હતો અને મૃત્યુઆંક પણ ૬.૫૧ લાખને પાર કરી ગયો છે. નોંધનીય છે કે અમેરિકામાં ફ્લોરિડામાં કોરોના બેકાબૂ થયો છે પાછલા ૨૪ કલાકમાં આ સ્ટેટમાં ૫૬૦૮૨ નવા કેસીસ અને ૬૪૯ મોત નોંધાયા હતાં. દરમિયાન વિશ્વમાં કોરોના સંક્રમણના અત્યાર સુધીના કુલ કેસીસ ૨૨૧,૮૬૮,૫૦૫ નોંધાયા છે અને આ ગાળા દરમિયાન ૪,૫૮૫,૫૦૮ દર્દીના મોત થયા છે.

દરમિયાન ઈઝરાયેલમાં લોકોને સમૂહમાં કોરોના વેક્સિનનો બૂસ્ટર ડોઝ અપાયા બાદ કોવિડ સંક્રમણના દરમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે, હોસ્પિટલમાં દાખલ થનારા લોકોની સંખ્યા પણ ઝડપથી નીચે આવી રહી છે તેમ ડેટા દર્શાવે છે. ઓક્સફર્ડ યુનિ દ્વારા સંપાદિત આંકડા અનુસાર ઈઝરાયેલમાં બાળકો શાળાએ પરત ફરી રહ્યા હોવા છતાં પાછલા ચાર દિવસથી નવા કેસીસની સંખ્યા સતત ઘટી રહી છે. ૩ સપ્ટેમ્બરે ૧૦,૦૦૦ની ઉપર નવા કેસીસ આવતા હતાં તે બુધવારે કુલ ૪૬૩૨ લોકો સંક્રમિત નોંધાયા હતાં.

# ઈન્ડોનેશિયાની જેલમાં ભીષણ આગ, સુઈ રહેલાં 41 કેદીઓ ભડથુ થઈ ગયા

**બેન્ટેન પ્રાંત**

ઈન્ડોનેશિયાના બેન્ટેન પ્રાંતની જેલમાં બુધવારે વહેલી સવારે ભીડભાડવાળા બ્લોકમાં ભીષણ આગ લાગી હતી, જેમાં ઓછામાં ઓછા 41 લોકોના કરુણ મોત થયા છે અને અસંખ્ય લોકો ઘાયલ થયા હતા. કાયદા અને માનવાધિકાર મંત્રાલયના જેલ વિભાગના પ્રવક્તા રિકા અપારિન્તીએ જણાવ્યું હતું કે તાંગરંગ જેલના બ્લોક Cમાં બપોરે 1 થી 2 વાગ્યાની આસપાસ આગ લાગી હતી. તેમણે કહ્યું કે આગ લાગવાના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

તાંગરેંગ જેલના બ્લોક Cમાં આગ લાગી હતી, જ્યાં જેલમાં ભારે ભીડ હતી. આ બ્લોકમાં 122 કેદીઓને રાખવાની ક્ષમતા છે, પરંતુ જે કેદીઓને રાખવામાં આવ્યા હતા તેની સંખ્યાની પુષ્ટિ થવાની બાકી છે. સપ્ટેમ્બર મહિનાના સરકારી આંકડાઓ અનુસાર, ઈન્ડોનેશિયાની



રાજધાની જકાર્તા પાસેની તાંગરેંગની જેલમાં 2,000થી વધુ કેદીઓ હતા, જે તેની 600 લોકોની ક્ષમતા કરતા ઘણા વધારે છે. બુધવારે બપોરે 1 કે 2 વાગ્યાની આસપાસ આગ લાગી હતી અને આ સમયે મોટાભાગના કેદીઓ સૂઈ રહ્યા હતા. આ અકસ્માતમાં ઘણા કેદીઓ ગંભીર રીતે દાઝી ગયા છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# મેક્સિકોમાં 7.1નો પ્રચંડ ભૂકંપ : એકનું મોત, 16 લાખ અંધારપટમાં

**મેક્સિકો**

મેક્સિકોમાં મંગળવારે મોડી રાત્રે આવેલા ૭.૧ની તીવ્રતાના ભૂકંપને પગલે ચારેતરફ ભય અને અફરાતફરીનો માહોલ છવાઈ ગયો છે. અનેક મકાનો, ઈમારતોને નુકસાન થયું હતું. બીજી તરફ પ્રારંભિક ધોરણે સુનામીની પણ ચેતવણી જાહેર કરવામાં આવી હતી.

આ ભૂકંપમાં નુકસાન વધારે થયું હોવાના અંદાજ છે પણ માત્ર એક જ વ્યક્તિનું મોત થયું છે. મેક્સિકોમાં રિસોર્ટ સિટી તરીકે જાણીતા એકાપુલ્કોથી ૧૧ માઈલ દૂર ઉત્તર-પૂર્વમાં જમીનથી ૭.૮ માઈલ નીચે



ભૂકંપનું એપિસેન્ટર હતું. ભૂકંપ આવ્યા બાદ બુધવારે ૯૨ આફ્ટરશોક આવ્યા હતા. વીજળી ગુલ થતાં ૧૬ લાખ લોકો અંધારપટમાં સપડાયાં હતાં.

# પૂર્વીય લદ્દાખમાં સંઘર્ષ વચ્ચે ચીને ભારત સરહદે આર્મી કમાન્ડર બદલ્યા

**બેઈજિંગ**

ભારત અને ચીન વચ્ચે પૂર્વીય લદ્દાખ સરહદે ચાલી રહેલા વિવાદ વચ્ચે ડ્રેગને ભારતીય સરહદે નવા મિલિટ્રી કમાન્ડર જનરલ વાંગ હૈજિયાંગની પીપલ્સ લિબરેશન આર્મીની પશ્ચિમી થીયેટર કમાન્ડના નવા કમાન્ડર તરીકે નિમણૂક કરી છે. પૂર્વીય લદ્દાખમાં ભારત સાથે સંઘર્ષ પછી ચીને ચોથી વખત પશ્ચિમી થીયેટર કમાન્ડના કમાન્ડર બદલ્યા છે. પૂર્વીય લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે લગભગ દોઢ વર્ષથી સ્ટેન્ડ-ઓફની સ્થિતિ છે. અનેક તબક્કાની વાટાઘાટો પછી પણ બંને દેશ કોઈ સમજૂતી પર પહોંચી શક્યા નથી. જનરલ વાંગ હૈજિયાંગ વેસ્ટર્ન થિયેટર કમાન્ડમાં જનરલ શૂ કિલિંગનું સ્થાન લેશે.

# કોરોના ઈફેક્ટ છતાં ઓગસ્ટમાં ચીનની આયાત-નિકાસ વધારો

**બેઈજિંગ**

કોરોના વાઈરસના ડેલ્ટા વેરિયન્ટને કારણે ઉભા થયેલા અવરોધો છતાં ઓગસ્ટ મહિનામાં ચીનની આયાત અને નિકાસમાં વધારો જોવા મળ્યો છે. ઓગસ્ટ મહિનામાં ચીનની નિકાસ ૨૯૪.૩ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષના ઓગસ્ટ મહિના કરતા ૨૫.૬ ટકા વધારે છે. જ્યારે જુલાઈ, ૨૦૨૧ કરતા ઓગસ્ટ, ૨૦૨૧ની નિકાસ ૧૮.૯ ટકા વધારે છે. ઓગસ્ટ, ૨૦૨૧માં ચીનની નિકાસ ૨૩૬ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષના ઓગસ્ટ મહિનાની સરખામણીમાં ૩૩.૧ ટકા વધારે છે. જ્યારે જુલાઈ, ૨૦૨૧ કરતા ૨૮.૭ ટકા વધારે છે. ગયા વર્ષના વૈશ્વિક આર્થિક શટડાઉન અને ચાલુ વર્ષે ફરીથી કોરોનાની લહેરને કારણે ઔદ્યોગિક ઉત્પાદન ચેઈનમાં અવરોધ ઉભો થયા છતાં નિકાસ અને અયાતના પ્રોત્સાહક આંકડા જાહેર કરીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે. ઓગસ્ટ મહિનામાં ચીનની અમેરિકામાં થયેલી નિકાસ ૫૧.૭ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૧૫.૫ ટકા અને જુલાઈ, ૨૦૨૧ની સરખામણીમાં ૧૩.૪ ટકા વધારે છે.

# કેનેડાના નોવા સ્કોસિયા પ્રાંતમાં ભારતીય યુવાનની હત્યા કરાયેલી લાશ મળી

**નોવા સ્કોસિયા**

કેનેડાના નોવા સ્કોસિયા પ્રાંતના ટ્રુરો નગર ખાતે એક એપાર્ટમેન્ટમાં ૨૩ વર્ષના ભારતીય વિદ્યાર્થીની હત્યા થતાં મૃતદેહ મળી આવ્યો હતો. ભારતીય સમુદાયના સભ્યોને વંશીય કારણોસર હત્યા થઈ હોવાની આશંકા છે. ટ્રુરો પોલીસ સેવાના અધિકારી ડેવિડ મેકનેઈલે જણાવ્યું હતું કે રવિવારે પોલીસને ફોન મળતાં ઘટનાસ્થળે પહોંચી હતી. એપાર્ટમેન્ટમાં જીવલેણ ઘાયલ સ્થિતિમાં એક વ્યક્તિ મળી આવી હતી. પોલીસે તેને પ્રભજોતસિંહ ખત્રી તરીકે ઓળખી કાઢ્યો હતો અને ગંભીર ઈજાને કારણે જ યુવાનનું મૃત્યુ થયું હતું. યુવાન લેયટોન્સ ટેક્સી માટે કામ કરતો હતો તેમ જ ટ્રુરોમાં એક બે રેસ્ટોરન્ટ માટે પણ કામ કરતો હતો.

# કોરોનાની બીજી લહેર પૂરી, 38 જિલ્લામાં 100 કેસ

**નવી દિલ્હી**

દેશમાં કોરોનાના સૌથી વધુ નવા કેસ કેરલ રાજ્યમાંથી સામે આવી રહ્યા છે. ટકા કેસ કેરલથી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવે આ વિગતો આપ્યા બાદ કહ્યુ કે, દેશમાં કોરોના કેસમાં ઘટાડો ૫૦ ટકાથી થોડો ઓછો છે, જે પ્રથમ લહેરમાં હતો. તેમણે કહ્યું કે, દેશમાં હજુ કોરોનાની બીજી લહેર જોવા મળી રહી છે, જે ખતમ થઈ નથી. આ સાથે તેમણે કહ્યું કે, દેશમાં માત્ર ૩૮ જિલ્લામાં દરરોજ ૧૦૦થી વધુ કેસ આવી રહ્યાં છે. દેશમાં કુલ સક્રિય કેસમાં ૬૧ ટકા કેરલ અને મહારાષ્ટ્રમાં ૧૩ ટકા છે. કર્ણાટક, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં ૧૦,૦૦૦થી વધુ અને ૫૦,૦૦૦થી



વધુ સક્રિય કેસ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવે કહ્યુ કે, આવનારા તહેવારો પહેલા આપણે રસીકરણની ગતિ વધારવી પડશે. આપણે દેશમાં અત્યાર સુધી રસીના ૭૨ કરોડ ડોઝ આપ્યા છે. મેમાં એવરેજ ૨૦ લાખ ડોઝ દરરોજ લાગતા હતા, આજે સપ્ટેમ્બરમાં આપણે ૭૮ લાખ ડોઝ દરરોજ લગાવી રહ્યાં છીએ.

દેશમાં ઝડપી રસીકરણ અભિયાન પર નીતિ આયોગના સભ્ય ડોક્ટર વીકે પોલે જણાવ્યુ કે, અત્યાર સુધી ૧૮ વર્ષથી વધુ ઉંમરના ૫૮ ટકા લોકોને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવી ચુકયો છે, તેમાંથી ૧૮ ટકાએ વેક્સિનનો બીજો ડોઝ પણ લઈ લીધો છે. આ સાથે તેમણે કહ્યું કે, અમે સક્રિય રૂપથી બાળકો પર વેક્સિનના સંભવિત ઉપયોગની વૈજ્ઞાનિક પુષ્ટિની દિશામાં કામ કરી રહ્યાં છીએ. બાળકોમાં સંભવિત ઉપયોગ માટે એક વેક્સિન ઉપલબ્ધ થઈ છે. સ્કૂલ ખોલવા માટે બાળકોને વેક્સિન લાગે તે માપદંડ દુનિયામાં કોઈ માનતું નથી.

## 24 કલાકમાં દેશમાં વધુ 43263 કેસ

દેશમાં કોરોના સંક્રમણ સતત ડરાવી રહ્યો છે. ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ફરીથી ૪૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. જેમાં માત્ર કેરળમાં જ ૩૦ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે અને ૧૮૧ દર્દીએ જીવ ગુમાવ્યો છે. મહારાષ્ટ્રમાં ૪૧૦૦થી વધુ લોકો સંક્રમિત થયા છે અને ૬૫ દર્દીનાં મોત થયા છે. આ બે રાજ્યોની તુલનામાં ગુજરાતમાં સંક્રમણની સ્થિતિ ઘણે અંશે કાબૂમાં છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૭ નવા કેસ નોંધાયા છે. આ ઉપરાંત મૃત્યુદરમાં મોટો ઘટાડો નોંધાતા રિકવરી રેટ ૯૮.૭૬ ટકા છે. ગુરૂવાર સવારે કેન્દ્રીય આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૩,૨૬૩ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૩૩૮ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૩૧,૩૯,૯૮૧ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૭૧,૬૫,૯૭,૪૨૮ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૬,૫૧,૭૦૧ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કોવિડ-૧૯ મહામારી સામે લડીને ભારતમાં ૩ કરોડ ૨૩ લાખ ૪ હજાર ૬૧૮ લોકો સાજા પણ થઇ ચૂકયા છે. ૨૪ કલાકમાં ૪૦,૫૬૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# નારાયણ રાણેની પત્ની અને પુત્ર સામે લુકઆઉટ નોટિસ જારી થઈ

**મુંબઈ**

કેન્દ્રિય મંત્રી નારાયણેની મુશ્કેલી ઓછી થવાનું નામ નથી લઈ રહી. થોડા દિવસ પહેલા તેમણે સીએમ ઉદ્ધવ ઠાકરે વિશે આપેલા નિવેદનથી વિવાદ થયો હતો અને તેમની સામે ફરિયાદ પણ દાખલ કરવામાં આવી હતી. આ ઘટના હજુ તાજી જ ત્યાં તેમની પત્ની અને પુત્ર સામે લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, આ નોટિસ દીવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશનવાળા કેસમાં આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, તેમાથી નારાયણ રાણેની પત્ની નીલમે 25 કરોડ અને તેના પુત્ર નિતેશે 40 કરોડની લોન લીધી હતી. આ જારી કરવામાં આવેલી લુક આઉટ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, આ વાતને નકારી ન શકાય કે, લોન લેનાર નિલમ અને નિતેશ લોન ન ચૂકવવાની સ્થિતિમાં દેશ છોડી શકે છે. તો બીજી તરફ કોઈ પણ પ્રકારની કાર્યવાહીથી બચવા માટે બન્ને દેશ છોડીને કોઈ બીજા દેશમાં વસવાટ કરી શકે છે. આ વાતને ધ્યાનમાં રાખીને નારાયણ રાણેની પત્ની અને તેના પુત્ર સામે લુક આઉટ નોટિસ જારી કરવામાં આવી છે.

# ત્રિપુરાઃ ભાજપ અને CPM કાર્યકરો વચ્ચે હિંસા, કાર્યાલયને આંગી ચાંપી, અનેક ઘાયલ

**નવી દિલ્હી**

ત્રિપુરામાં ભાજપ અને સીપીઆઈ (એમ)ના કાર્યકરો વચ્ચે ઝગડો થયો હતો અને તે એટલી હદે વધી ગયો કે બંને પાર્ટીઓના કેટલાક કાર્યકરો ગંભીર રીતે ઘાયલ થયા છે. જાણવા મળ્યા મુજબ ગોમતી જિલ્લાના ઉદયપુર શહેરમાં સીપીએમ યુથ વિંગ ફેડરેશન દ્વારા એક રેલી કાઢવામાં આવી હતી. તે સમયે ભાજપના કેટલાક કાર્યકરો ત્યાંથી પસાર થયા હતા અને સીપીઆઈના લોકોએ તેમના પર હુમલો કર્યો હતો.

ભાજપનું એક જૂથ ત્યાં હાજર હતું અને હુમલો થયા બાદ બંને પક્ષ વચ્ચે જોરદારની મારપીટ થઈ હતી અને અનેક કાર્યકરો ગંભીર રીતે ઘવાયા હતા. વાત આટલેથી જ ન અટકતાં અન્ય જિલ્લાઓમાં પણ તોડફોડ કરવામાં



આવી હતી. અગરતલા, બિશાલગઢ અને કૈથલા ખાતે સીપીએમના કાર્યાલયોને આગ ચાંપી દેવામાં આવી હતી અને ભારે તોડફોડ કરવામાં આવી હતી.

# કેરલના 14 શખ્સ અફઘાનિસ્તાન પહોંચ્યા બાદ ‘જેહાદી’ બની જતાં ભારત તણાવમાં

## ગુપ્ત એજન્સીઓએ આપી માહિતી, ભારતને બદનામ કરવાનો ISનો ચક્રવ્યૂહ

**હૈદરાબાદ**

કાબુલ એરપોર્ટ ઉપર થયેલા વિસ્ફોટો પછી એક એવા સમાચાર મળ્યા છે કે જેથી ભારતની ચિંતા વધી ગઈ છે. કાબુલ ઉપર કબજો જમાવ્યા પછી તાલિબાનોએ જે કેદીઓને છોડાવ્યા તેમાં ૧૪ કેરલવાસીઓ પણ હતા. તેઓ ઈસ્લામિક સ્ટેટ-ઓફ ખુરાસત પ્રાંતમાં જોડાઈ ગયા હોવાની ગુપ્તચર એજન્સીઓએ માહિતી આપી છે. તેટલું જ નહીં પરંતુ જેલમાંથી છૂટી ISKP સાથે જોડાયા પછી તેઓ ISKP તરફથી કાબુલમાં વધુ વિસ્ફોટો કે બહુ જ મોટો વિસ્ફોટ માટેની સાજિશ કરી રહ્યા છે. તે ત્યાં સુધી કે તેમણે ૨૬ ઓગસ્ટના દિવસે કાબુલ સ્થિત તુર્કમેનિસ્તાન દુતાવાસ બહાર એક IED ડીવાઈસ દ્વારા વિસ્ફોટ કરવા પ્રયત્ન કર્યો હતો. જે નિષ્ફળ બનાવવામાં આવ્યો પરંતુ તેમાં બે પાકિસ્તાની પણ પકડાયા હોવાના સમાચાર મળ્યા છે.

પ્રાપ્ત અહેવાલો પ્રમાણે કાબુલ અત્યારે હક્કાની નેટવર્કના તાબામાં છે. તે બધા મૂળ તો અફઘાનિસ્તાન-પાકિસ્તાનની સીમાના ઉપરના નંગરફાર પ્રાંતના છે અને તેમનો જલાલાબાદ તથા કાબુલ બંને ઉપર પણ કબજો છે. તેઓ નંગરહાર પ્રાંતમાં પણ સક્રિય છે. તે બધા પહેલાં હક્કાની નેટવર્ક સાથે કામ કરતા હતા. તે સર્વવિદિત છે કે, શુક્રવારે કાબુલમાં થયેલા વિસ્ફોટમાં આશરે ૨૦૦થી વધુનાં મૃત્યુ થયાં હતા, જેમાં અમેરિકાના ૧૩ સૈનિકો પણ સમાવિષ્ટ છે.

# કેબિનેટના નિર્ણય બાદ ગુજરાત સહિત આઠ રાજ્યને થશે ફાયદો

**નવી દિલ્હી**

કોરોના સંકટનો સામનો કરી રહેલ કાપડ ઉદ્યોગને સરકાર તરફથી મોટી રાહત મળી છે. કેન્દ્રીય કેબિનેટે બુધવારે ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી માટે PLI સ્કીમને મંજૂરી આપી દીધી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આ કેબિનેટની મહત્ત્વની બેઠક યોજાઈ હતી. કેબિનેટના નિર્ણય અનુસાર, ટેક્સટાઈલ સાથે જોડાયેલ 10 અલગ-અલગ ઉત્પાદો માટે આગામી 5 વર્ષ સુધી 10,683 કરોડ રૂપિયાથી વધુનું પેકેટ આપવામાં આવશે. આ પેકેજમા ટીયર 2-3ના વિસ્તારોમાં આવેલી કંપનીઓને વધારે પ્રાથમિક્તા આપવામા આવશે. મેનમેડ ફાઈબર અપેરલ અને ટેક્નિકલ ટેક્સટાઈલ માટે PLIને મંજૂરી મળી છે. ટેક્સટાઈલ સેક્ટરમાં PLI સ્કીમને મંજૂરી મળ્યા બાદ આત્મનિર્ભર ભારતનો પાયો મજબૂત બનશે. આથી ભારતીય કંપનીઓ વૈશ્વિક બજારમાં ચેમ્પિયન બનીને ઉભરશે અને સાથે જ ગ્રામીણ ક્ષેત્રમાં રોજગારનું સૃજન થશે. જોકે માત્ર ભારતમાં જ રજિસ્ટર મેન્યૂફેક્ચરિંગ કંપનીઓ જ તેના માટે પાત્ર રહેશે. કેન્દ્રીય મત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, ટેક્સટાઈલ ક્ષેત્ર માટે લેવાયેલા નિર્ણયથી હજારો લોકોને સીધો રોજગાર મળશે. સરકાર અનુસાર, 7.5 લાખ લોકોને રોજગાર મળી જશે.

# યુપી વિધાનસભામાં નમાઝ માટે રૂમ, બિહારમાં હનુમાન ચાલીસાની છુટની માગણી

**પટના**

પટના : ઝારખંડ વિધાનસભાના પરિસરમાં એક રૂમ નમાઝ માટે ફાળવવામાં આવ્યો છે. જેને પગલે હવે અન્ય રાજ્યોમાં પણ વિધાનસભામાં વિવિધ ધાર્મિક મુદ્દાઓ ઉઠવા લાગ્યા છે. ઉત્તર પ્રદેશના સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય ઈર્ફાન સોલંકીએ માગણી કરી છે કે ઉ. પ્રદેશ વિધાનસભામાં પણ એક રૂમ નમાઝ માટે ફાળવવામાં આવે. બીજી તરફ બિહારના ભાજપના ધારાસભ્ય હરી ભુષણ ઠાકુર બચૌલે માગણી કરી છે કે વિધાનસભા પરીસરમાં અલગ રૂમ ફાળવીને જો નમાઝ પઢવાની અનુમતી આપવામાં આવતી હોય તો વિધાનસભામાં અમને હનુમાન ચાલીસાના પાઠ કરવાની અનુમતી આપવામાં આવે.

# અનિલ અંબાણીને રૂ.4600 કરોડ ચૂકવવા દિલ્હી મેટ્રો રેલને આદેશ

**મુંબઈ**

દેવામાં ડૂબેલા અનિલ અંબાણી માટે 9 સપ્ટેમ્બરનો દિવસ રાહતના સમાચાર લઈને આવ્યો છે. અનિલ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડને દિલ્હી મેટ્રોલ રેલ કોર્પોરેશન વિરુદ્ધ 4 વર્ષની કોર્ટની લડાઈ બાદ આખરે જીત મળી છે. આ જીત અનિલ અંબાણી માટે એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે હાલ તેમની કંપનીને પૈસાની ખૂબ જ આવશ્યક્તા છે. હકીકતમાં 2008માં રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે દિલ્હી મેટ્રો સાથે દેશની પ્રથમ ખાનગી સિટી રેલ સેવા ચલાવવા માટે સમજૂતિ કરી હતી. જે મુજબ 2038 સુધી આ પ્રોજેક્ટ રિલાયન્સના હાથમાં રહેવાનો હતો. જો કે 2012માં ફી અને ઑપરેશન બાબતે વિવાદ થયા બાદ અનિલ અંબાણીની કંપનીએ દિલ્હી એરપોર્ટ મેટ્રો પ્રોજેક્ટનું કામ સ્થગિત કરી દીધુ હતું. આટલું જ નહીં, અંબાણીની કંપનીએ દિલ્હી મેટ્રો વિરુદ્ધ કરાર તોડવાનો આરોપ મૂકીને આર્બિટ્રેશન કેસ દાખલ કર્યો હતો અને ટર્મિનેશન ફી માંગી હતી. 2017માં આર્બિટ્રેશન ટ્રિબ્યૂનલે DMRC વિરુદ્ધ આદેશ આપ્યો હતો.

# મુંબઈમાં ગણેશ મંડપમાં શ્રદ્ધાળુને જવા પર પ્રતિબંધ, 144 લાગૂ કરવાનો આદેશ

**મુંબઈ**


મહારાષ્ટ્રમાં ગણેશોત્સવનું ખાસ મહત્વ રહેલું છે. મુંબઈમાં લોકો દ્વારા દર વર્ષે આ તહેવારને ધામધૂમથી ઉજવવામાં આવે છે. મહારાષ્ટ્રના મુંબઈમાં ગણેશ મહોત્સવને લઈને તંત્ર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. એક બાજુ 10 તારીખથી ગણેશ ઉત્સવ શરૂ થઈ રહ્યો છે તો બીજી તરફ કોરોના દરવાજા પર દસ્તક દઈ રહ્યો છે. જેના પગલે તંત્ર દ્વારા કોરોનાને લઈને એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. મુંબઈમાં ગણેશ મહોત્સવને લઈને 10થી 19 સપ્ટેમ્બર સુધી કલમ 144 લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે અને સાથે સાથે ગણપતિ પંડાલોમાં શ્રદ્ધાળુને ન જવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

# યુએઈમાં રમાનાર ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ જાહેર

## BCCIનો નવો પ્રયોગ : કોચ શાસ્ત્રી ઉપરાંત 'મેન્ટર' તરીકે ધોનીની નિમણૂક : ધવનની બાદબાકી

**મુંબઈ**

યુએઈમાં ઓક્ટોબર-નવેમ્બરમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. વિરાટ કોહલીની કેપ્ટન્સી હેઠળની ભારતીય ટીમમાં ગુજરાતના ચાર ખેલાડીઓ જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ અને હાર્દિક પંડયાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે તાજેતરના શ્રીલંકા પ્રવાસમાં ટીમના કેપ્ટન બનાવાયેલા ધવનને પડતો મૂકવામાં આવ્યો છે. બીસીસીઆઈએ નવો પ્રયોગ કરતાં કોચ શાસ્ત્રી ઉપરાંત ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને ટીમના મેન્ટર તરીકે જાહેર કર્યો છે. યુએઈમાં ૧૭મી ઓક્ટોબરથી ટી-૨૦ વર્લ્ડ કપનો પ્રારંભ થશે. જેમાં ખરાખરીના મુકાબલા ૨૩ ઓક્ટોબરથી શરૂ થશે. ટી-૨૦ વર્લ્ડ કપમાં નિશ્ચિત મનાતા વોશિંગ્ટન સુંદરને ઈજાના કારણે પડતો મૂકવામાં આવ્યો હોવાનું મનાય છે. આ ઉપરાંત યઝવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ અને કૃણાલ પંડયાને પણ નજર અંદાજ કરવામાં આવ્યા છે.



### ભારતની ટી-૨૦ વર્લ્ડ કપની ટીમ

કોહલી (કેપ્ટન), રોહિત શર્મા (વાઈસ કેપ્ટન), કે.એલ. રાહુલ, સૂર્યકુમાર યાદવ, રિષભ પંત (વિ.કી.), ઈશાન કિશન (વિ.કી.), હાર્દિક પંડયા, રવિન્દ્ર જાડેજા, રાહુલ ચાહર, આર.અશ્વિન, અક્ષર પટેલ, વરૂણ ચક્રવર્થી, જસપ્રીત બુમરાહ, બી.કુમાર, શમી. સ્ટેન્ડ બાય પ્લેયર્સ : શ્રેયસ ઐયર, શાર્દૂલ ઠાકુર અને દીપક ચાહર.

### ધોની ટીમ ઈન્ડિયાનો નવો કોચ બનશે ?

ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં પહેલી વખત ટીમના મેન્ટરની પસંદગી કરવામાં આવી છે. મહેન્દ્રસિંહ ધોનીને ટીમના મેન્ટર તરીકે નિયુક્ત કર્યા છે. ચીફ કોચ શાસ્ત્રી અને સપોર્ટ સ્ટાફની સાથે કામ કરવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે. જે જોતા શાસ્ત્રી બાદ ધોનીને ટીમ ઈન્ડિયાનો કોચ બનાવવામાં આવશે તેવી ચર્ચા ક્રિકેટ જગતમાં શરૂ થઈ છે.

## ટી-૨૦ વર્લ્ડ કપ માટે પાકિસ્તાનની ટીમ જાહેર શોએબની બાદબાકી

**લાહોર**

પાકિસ્તાને ન્યૂઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ સામે રમાનારી ઘરઆંગણાની શ્રેણી તથા ટી૨૦ વર્લ્ડ કપ માટે પોતાની ટીમને જાહેર કરી દીધી છે જેમાં સિનિયર ખેલાડી શોએબ મલિકનો સમાવેશ કરાયો નથી.

પાકિસ્તાનની ટીમઃ બાબર આઝમ (સુકાની), શાદાબ ખાન, મોહમ્મદ રિઝવાન, આસિફ અલી, શોએબ મકસૂદ, આઝમ ખાન, ખુશદિલ શાહ, મોહમ્મદ હફીઝ, મોહમ્મદ નવાઝ, મોહમ્મદ વસીમ જૂનિયર, શાહિન આફ્રિદી, હેરિસ રઉફ, હસન અલી, ઈમદ વસીમ, મોહમ્મદ હુસનૈન.

# ભારતે ૩૫ વર્ષ બાદ ઈંગ્લેન્ડમાં બે ટેસ્ટ જીતી

## સુકાની તરીકે ઈંગ્લેન્ડમાં હાઇએસ્ટ વિજય મેળવનાર કોહલી પ્રથમ ભારતીય બન્યો

**। લંડન ।**

ભારતે ચોથી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડને ૧૫૭ રનથી હરાવીને પાંચ ટેસ્ટ મેચની શ્રોણીમાં ૨-૧ની લીડ મેળવી લીધી છે. આ રીતે હવે ભારત શ્રેણી ગુમાવશે નહીં તે સુનિૃતિ થઈ ચૂક્યું છે. ભારતે આપેલા ૩૬૮ રનના ટાર્ગેટ સામે ઈંગ્લેન્ડનો બીજો દાવ ૨૧૦ રનમાં સમેટાઈ ગયો હતો. યજમાન ટીમ તરફથી ઓપનર હસીબ હમીદે સર્વાધિક ૬૩ રન બનાવ્યા હતા. રોહિત શર્માને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ભારત માટે ઉમેશ યાદવે ૬૦ રનમાં ત્રણ, બુમરાહે ૨૭ રનમાં બે, શાર્દુલ ઠાકુરે ૨૨ રનમાં બે તથા જાડેજાએ ૫૦ રનમાં બે વિકેટ ખેરવી હતી. ઈંગ્લેન્ડની ધરતી ઉપર ભારતે માત્ર બીજી વખત એક જ શ્રોણીમાં બે ટેસ્ટ જીતી છે. આ પહેલાં ૧૯૮૬માં કપિલ દેવની કેપ્ટનશિપ હેઠળ ભારતે આ સિદ્ધિ મેળવી હતી.

### ભારતના દરેક ખેલાડીનો કોરોના રિપોર્ટ નેગેટિવ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેન પાંચમી ટેસ્ટ મેચ પહેલા સંકટના વાદળો ફેલાઈ રહ્યા છે. ભારતીય ક્રિકેટ ટીમમાં કોરોના વાયરસના કેસ વધતા જઈ રહ્યા છે. ત્યારે હાલમાં એક સારા સમાચાર સામે આવી રહ્યા છે. સમાચાર એવા છે કે મૈનચેસ્ટર ટેસ્ટના એક દિવસ પહેલા ભારતના દરેક ખેલાડીનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. ભારતીય ટીમના કેટલાક સભ્યોને કોરોના થતા દરેક ખેલાડીનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. હાલમાં તમામ ખેલાડી હોટલમાં પોતાની રૂમમાં આઈસોલેશનમાં છે. હાલમાં જ ખેલાડીઓનો રિપોર્ટ આવ્યો છે.જેમાં તમામ ખેલાડીને નેગેટિવ છે.

## ન્યૂઝી.ને ૩-૧થી હરાવીને બાંગ્લાદેશે ત્રણ મહિનામાં ત્રીજી શ્રેણી જીતી

**। ઢાકા ।**

મેન ઓફ ધ મેચ બનેલા નાસુમ એહમદે ચાર વિકેટ ઝડપ્યા બાદ મહમુદુલ્લાહે અણનમ ૪૩ રન નોંધાવતા બાંગ્લાદેશે અહીં રમાયેલી ચોથી ટી૨૦ ઈન્ટરનેશનલ મેચમાં ન્યૂઝીલેન્ડને ૭ વિકેટે પરાજય આપીને પાંચ મેચની શ્રોણીને ૩-૧થી જીતી લીધી હતી. આ સાથે બાંગ્લાદેશે છેલ્લા ત્રણ મહિનામાં ઘરઆંગણે સતત ત્રીજી શ્રોણી જીતી છે. આ પહેલાં બાંગ્લાદેશે જુલાઈમાં ઝિમ્બાબ્વેને ૨-૧થી તથા ઓગસ્ટમાં ઓસ્ટ્રેલિયાના ૪-૧થી પરાજય આપ્યો હતો. બાંગ્લાદેશ માટે મુસ્તાફિઝુર રહેમાને ૧૨ રનમાં ચાર વિકેટ ખેરવી હતી.


# કેનેડાની લેલા ફર્નાન્ડિઝ સેમિફાઇનલમાં 2005 બાદ પહોંચેલી યંગેસ્ટ પ્લેયર બની



કેનેડાની ૧૯ વર્ષીય લેલા ફર્નાન્ડિઝ ભારે સંઘર્ષપૂર્ણ મુકાબલામાં પાંચમી ક્રમાંકિત ઇલેના સ્વિટોલિનાને હરાવીને યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સની ઔસેમિફાઇનલમાં પહોંચનાર યંગેસ્ટ પ્લેયર બની ગઈ છે. આ પહેલાં ૨૦૦૫માં રશિયાની મારિયા શારાપોવા ૧૮ વર્ષની વયે ફલશિંગ મિડોઝ ખાતે રમાતા વર્ષના છેલ્લા ગ્રાન્ડસ્લેમના અંતિમ-૪માં પ્રવેશેલી યંગેસ્ટ પ્લેયર બની હતી. આર્થર એસ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં લેલા ફર્નાન્ડેઝે યુક્રેની સ્વિટોલિનાને ૬-૩, ૩-૬, ૭-૬ (૭-૫)થી હરાવી હતી. ફર્નાન્ડેઝે સેમિફાઇનલ સુધીની સફરમાં યુએસ ઓપનની ભૂતપૂર્વ ચેમ્પિયન નાઓમી ઓસાકા તથા એન્જલિક કેબરને હરાવી હતી. ફર્નાન્ડિઝનો અંતિમ-૪માં આર્યના સબાલેન્કો સામે મુકાબલામાં થશે જેણે ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન બારબોરા ક્રેઝિસિકોવાને સીધા સેટમાં ૬-૧, ૬-૪થી હરાવી હતી.

## ૨૧ વર્ષીય ફેલિક્સ પણ અંતિમ-૪માં પ્રવેશ્યો

સ્પેનનો ૧૮ વર્ષીય કાર્લોસ અલ્કારેઝે મુકાબલાને અધવચ્ચેથી પડતો મૂકતા કેનેડાનો ૨૧ વર્ષીય ફેલિક્સ એગર એલિયાસિમે પણ મેન્સ સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ્યો હતો. ફેલિક્સ ૬-૩, ૩-૧ના સ્કોરથી આગળ હતો ત્યારે અલ્કારેઝના પગના સ્નાયુ ખેંચાઈ જવાના કારણે તેને મેચમાંથી ખસી જવાની ફરજ પડી હતી. ફેલિક્સ ૧૯૬૩ બાદ મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવનાર યંગેસ્ટ પ્લેયર બન્યો હતો. સેમિફાઇનલમાં તેનો મુકાબલો રશિયાના ડેનિયલ મેડવેડેવ સામે થશે જેણે નેધરલેન્ડ્સના ક્વોલિફાયર બોટિક વાન ડી જેન્ડ્સકલ્પને ૬-૩, ૬-૦, ૪-૬, ૭-૫થી હરાવ્યો હતો. મેડવેડેવ સતત ત્રીજા વર્ષે યુએસ ઓપનની સેમિફાઇનલમાં રમશે.

# વિધાર્થીઓએ નારો લગાવ્યો, 'નેહરુચાચા ઝિંદાબાદ, અમારે જોઈએ મહાગુજરાત

ગતાંકથી શરૂ...

જનતા પરિષદની સભામાં શહેરના દરેક વૉર્ડમાં સરઘસો કાઢીને લૉ કૉલેજના મેદાન ઉપર પહોંચવું તેવી ગોઠવણ થઈ હતી. જ્યારે ગુજરાતના ગામેગામથી લોકો અમદાવાદ આવતા હતા. ૨-૧૦-૫૬ના રોજ પંડિત નેહરુએ લાલ દરવાજા મેદાનમાં મળેલી જંગી જાહેરસભામાં પ્રવચન કરતાં જણાવ્યું કે, 'ગુજરાત, મહારાષ્ટ્ર અને મુંબઈ અલગ થાય તે સારું નથી. તેમ છતાં હું શું કરું ? મહારાષ્ટ્રના લોકોએ નવો વિચાર કર્યો, તેમાં હું સંમત થઈ ગયો એટલું મારે કબૂલવું પડશે. આ વાતની જનતાને જાણ કરવાનો સમય ન મળ્યો અને નિર્ણય લેવાઈ ગયો તેનું મને દુઃખ થયું છે, પરંતુ બીજો છૂટકો ન હતો.' પંડિત નેહરુના આ પ્રવચનની ભાષા અને મોરારજીભાઈ અને ઠાકોરભાઈની ભાષાની વચ્ચે જે ફરક જણાતો હતો, તેની પણ ગુજરાતની પ્રજાએ નોંધ લીધી હતી. પંડિત નેહરુ સમજાવટથી ભાષા વાપરતા હતા. જ્યારે મોરારજીભાઈ અને ઠાકોરભાઈ ધમકીની ભાષા વાપરતા તેમ હાજર જનતાને લાગ્યું. તેમની સામે વિરોધ વ્યક્ત કર્યો.

### ઈંદુલાલની પ્રચંડ સભા

બરાબર આ જ સમયે લૉ કૉલેજના મેદાનમાં જનતા પરિષદે બોલાવેલ સમાંતર સભા ચાલતી હતી. આ સભામાં શ્રોતાઓની સંખ્યા લગભગ ચાર લાખની હતી, કેમ કે અમદાવાદ શહેર અને ગુજરાતનાં ગામેગામથી લોકો હાજર રહ્યા હતા. આ સભામાં પ્રવચન કરવા સૌ આગેવાનો ઉત્સુક હતા અને તેથી કોણે પ્રવચન કરવું તે અંગે કંઈક મતભેદો પડયા હતા. છેવટે એમ નક્કી થયું કે, દરેક જૂથ વતી એક જણ બોલે તેથી ઈંદુલાલ યાજ્ઞિક, કરસનદાસ પરમાર, હિંમતલાલ શુક્લ, સનત મહેતા અને હરિહર ખંભોળજાએ પ્રવચનો કર્યાં અને લગભગ કલાક સુધી આ સભા ચાલેલી. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ અને જૈન મુનિઓની મોટી હાજરીએ લોકોનું ખાસ ધ્યાન આ સભામાં ખેંચ્યું હતું. ઘણી મોટી સંખ્યામાં બહેનો પણ હાજર હતી. મંચ ઉપર પાછળ મહાગુજરાતનો એક વિશાળ નકશો રાખવામાં આવ્યો હતો, જેને દીપમાળાઓથી શણગારવામાં આવ્યો હતો અને તેની મધ્યમાં ગાંધીજીની તસવીર મૂકવામાં આવી હતી. મંચ ઉપર એક તરફ રાષ્ટ્રધ્વજ અને બીજી બાજુ શહીદોની યાદમાં કાળો વાવટો ફરકાવવામાં આવ્યો હતો. સભામાં વક્તાઓએ જણાવ્યું કે, ગુજરાતના વિદ્યાર્થીઓને કોઈ પણ સ્ટીમ રોલર દબાવી શકશે નહીં.




ઘણી મોટી સંખ્યામાં બહેનો પણ હાજર હતી. મંચ ઉપર પાછળ મહાગુજરાતનો એક વિશાળ નકશો રાખવામાં આવ્યો હતો, જેને દીપમાળાઓથી શણગારવામાં આવ્યો હતો અને તેની મધ્યમાં ગાંધીજીની તસવીર મૂકવામાં આવી હતી.

### જવાહરલાલ નેહરુ અને વિદ્યાર્થીઓ

વડા પ્રધાન જવાહરલાલ નેહરુને સાંભળવા માટે વિદ્યાર્થીઓની એક ખાસ સભા કૉંગ્રેસ તરફથી યોજવામાં આવી હતી. આ સભામાં વિદ્યાર્થીઓ શાંત અને શિસ્તબદ્ધ બેઠા હતા. સભામાં જવાહરલાલજી આવી પહોંચતાં જ બહુજન વિદ્યાર્થીઓની મેદનીએ મહાગુજરાતને લગતા અને ગોળીબારની તપાસનાં સૂત્રો પોકાર્યાં. પંડિતજીએ પ્રવચન શરૂ કર્યું તે દરમિયાન તેઓ ખૂબ ગુસ્સામાં આવી જતા અને છતાં કોઈ વાર વિદ્યાર્થીઓની મક્કમતા જોઈને આનંદમાં પણ આવી જતાં. સભામાં પોલીસે દરમિયાનગીરી કરવાં જતાં પંડિતજીએ પોલીસને બેસી જવાનો આદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓને દિલથી અપીલ કરતાં પંડિતજીએ કહ્યું કે, 'હું કંઈ આ દેશનો બાદશાહ નથી. દેશે મને વડા પ્રધાન બનાવ્યો અને તેથી લોકસભાનો નિર્ણય મારે માથે ચડાવવો જોઈએ. પાંચ વર્ષ પછી ફેરવિચારણા કરી શકો તેમ છો અને તે રીતે તમે મહાગુજરાત મેળવી શકો છો.' કૉમર્સ કૉલેજના મેદાન પર ગુજરાત યુનિવર્સિટી તરફથી બોલાવાયેલી આ સભામાં પંડિતજીએ પ્રવચન કર્યું, પરંતુ હકીકતમાં પ્રવચનને બદલે તેમની અને વિદ્યાર્થીઓની વચ્ચે લગભગ વાર્તાલાપ થયો હતો. વિદ્યાર્થીઓએ જોરદાર નારો લગાવ્યો કે, 'નેહરુચાચા ઝિંદાબાદ, અમારે જોઈએ મહાગુજરાત.' જતાં જતાં પંડિતજીએ પ્રેમથી કહ્યું કે, 'હું તમારાથી નારાજ થઈને જતો નથી. તમને મળીને ખુશ થયો છું. તમે જયહિંદ સૂત્રને ભૂલી જવા માગો છો ?' જવાબ મળ્યો, ''ના''. પંડિત નેહરુએ કહ્યું કે, 'બોલો જયહિંદ.' ત્રીસ હજાર વિદ્યાર્થીઓ બોલી ઊઠયા 'જયહિંદ'. પંડિત નેહરુના આ વલણની લોકોએ ભારે પ્રશંસા કરી.

### સંપર્ક તૂટયો છે

તે જ દિવસે કૉંગ્રેસ કારોબારી સમક્ષ બોલતાં પંડિતજીએ સ્પષ્ટ કહ્યું કે, 'ગુજરાતની જનતા અને કૉંગ્રેસના નેતાઓ વચ્ચેનો સંપર્ક તૂટી ગયો છે. કૉંગ્રેસ કાર્યકરોએ લોકોના શત્રુ બનીને નહીં, પરંતુ સાથી બનીને રહેવું જોઈએ. લોકસભાના કૉંગ્રેસી સભ્યો આંખ મીચીને મને અનુસરે તેમ ઈચ્છતો નથી. જે જનતા અને તમારી વચ્ચે ઊભી થયેલી છે તેની જવાબદારી કોની છે ?' પંડિત નેહરુના આવા ભાષણથી ગુજરાતના કૉંગ્રેસીઓ વિચારમાં પડી ગયા હતા. સૌરાષ્ટ્રમાં પણ લડતનો પ્રચાર ચાલુ જ હતો. જશવંત મહેતાએ મહુવાની વિશાળ જાહેરસભામાં જણાવ્યું કે, લોકશાહીમાં કોઈ નિર્ણય આખરી નથી. જનતાની લાગણીને માન આપીને મહાગુજરાતની રચના કરવી જ પડશે.

**(માહિતી સૌજન્ય : ડો. વિજ્યા યાદવ)**

દેવેન્દ્ર પટેલ સંપર્ક :+91 98792 07102

PANCHVATI SUPERMARKET
www.panchvatisupermarket.ca




સર્વે ભાઈ અને બહેનોને
ગણેશ ચતુર્થી અને
સંવત્સરીની શુભકામનાઓ

મીઠાઈઓ, ગીફ્ટ બોક્સ
તેમજ પૂજાની સામગ્રી મળશે
તો આજે જ લાભ ઉઠાવો

| MISSISSAUGA | BRAMPTON | SCARBOROUGH | ETOBICOKE | AJAX |
|---|---|---|---|---|
| 169 Dundas St. E, Unit# 1 to 4, Mississauga, ON L5A 1W8 | 8814 The Gore Road, Unit 4-8, Brampton, ON L6P 0B1 | 2141 Ellesmere Road, Behind Scotia Bank Scarborough, ON M1G 3M6 | 3-45 Woodbine Downs Blvd, Etobicoke, ON M9W 6N5 | 18, Harwood Ave. South, Ajax, ON L1S 6N2 |
| Call : 905-232-3955 | Call : 905-794-5372 | Call : 416-439-9393 | Call : 416-213-9394 | Call : 905 426 2499 |

SCARBOROUGH 1255 Markham Rd, Scarborough, ON M1H 2Z5 · Call : 416-289-6988

# SOLD YES

## SELL YOUR HOME FAST & TOP $$$

- ✓ Marketing : Interment / Online Marketing, Full MLS, Facebook, Instagram, E-Blast, Whats App, Relator Network, Radio, Sponsored Ad, Local News Paper
- ✓ Competitive Commission Package ( Low commission Option Available)
- ✓ Help for Best Mortgage Arranged for Buyers
- ✓ First time Home Buyer
- ✓ New Immigration

**FREE** Home Market Evaluation

**FREE** Home Staging Consultation

**FREE** virtual Tour with Photos

**OPEN** House Until Sold

## I Sell For More!

HOT MARKET
LOW/STABLE INTERST RATE

Google Customer Reviews ★★★★★



# Pranay Jani

Real Estate Broker

## 416-258-5264

pranayjanig1@gmail.com

Pranayjani (Facebook) Pranayjanig1 (Instagram)

# Call Toh Karna Hi Hoga!

HOMELIFE HIGHER STANDARDS
G1 REALTY INC. Brokerage
Each Office Independently Owned & Operated

2260, Bovaird Dr. E, Unit 202, Brampton ON L6R 3J5
T 905-793-7797 F. 905-593-2619
www.pranayjani.com



# Dr. Salim Kapadia DDS
Dental Centre

2020 readers' choice Awards PLATINUM

Your Perfect Smile... Is Our Greatest Satisfaction!




## SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges (Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

**416-321-3268**



# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



## MOTEL KING : Specializing in Selling Motels: LIST & SELL with confidence

| | |
|---|---|
| **18 Room Motel Near Pembroke - SOLD**<br>1.5 hrs from Ottawa / 4 hrs from GTA | **13 Room Motel Near Ottawa - $950,000**<br>Within the city, 3 rooms with full kitchenette<br>Low operating costs. All amenities near by |
| **42 Room Motel Near Timmins - $1,300,000**<br>On Hwy 11, Within the city, indoor corridor | **27 Room Motel in Thunder Bay - $1,999,000**<br>**60 Room Motel in Thunder Bay - $2,000,000** |
| **Small to Mid-Size Motels in Northern Ontario**<br>Price: $1,300,000 to $2,500,000 | **35+ Room Motel Near Sault Ste. Marie - $2,200,000**<br>VTB available, 40% down payment require from buyer |
| **Other 15 to 40 Room motels coming up for sale**<br>Price: $1M to $4.5M Buyers to have 40%-50% down payment | **Recently SOLD Motels Near**<br>Welland, London, Sarnia, North Nay, Cochrane, Sudbury, Pembroke |

**Motel Job or Working Partner opportunity**

**@ Experienced Motel Operator:** to run motel in northern Ontario, English & computer knowledge require. Good salary.
**@ Working Partner:**willing to invest minimum $200K, offering 25% to 50% partnership + management salary to run the motel in north

**SERIOUS BUYERS**: you must need about 35% down payment & to sign buyer representation agreement.
Call for personal meeting to see motel's financial & to discuss mortgage options. Private finance available.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100